પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

# પાંખડીઓ

ન્હાનાલાલ દલપતરામ કવિ

Guj. Uni. Library
191925

વિ. સં. ૧૯૮૬ ઈ. સ. ૧૯૩૦

સવા બે
કીંમત [redacted] રૂપીઆ

કર્તાને માટે રજીસ્ટર્ડ

પ્રકાશક: ન્હાનાલાલ દલપતરામ કવિ,
ભદ્ર, અમદાવાદ, નં. ૧

આવૃત્તિ ૧ લી ૧૯૩૦ પ્રત ૧૧૦૦

૧૯૧૯૨૫

૧૯૨૭ ની સાલ પછી પ્રેમભક્તિ–ગ્રન્થમાળાના પ્રત્યેક ગ્રન્થની પ્રત્યેક પ્રત ઉપર કર્તાની ટૂંકી સહી હોય છે.

મુદ્રક: શંકરરાય અમૃતરાય
મુદ્રણસ્થાન: જ્ઞાનમન્દિર મુદ્રણાલય
રાયપુર, જાધેશ્વરની પોળ પાસે–અમદાવાદ.

ચોપાટીને આરે કે ચોરવાડને સાગરકાંઠે બેસીને પ્રહરો પર્યન્ત જલલહરીઓ ગણવી અને એમના અર્થસન્દેશ ઝીલવા ત્હને ગમતા.

એ લહરીઓમાં સાગરના શબ્દ તું સાંભળતો.

વાલુકેશ્વરનો પહાડનો પડદો એક વાર તો ત્હને ડોલતો દેખાયો કે જાણે હમણાં ઉપડશે ને પાછળનાં દર્શન કરાવશે.

ગુજરાતને ત્હારે તેજસ્વી ગુણગરવું સૌન્દર્યશણગાર્યું જોવું હતું. સંસારમાં તું સ્વર્ગ રચતો. લોક ત્હને સ્વર્ગનો ઇજારદાર કહી હસતા.

ત્હારા જેવા મ્હને પણ મનોરથો છે.

પહાડના પડદા ઉપાડી પાછળ દર્શન કરવાના ત્હારે હતા ને મ્હારે યે કોડ છે. વિશ્વભેદોની વાડીઓમાં રમવાના અક્ષરવિહારી કોકને જ અભિલાષ ન હોય. ગુજરાતનો ગુણસોહાગ એ તો ગુજરાતીઓનો ત્રિકાળનો દેશધર્મ છે.

ત્હારા જેવા મ્હને પણ મનોરથ છે ને તે તું જાણતો. ત્હારા અધૂરા રહ્યાઃ મ્હારા પૂરાશે ? કે જગતના કેટલાક ભેદોની ચાવીઓ જગતકર્તાએ પોતા કને જ રાખી છે ?

અગમ્યના ખોજનાર, અનન્તના ઓ યાત્રાળુ! **સુન્દરના સપૂત અમૃત** ! નવયુગના ઓ **પ્રતિહાર** ! તુજથી અજાણ્યું ક્ય્હાં છે કે સૂર્યકિરણો કેટકેટલે આઘેથી ઉતરી પૃથ્વી ઉપર વરસે છે ? ત્ય્હાંથી વરસજે ત્હારાં કિરણો; અને આ અણુકિરણોમાં અન્ધારાં હોય ત્ય્હાં ત્હારાં તેજકિરણોનો પ્રકાશ પૂરજે.

તું ઉદ્ધારધર્મીલો હતો. આ પાંખડીઓને યે સ્વીકારજે ને ઉદ્ધારજે.

લોક ત્હને ભૂલતું જાય છે; ત્હને ભૂલે છે એ અમૃતને ભૂલે છે. અમારાથી તો ત્હને ભૂલ્યો યે ભૂલાય એવું ક્ય્હાં કાંઇ ઉણું રાખીને તું ગયો છે ?

**માથેરાનઃ**

**વૈશાખી અમાવાસ્યા, વિ. સં. ૧૯૮૬**

# પ્રસ્તાવના

આ ફૂલહાર નથી, ફૂલહિન્ડોળો નથી, ફૂલમંડળી નથી. આ ફૂલે નથી, પાંખડીઓ છેઃ શારદમન્દિરે સેવાપૂજા કરતાં વેરાયેલી આત્માનાં ફૂલની પાંખડીઓ. ફૂલપાંખડીઓમાં સુગન્ધ હોય, રેખાઓમાં આછાપાતળા અક્ષરો હોય. પાંખડીઓમાં સુકુમારત્વ હોય, ભભકાર ન હોય.

આ તેજ નથી, તેજઅણુઓ છે. યજ્ઞકુંડની યજ્ઞશિખાઓ ઉછળે છે ત્હારે મંહીથી કોઇ કોઇ સ્ફુલિંગો ઉડે છેઃ એથી યે ઝીણેરા આ અણુકિરણો–Electrones છે. કોઇક હોલવાઇ જશે કોઇક ઉડીને કો ઉરની કર્પુરઆરતીને પ્રગટાવે પણ ખરા.

હીરાના હાર રચતાં કરચો પડે છે. એ કરચો એકઠી કરીને જડિયાસોની હારધણીને આપી જાય છે. આ ન્હાનકડો સંગ્રહ એ ભાવથી ગુર્જરજનતાને અર્પું છું. આ હીરા નથી, હીરાની કરચો છે

આમાંની દશેક વાર્તાઓ—આ પ્રસંગો છે. આમને વાર્તાએ કહેવી યે યોગ્ય નથી.–લખાયે પાંચેક વર્ષો થયાં. સતીનાં ચિતાલગ્ન અને સર્વમેધ યજ્ઞ કવિતારંગે રંગેલી ૨૦ મી સદીના ગુજરાતની બનેલી કથાઓ છે. બે વાર્તાઓ, વ્રતવિહારિણી ને વીણાનતાર, બત્રીશ વર્ષ પૂર્વે–૧૮૯૮–૯૯ માં મૂળ લખાયેલી છે. આટઆટલાં વર્ષો આ વાર્તાઓને ગુજરાતની દૃષ્ટિથી છૂપાવી એથ કદાચ ગુજરાતને અન્યાય કર્યો કોઇક કહેશે. પણ સાહિત્યસેવાન એ મ્હારી જૂની ટેવ છે. આંબેથી તોડીને તરત હું કેરી જનતાને આપતો નથીઃ પાકકાળે કેરી પાકે ત્હારે આપું છું.

અને આ વેળાના વિલંબનું તો એક બીજું પણ કારણ છે ઇ. સ. ૧૯૨૫ ના જૂન માસના છેલ્લા દિવસો અને જૂલા માસના પ્રથમ દિવસોના પખવાડિયામાં આઠદશેક વાર્તાઓ ઉભરા ને મ્હારી શારદછાબમાં ઠલવાઇ. મ્હારે એ દિશા નવી હતી એટલે

કસોટી કહાડી જોવાની ઇચ્છાથી બેએક વાર્તાઓની બીજાના હસ્તાક્ષરે નકલો કરાવીને નવાં જ ઉપનામોથી માસિકોને મોકલાવી. એ વાર્તાઓ આ સંગ્રહમાં છપાઇ છે, પણ એ માસિકોમાં છપાય ત્હારે ખરી. આમાંની એક બીજી વાર્તા મ્હારા નામથી એક માસિકમાં મોકલી. તે તરત છપાઇ; ડૉ. ટાગોરના શાન્તિનિકેતનમાંના એક ગુજરાતી વિદ્યાર્થીએ આન્ધ્ર દેશની ભાષામાં એનું ભાષાન્તર કીધું; ને એક ઉગતા આન્ધ્ર લેખકે મ્હારા બીજા ગ્રન્થોના ભાષાન્તરની પછી પરવાનગી પણ માગી! સુરૈયાના નામથી નહિ, કસ્તુરીનાં ગુણગૌરવથી કસ્તૂરીનાં મૂલ મૂલવવાનું હજી યે આપણા સાહિત્યમાસિકોને કહેવાનું રહે છે?

સંસારશાસ્ત્રના પ્રશ્નો ગહન ને વિકટ છે. એક સન્નારીએ આમાંની બેએક વાર્તાઓ વાંચી હતી, ને મંહી આપણા સંસારપ્રશ્નોના ઉકેલ દીઠા હતા. હા; કોઇકમાં ઉકેલ હશે, કોઇકમાં વણઉત્તર પ્રશ્ન જ પાથર્યો હશે, કોઇકમાં સંસારપ્રશ્નનું માત્ર સૂચન જ હશે. ન્યાયશાસ્ત્રનાં સમીકરણોની આમાં કોઇ આશા રાખશે તો તે નિરાશ થશે. નવલકથાનાં આ પ્રકરણો નથી, કે આ નવલિકાઓ યે નથી. આ તો નવલનાં Lyrics છે.

વાંચનાર! મુંબઇમાં ચોપાટીના દરિયાકાંઠે ગયાં હશો: તો તે સંભારી જોશો? સાગર તો ત્હાંથી આઘે છે; પણ જરી જરી જેવડી જલલહરીઓ આવે છે ને પૃથ્વીપાળને પ્હલાળી જાય છે. છબછબિયાં પાણીની એ ઝીણકી જલલહરીઓમાં પાય ભીંજવ્યા હશે. છલબલતી આ લગરીક શી લહરીઓમાં યે આવો ને પાય ભીંજવો. કોઇક તપ્યાંને જરીકે ટાઢક વળશે, કોઇકનાં સહેજે ચરણ ધોવાશે, ત્હો યે કૃતાર્થ થયો માનીશ.

વૈશાખી પૂર્ણિમા,
વિ. સં. ૧૯૮૬
માથેરાન

ન્હાનાલાલ દલપતરામ કવિ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | | પાનું |
| | અર્પણ | ૫ |
| | પ્રસ્તાવના | ૬ |
| ૧ | બોરસળીનો પંખો | ૧૧ |
| ૨ | સમર્પણ | ૧૯ |
| ૩ | ઇતિહાસના અક્ષરો | ૨૫ |
| ૪ | વીજળીની વેલ | ૩૩ |
| ૫ | એનું પ્હેલ્લું પુષ્પ | ૪૩ |
| ૬ | કુંવારો કે બ્રહ્મચારી ? | ૪૭ |
| ૭ | વટેમાર્ગુ | ૫૭ |
| ૮ | વીણાના તાર | ૬૫ |
| ૯ | અંજનશલાકા: અથવા સતી કે સુન્દરી ? | ૭૯ |
| ૧૦ | હું તો નિરાશ થઇ | ૮૭ |
| ૧૧ | બ્રહ્મચારી | ૯૩ |
| ૧૨ | સતીનાં ચિતાલગ્ન | ૧૦૭ |
| ૧૩ | ફૂલની ફોરમ | ૧૨૩ |
| ૧૪ | વ્રતવિહારિણી | ૧૩૩ |
| ૧૫ | સાગરની સારસી | ૧૫૩ |
| ૧૬ | સર્વમેધ યજ્ઞ | ૧૬૩ |
| | પૂરવણી: ગુજરાતણ | ૧૭૭ |

# પાંખડીઓ

# ૧ : ઓરસળીનો પંખો

મ્હોરની હું માળા ગૂંથતી હતી.

ઉપર વિશાળું વૃક્ષ હતું. ઝીણી ઝીણી પવનલહરીમાં ધીમું ધીમું તે ડોલતું ને મ્હારા ઉપર મ્હોર વરસાવતું. એની નાચતી-અસ્થિર છાયામાં નીચે હું બેઠી હતી.

મ્હને શી ખબર કે એને બકુલનું ઝાડ કહેતા હશે ? હું કાંઇ સંસ્કૃત કાવ્યો ભણી ન્હોતી. ને સંસ્કૃત કાવ્યો ભણેલાં-કે સંસ્કૃતના પ્રોફેસરો યે સંસ્કૃત સાહિત્યમાંનાં કેટ-કેટલાંક ફૂલછોડને ઓળખે છે? હું કોઈ સાક્ષરની સગી ન્હોતી કે લોક માને કે મ્હને આવડે છે.

પછી ઘણે વર્ષે મ્હેં જાણ્યું કે આવડત પાનાંપુસ્તક-માંથી નથી આવતી, આવડત અનુભવથી આવે છે.

એએક વરસાદ વરસી ગયા હતા. ધરતીને ઠારી યે હતી ને સન્તાપી યે હતી. તપેલી કથરોટને છાંટણાં છાંટે ને છણછણે, એવી ધરતી છંટાઇને છણછણતી.

મનની મનોવાસના યે એવી નથી? છાંટિયે તેમ તેમ ઝાળ બમણી ભભૂકતી નથી? લખતાં શીખ્યા પછી હું લખું છું તેમ તેમ બમણું લખવા મન થાય છે: જાણે બધું યે હૈયું ઠાલવી નાંખું ને પરમેશ્વરથી યે સંસારને સોહામણો સરજું.

ત્ય્હારે હું પહેલે જ આણે આવી હતી, ને આવ્યે બે-એક રાત્રીઓ વીતી હતી. એ રાત્રીઓ પૂર્ણિમાની યે ન્હોતી, કે બીજની યે ન્હોતી: આઠમની હતી. અડધેરૂંક અન્ધારિયું ને અડધેરૂંક અજવાળિયું: એવી એ રાત્રીઓ વીતી હતી.

ને પછી?

અજવાળિયાની એ અડધી રાત ગમી; પણ અન્ધારિયાની અડધી રાત અમને ન્હોતી ગમી.

અન્તરનું કે બહારનું અન્ધારિયું કોઇને યે ગમે છે કે અમને ગમે?

ચન્દ્ર પૃથ્વીને ચન્દ્રિકા ઢોળતો એમ એમણે મ્હારા ઉપર ઉરની ચન્દ્રિકા ઢોળી. ત્હો યે મ્હને તો ઉણપ જ ભાસતી: કંઇક મંહી અધૂરૂં—અધૂરૂં લાગતું. દુનિયા યે આજ અધૂરી લાગે છે ને?

ત્ય્હારની અમારી દુનિયા યે મ્હને અધૂરી—અધૂરી લાગી. કલ્પનાની ને આશાની આંખડીએ દુનિયાને હું દેખવા ગઈ—ને ભૂલી. નાટકોમાં જોયું હતું, સચિત્ર માસિકોની નવલિકાઓમાં વાંચ્યું હતું એવું જગત ન ઝંખાણું. યૌવનની મ્હારી કલ્પનાએ સરજેલા હવામહેલો જેવો સંસાર મ્હેં ન

દીઠો. મ્હારા મનને ઓછું આવ્યું. ને એ કાંઈક એમણે જોઈ લીધું હોયે ખરૂં.

ઘરકામથી પરવારીને પાછલે પહોરે આંગણાંમાં હું બેઠી હતી. બારણામાં એક વૃક્ષ હતો તે મ્હારા ઉપર મ્હોર વરસતો. આંબામ્હોર જેવા આંગણઢળ્યા એ મ્હોર હું વીણતી ને માળા ગૂંથતી.

તે દિવસે ઘામ વધારે હતો. દેહે પરસેવાનાં બિન્દુ ટપકતાં. આંખો યે ટપકું ટપકું થતી. ઉરમાં ને જગતમાં તે દિવસે ઘામ વધારે હતો.

મ્હારી યૌવનની આંખોએ સંસારની કવિતા નિરાળી નિરખી. મ્હેં માન્યું'તું જૂદું ને દીઠું જૂદું. હું ઉછરી'તી નિરાળાં ફૂલોની ફૂલવાડીમાં. સંસારની ફૂલવાડીનાં ફૂલોના રંગ ઉપટેલા ને ફોરમ ફીક્કી મ્હને ભાસી. મળેલી સુગન્ધનું નહિ, મળેલી સુગન્ધમાંની ઉણપનું ચિન્તવન ચિન્તવતી દુઃખિયારી શી હું બેઠી હતી.

ત્ય્હારે મ્હારી દૃષ્ટિને સંસાર કવિતા જેવા ન્હોતા દીસતા. નાટકોમાંનાં રસરસિયાં મ્હને ઝાકઝમાળ ભાસતાં, સંસારમાંનાં રસરસિયાં મ્હને ઝાંખપઓઢયાં દેખાતાં. મ્હને ત્ય્હારે ખબર ન્હોતી કે નાટકોની રંગભૂમિ ઉપર તો ઘણુંખરૂં ભાયડે ભાયડા એ પ્રેમલીલાના ખેલ ભજવે છે.

હું તો આસપાસ જોતી ને ઓછું આણતી.

એવે મ્હારા ખોળામાં ઓળો પડયોઃ જાણે ઉડતા

ગરૂડની છાયા. પાછું વાળી જોઉં-ન જોઉં ત્‍હાં તો મ્હારી નેત્રપાંદડીઓ ચંપાઇ. સફાળી હું બોલી ઉઠી: 'નાથ.'

ક્ષણેક તો મ્હને યે લાગ્યું કે કવિતાની રસવેલીઓ પણ સંસારની ધરતીમાંથી જ ઉગે છે.

મ્હને આંસુ આવી ગયાં. એમાં આનન્દના યે અશ્રુઓ હતાં, ને હૈયાના ઓગળી જતા હૈયાભારનાં યે અશ્રુઓ હતાં.

નાથે કહ્યું: ઘેલી! સંસાર ને કવિતા નિરનિરાળાં હશે ત્‍હો યે બન્નેમાં વહતી રસસેર એક જ છે: આંબાનાં મ્હોર ને કેરીની પેઠમ. મ્હોર ખાધે તૂરા લાગે; ને કેરીઓ ખાટી યે હોય ને મીઠી યે હોય.

મ્હેં કહ્યું'તું ને કે એ કદાચ મ્હારૂં મનદુઃખ જાણી ગયા હોય.

મ્હેં રસવિવેકનો ઉત્તર વાળ્યો: ત્‍હો ય મ્હોર ને કેરી બન્ને યે આંબાનાં સ્તો? એ મ્હોરની માળા અત્ય્હારે ગૂંથી રહી છું—ત્‍હમારે કાજ.

એ મ્હારી બીજી ભૂલ હતી. વસન્ત ઉતર્યે મ્હોર મોઠા હોય એનું ભાને હું તો ભૂલી ગઈ હતી.

એમણે મ્હારી ભૂલ ભાગી: આ મ્હોરની ઋતુ યે નથી, ને આ આંબામ્હોરે નથી. આંગણું ભરી છાયા ઢાળતો આ આંબો નથી, બોરસળી છે; ને આ બોરસળીનાં ફૂલ છે. માળા નહિ, પંખો ગૂંથ આ બોરસળીનાં ફૂલનો.

એમ શાને કહો છો જે? મ્હેં પૂછ્યું.

તું નથી જાણતી માટે. એક તો; મ્હારે એકલપેટાએ એ માળા પહેરવી નથી. પરિમલપંખાળો પંખો મ્હને ને ત્હને બન્ને યે તપ્યાંને ટાઢક ઢોળશે. ને બીજું: કરમાશે ત્ય્હારે ત્ય્હારે નીર છાંટીશું એટલે સંજીવિની સરખાં નીર કરમાયેલાં ફૂલડાંને પાછાં સજીવન કરશે ને પમરાવશે. કરમાયેલો કાયા ફોરે કાંઇ? કરમાયેલાં ફૂલડાં યે સજીવન થાય એ તો બોરસળીનાં.

હું ઉછળી ને ઉઠી. મ્હેં કહ્યું: જીવ એવો છે ને જીવને એવું છે: સંસારે એવો છે ને સન્તો યે એવા છે. આંગણે આંગણે આ ફૂલઝાડ રોપાવોને? ઘડીએ ને પલકે સંસાર કરમાય છે તે સંજીવન પીતાં શીખે.

હું જાણતી નથી કે સંજીવિની કેવી હશે. સંસ્કૃતના પ્રોફેસરોએ એ દીઠી ને ઓળખી હોય તો ભલે. પણ અનુભવવાને ઓછું જ જોવું પડે છે? વણદીઠા વાયુ નથી અનુભવાતા?—મ્હારા યે આત્માને ત્ય્હારે સંજીવિની છંટાઇ. અને આજ આટઆટલે વર્ષે જ્ય્હારે જ્ય્હારે કદિક હવે કરમાઉં છું ત્ય્હારે ત્ય્હારે એ બકુલના વૃક્ષ નીચે જાઇ બેસું છું, સંજીવિની શોધું છું, ને પામું છૂં.

સંજીવિની આત્મા જેવી હશે? દેખાય નહિ ત્હો યે અંગમાં નિત્યે વસેલી?

# ૨ : સમર્પણ

વરવહુના એકાન્તની વાતો જગતને કહેવાતી હશે? દંપતીના એકાન્ત પવિત્ર છે; ત્ય્હાં ડોકિયું કરવા પરાયાં કોઇને અધિકાર નથી.

ત્હો ય ઘેર-ઘેર નિજમન્દિર છે, ને સહુના યે સાથી ભાતીગર છે. એટલે જરાક પડદા ઉઘાડી અમારા રંગઢંગ-કંઇક આછાઅધૂરા યે-સહિયરોને દાખવવાની મ્હને ટેવ પડી ગઇ છે. કેટલીક સાહેલીઓ સાંભળે છે; કેટલીક હસે છે. પોતાનાં યે નિજમન્દિરની એવી એવી વાતોનાં સ્મરણોનાં તેજ-કિરણો કેટલીકની આંખડીઓમાં વણબોલ્યે ચમકી ઉઠે છે.

સહુના યે એકાન્ત તો સરખા ને?

ત્ય્હારે એક પ્રભાતની વાત કહું છું.

કોયલને ટહુકે હું જાગી ને મોરને ટહુકે નાથ જાગ્યા. જાગીને જોયું તો અજવાળાં ઉગતાં હતાં, પણ મ્હોંસૂઝણું ન્હોતું થયું. એક ભરથરી રાવણહથ્થાને છેડી મોરને ઘેરે સૂરે પ્રભાતિયું ગાતો હતો.

એ રોજ કહેતા કે અમારૂં ગામ કાલિદાસની ઉજ્જ-યિની નથી. ગામને પાદર ક્ષિપ્રા યે નથી કે સારસે નથી: કે સારસના કલરવે અમે જાગીએ ને કમળવનના સુગન્ધ ઢોળાયે અમે પુનશ્ચેતના પામીએ. રોજ તો અમે એલારા-મના ઘણઘણાટથી જાગતાં.

અને જાગીને યે અમે તન્દ્રામાં પડતાં.

હૈયા ઉપર હૈયું પાથરી હું પડી હતી. નાથના કરતલની કમળપાંખડીઓ દેહદેશને પંપાળતી, રોમાંચ જગાડતી, દેહમાંનાં રૂધીર વધુ વેગે વહેવડાવતી હતી.

કેટલાંક તરનારાં જાણે જલપથારીમાં પોઢે છે ને નિશ્ચેષ્ટ શા પડયા રહે છે: એમ હું કેટલોક સમય પડી રહી. બારીની વેલીમાં થઇને આવતો મન્દ મન્દ પ્રભાતી પવન શીતળતા ઢોળતો. શીતળતાનાં એ શીતાસવ પી પીને ઠરી ગયાં સમાં અમે પડયાં હતાં.

અમને જીવનનાં ઘેન ચ્હડયાં હતાં. यतो वाचो निवर्तन्ते એવી કો સમાધિદશામાં અમે જાણે રસસમાધિસ્થો પડયાં હતાં.

જગતમાં કેટલાંક મનસ્વીઓ છે. કોઇની વાટ નથી જોતાં, કોઇનો વિચારવિવેક નથી કરતાં, પ્રસંગની યોગ્યાયોગ્યતા જોઇને નથી વર્તતાં. આગગાડી, ઘડીઆળ, સૂરજ એવાં છે. મનસ્વીઓ સહુ સાચાબોલાં પણ વિવેકશૂન્ય હોય છે.

અમારા નિજમન્દિરમાં જાણે પેલા માતા કહાડનારા વળાદરાઓની થાળી રણકી ઉઠી. એ અમારા ઘડીઆળનું એલારામ હતું.

સ્વપ્નાં યે ખૂટે છે ને સાચને યે સીમા છે. અમારી તન્દ્રા ઓસરી ગઇ. જોયું તો જગતમાં રૂપાની રેલો રમતી. સૂર્યે હજી સોનાથી ધરતીને મઢી સુવર્ણી કીધી નહોતી.

હું ઉઠી, ને કહ્યું: જાઉં છું.

એમણે કહ્યું: અજબ છે તમ સ્ત્રીઓનાં સમર્પણ. અંગ ને આત્મા પુરુષના પૌરુષને સમર્પો છો: ને એમની કઠો-

રતાની કણીઓ યે ખૂંચતી નથી! પુરુષ નઠોર છે, નગુણો છે. માતાનાં ને પત્નીનાં હૈયાનાં હીર પી પીને પુરુષ પુરુષ થાય છે. ત્હો ય—

મ્હેં કહ્યું : ત્હમે જ શીખવ્યું–સંભળાવ્યું છે ને કે

**वज्रादपि कठोराणि, मृदुनि कुसुमादपि.**

પુરુષ કાળમીંટથી યે કઠ્ઠણ છે, પુરુષ પાંદડીથી યે પાણીપોચો છે. નદીને પત્થરની ભેખડે હોય, નદીને વેળુની પથારી યે હોય. પુરુષના પૌરુષ વચ્ચે અમે વહીએ છીએ, પુરુષની સુકુમારતામાં ઝીલીએ ને ઝીલાઇએ છીએ.

મ્હારી મહુવર બોલ્યે જ રહીઃ—ને પુરુષનાં સમર્પણે ક્ય્હાં ઓછાં છે જે? સારો યે દિવસ પ્રાણનો પરસેવો કરો છો, દુનિયાની દીવાલો વચ્ચે અથડાઓ છો, જનતાના ખડકો ઉપર પછડાઓ છો. ત્હમને વાગતાં હશે કે નહિ વાગતાં હોય દેહને ને દેહીને સંસારના ઘા? ઉપાર્જી ઉપાર્જીને ધનના ઢગલા ધરો છો અમારે ચરણે. અમને સોનવેલે મઢો છો, અમને શણગારો છો.

એમણે કહ્યું : એ તો ત્હમને માણવાને અમે શણગારિયે છીએ.

વાતની વચ્ચેનો એ દ્હુકો મ્હારાથી ન ખમાયો. હું તો ગાજી ઉઠી.

ને સ્ત્રીઓ તો ત્હમને નાંખી દેવાને નચાવતી હશે? પુરુષ જેવું અજ્ઞાની પ્રાણી મ્હેં દીઠું નથી—એક ત્હમારા શિવાય. પુરુષ સ્ત્રીને માણે છે બોલનાર અજ્ઞાની કે જૂઠડો

છો! સ્ત્રી પુરુષને નચાવે છે ને એ નાચ નિરખી નિરખી રાચે છે એ શું જગત નથી જાણતું? નાચતો નાચતો મોર ઢેલના પગમાં પડે છે એ સમર્પણ નહિ કાં? પુરુષનાં સમર્પણ શાં ઓછાં છે જે? અમારૂં સર્વસ્વ ત્હમને સમર્પીએ છીએ એ ખરૂં. ત્હમે ત્હમારૂં સર્વસ્વ અમને સમર્પતા નથી શું? આયુષ્યનાં માંખણ ઉતારી ઉતારીને તો ભાગો છો અમારી ભૂખ.. પરસેવામાં પ્રાણ નિતારો છો. કિયા કોડ અણપૂર્યા રાખ્યા અમારા? પડળ પડયાં હશે કો રૂપગર્વિલીને રૂપનાં, તે પેખતી નહિ હોય પુરુષોનાં સમર્પણ. વસાવોને ઘડીક જૂદાં ગામ એવી રૂપગર્વિલીઓનાં કે વરનાં મૂલ સ્હમજે. એક હોય પુરુષશૂન્ય સ્ત્રીનગરી. યક્ષને યક્ષેશ્વરે-ત્હમે પેલી કાલિદાસની અલકાની વાત કહેતા હતા ને એમ —યક્ષને યક્ષેશ્વરે કીધી'તી વર્ષભરના પત્નીવિયોગની સજા: એમ પુરુષદ્રોહી સ્ત્રીઓને પુરુષશૂન્ય સ્ત્રીનગરીમાં વર્ષભર રહેવાની સજા ફરમાવો. પછી જૂવો મઝા એ રૂપગર્વિલીઓની તાલાવેલીની. એમનાં રૂપને ત્હાં જોશે યે કોણ? તરત સ્હમજાય પુરુષનાં મૂલ. જાવ, જાવ: દુનિયાં નાટક ભજવે છે —નાટક. અન્તર ઉઘાડીને વાત કોક જ કરે છે.—ને જગત કને થાયે ક્ય્હાંથી? અંહી નિજમન્દિરમાં બોલું છું એવું જગતમાં કંઈ બોલાય? સારનો સાર એ: હું તો આ અજવાળાં જેવાં પેખું છું મુજ કાજેનાં મ્હારા નાથનાં સમર્પણ.

નાથે કહ્યુ: તું યે હૈયાં ઠાલવ છ ને હું યે પ્રાણ પાથરૂં છું: એ સૌ આપણે આપણાંને કાજે. આપણો દિવસ ઉગે છે હો! જો! ત્હારાં દર્શને સૂર્ય નારાયણ પધાર્યા.

૧૯૧૯૨૫

# ૩ : ઈતિહાસના અક્ષરો

૧૯૧૯૨૫

'રાખ, રાખ હવે. ટાઢો પહોર છે: ને રાતના આઠ વાગ્યા છે. ત્હારા સંસ્કૃત સાહિત્યમાં બધું હતું: રેલ્વે યે હતી ને તારે હતા! પ્યાલામાંથી પાણી ઢોળે ને ટીપુ યે ન રહે, એમ બુદ્ધિ ઢોળી નાંખી કોઇ કહેશે.'

'કહેનારની બુદ્ધિ ઢોળાઈ ગઈ હશે તો મ્હને એવું કહેશે. હા, અમારે ત્ય્હાં વિમાને હતાં ને Vireless હતા. ત્રીશેક વર્ષો ઉપર અમારા પુષ્પક વિમાનને કવિની કલ્પના કહી હસતા'તા. આજે હસોને હવે! હસનારાંનાં ઉપહાસ થયાં. હા-હા; અમારા સાહિત્યમાં હતું એ આજના યૂરોપઅમેરિકાનાં સાહિત્યોમાં હજી તો નથી.'

'શું શું યૂરોપઅમેરિકાનાં સાહિત્યોમાં નથી?'

'વઘારનું ઈંગ્રેજી શું? કહે. ઈંગ્રેજી સાહિત્યમાં વઘાર જ નથી-વઘાર.'

'આપણે તો માનસશાસ્ત્ર-Psychology અને વિજ્ઞાનશાસ્ત્ર-Science ની વાતો ચાલે છે. યૂરોપમાં યે માનસશાસ્ત્રનો હજી બાલ્યકાળ છે. આપણે ત્ય્હાં માનસશાસ્ત્ર હતું?'

'અધ્યાત્મના સાગરની પાળે પશ્ચિમ હજી પગ મ્હેલાળે છે. જેમ્સ હજી માનસશાસ્ત્રને શરીરશાસ્ત્ર-Phisiology-માંથી જન્માવે છે. માનસશાસ્ત્રનો એડિસન ત્ય્હાં જન્મતાં હજી બે સૈકા જોઇશે. યૂરોપઅમેરિકામાં લખાયેલાં ઉપનિષદો કિયાં?'

'ઉપનિષદ નામ સાંભળ્યું છે કે છાપેલું પુસ્ત
દીઠું છે?'

'તો કહેને : યૂરોપરચિત બાઈબલ કે કોરાન કે ધમ્મ
પદ કે ભગવદ્ગીતા કઇ? યૂરોપઅમેરિકાને ખોળે ધર્મસંસ્થાપ
કિયો જન્મ્યો? યૂરોપઅમેરિકાને એશિયા જેટલી–જન્મ લેવ
જેટલી પવિત્ર ભૂમિ કિયા પયઘમ્બરે માની?'

'એ તો ખરૂં. યૂરોપમાં પયઘમ્બર જન્મ્યો નથી,
ધર્મશાસ્ત્ર કો રચાયું નથી.'

'એટલું યે સાચું બોલવાને માટે ત્હને શાહબાશ છે.
જો, વળી હસતો નહિ હો! એક સાક્ષર શ્રી કહેતા'તા કે
ઇંગ્રેજીમાં Home શબ્દ છે એવો ગુજરાતીમાં શબ્દ નથી;
કારણ કે આપણે ત્હાં એ ભાવના નહોતી. હસે નહિ તો
એમનું ન્યાયબાણ એમને પાછું વાળું. ઇંગ્રેજી ભાષામાં
પાપને માટે સુવાંગ શબ્દ છે Sin. એવો પુણ્યને માટેનો
સુવાંગ શબ્દ કિયો? એ સાક્ષરશ્રી એમ કહેશે ખરા કે
ઇંગ્રેજ પ્રજામાં પાપની ભાવના છે, પુણ્યની ભાવના જ નથી?
ને પોતાની સાક્ષરતાને હસાવશે?'

અમે બન્દરકાંઠે આવી પહોચ્યા. અમે બન્ને યે ધમ
તો ધર્મશાસ્ત્રોની સાથે કબાટમાં મૂક્યો હતો. પણ એમનું
કુટુંબ ધર્મશીલ હતું ને દ્વારકા યાત્રાએ જતું હતું. અમે
વળાવવા આવ્યા હતા. યાત્રાળુઓને વળાવવા આવવા જેટલો
ધર્મ હજી અમારામાં રહ્યો હતો.

પણ એ એમના કુટુંબને વળાવવાને આવ્યા હતા
કે યાત્રાળુઓને? એ પણ માનસશાસ્ત્રનો ત્હારે પ્રશ્ન હતો

માનસશાસ્ત્ર વિકાસ પામશે ત્‍હારે ઉત્તર આપશે.

'આવ્યા ? આવો. મછવો આગબોટે જવાને અધીરો થયો છે. ત્‍હમારી જ વાટ જુવે છે.'

'પણ અમારે કાંઇ આવવું નથી ?'

'એટલું તો મછવો પણ જાણે છે. પણ ત્‍હમે વળાવવાને આવવાના હતા એટલે થોભાવ્યો.'

'સારૂં કીધું. દર્શન કરતાં સંભારજો.'

મ્હેં પણ ટહુકો પૂર્યો: 'દ્વારકાધીશને બે નમણો અમારી વતી વધુ કરજો. ગોમતીસ્નાન વેળાએ પણ સંભારજો.'

એ હસ્યો. 'એટલે ત્‍હારૂં સ્નાન વદે—એમ ને ? એ ખાય તો ત્‍હારે કેમ ચાલતું નથી?—પણ, હો ! મીરાંબાઇ ભગવાનમાં સમાયાં હતાં એમ સમાઇ મા રહેતાં ત્‍હાં.'

'ભગવાન મ્હારા દિલમાં સમાય ત્‍હો યે બહુ છે.' એમનાં ભાવિક પત્નીએ ઉત્તર દીધો. 'બોડાણો લઈ આવ્યો હતો એમ લાવીને પછી ત્‍હમને સોંપું કે લ્યો : તો ?'

ત્‍હેણે કહ્યું : ત્‍હમારા ભગવાને જબરા. નિત્યનિત્ય કોઇ લઇ જાય ત્‍હો યે ત્‍હાંના ત્‍હાં.

એનાં પત્નીએ કહ્યું :

'તુલસી ! પંછિનપાંખસે ખૂટે ન સાયરનીર. અમારા ભગવાન સાગર જેવા. સારૂં જગત હૈયાની અંજલિ અંજલિ મંહીથી ભરી જાય ત્‍હો યે ભર્યા ભર્યા ગાજે.'

મ્હેં કહ્યું : 'હિન્દમાં બાઇઓ યે ઉપનિષદ બોલે છે ! પૂર્ણમાંથી પૂર્ણ લે, ત્‍હો યે અવશેષ પૂર્ણ રૂહે'

એણે કહ્યું : એ ત્હારી ! આ તો Psychology આવી !

મ્હેં કહ્યું : ના, Psychology નહિ, આ તો Science : Nature suffers no vaccum.

'અરે ! રોજ અમારા પ્રોફેસર વેક્યૂમનો પ્રયોગ કરે છે.'

'પ્રોફેસરના મસ્તકમાં વેક્યૂમ થયું હોય તો ભલે.'

'આવજો' 'સંભારજો' 'દર્શન કરજો;' મછવામાંથી ને સાગરકાંઠેથી શબ્દોની ને ભાવનાઓની લેવડદેવડ ચાલી. એણે યાત્રિકાને કહ્યું : બાળકોને સાચવજો.

અન્ધારી પડતી રાત હતી. આઠેક વાગ્યા હશે. અરબ્બી સમુદ્ર વિસ્તરીને નિસ્સીમ પડ્યો હતો. ઉપર અન્ધારચન્દરવા સમો અન્ધકારનો ચન્દરવો લટકતો. સાગરમાં ને અન્ધકારમાં મછવો અલોપ થયો.

પૂતળા જેવો એ તો પાછળ જોતો ઉભો હતો.

દરિયાનાં મોજાં આવતાં, નીચે અથડાતાં, ને ભાગી જતાં : એમની જાણે એ વાતો સાંભળતો હતો.

મ્હેં પૂછ્યું : કેમ, ચાલશું ?

એ જાગી ગયો.

'પણ આ મછવો ચાલ્યો ત્યહારે એક પડખે નમ્યો'તો. કિનાર લગભગ સાગરજલને અડકી'તી.'

'તો ત્હારે મછવો હંકારવા જવું'તું ને ?'

'ના, પણ હેમખેમ તો આવશે ને ?'

'બાદશાહી ઝમાનામાં બાદશાહ સલામતનો જાપ અમીરો જપતા. તું યે ગાતો ફર God save my Queen.

'જા, જા; ગંભીર ઘડીઓમાં યે મશ્કરી?'

'સાગરની સફર કીધી છે કદી?'

'ના. આ પહેલી જ છે મ્હારી કે એમની.'

'ત્ય્હારે આ ક્ષણની ગંભીરતા સ્હમજાય છે. સાગરના અન્ધકારને ત્હારૂં સર્વસ્વ આ પહેલી જ વાર ત્હેં સોંપ્યું; એમાં આટઆટલી ચિન્તાની દીનતા શી?'

'પણ પાછાં ધરતીઆરે—'

'એટલે?'

'વિજળી આગબોટ ડૂબી'તી—'

'હા, ડૂબી'તી. કેટલાં વર્ષે કેટલી આગબોટો ડૂબી? મોટરમાં રોજ રોજ મરે છે તેથી મોટરમાં બેસતો મા. મોટરોના થાય છે એથી સાગરના ઓછા અકસ્માત થાય છે.'

ત્હો ય એના વદને અન્ધકાર છવાયેલો હતો.

મ્હેં કહ્યુંઃ 'આ ત્હારી ચિન્તા શાસ્ત્રીય છે.'

'એ વળી શું?'

'અમારા માનસશાસ્ત્રીઓ તો કહી ગયા છે કે **स्नेहमूलं चिन्ता**; ચિન્તાનો જનક સ્નેહ છે.'

'વળી ત્હારૂં વેદવારાનું માનસશાસ્ત્ર; પાંચ હજાર વર્ષોનું જીર્ણશીર્ણ. વર્તમાન માનસશાસ્ત્રની તોલે—'

'હવે જીભને વારીશ? કહું? 'બાળકોને સંભાળજે' એ ત્હેં કહ્યું ને મ્હેં કેમ ન કહ્યું?'

'ત્હારૂં કુટુંબ ન્હોતું જતું ને મ્હારૂં કુટુંબ જતું હતું, માટે.'

'ખ-અ-રૂં. એટલે જ પાંચ હજાર વર્ષોનું જીર્ણ-શીર્ણ અમારૂં માનસશાસ્ત્ર આજે યે સાચું છે કે **સ્નેહમૂલં ચિન્તા.** ત્હને ચિન્તાએ ઘેર્યો; મ્હને વિચાર આવી વિરમ્યા; માલમનું પોપચું યે ન્હોતું ફરક્યું.'

'હા સ્તો. દાકતર દરદીને ચીરે ત્ય્હારે આંગળી યે ક્ય્હાં ફરકે છે?'

'દાકતર એના પુત્રને કે પત્નીને નસ્તર મૂકે જો! **સ્નેહમૂલં ચિન્તા**નું સૂત્ર તરત સિદ્ધ કરે.'

'એટલે ત્હારે કહેવું છે શું?'

'મ્હારે તો એટલું જ કહેવું છે કે એ છે ઇતિહાસના અક્ષરો. ઉકલે તો ઉકેલજો. ગ્રીક લિપિ વાંચતાં ન આવડે તો 'લખ્યું જ નથી' એમ કહેશો મા. ઇતિહાસના અક્ષરો સહુને ન ઉકલે. ત્હો યે ધરતીને પાટે ને પર્વતની છાટે એ આંકડા કોતરાઇને પડેલા છે. દેશદેશની યુગ-યુગની પ્રજાપ્રજાની Comparative History વાંચે એ કાળવેત્તા ઇતિહાસનો આચાર્ય. હાથી કે સિંહ યૂરોપ-અમેરિકામાં પાકતા નથી એ ઇતિહાસના અક્ષરો ભૂંસ્યા ભૂંસાશે?'

'પયગમ્બરોએ પણ એશિયાનો પક્ષપાત કીધો.'

'માનવજાતે ઉકેલવાના છે એ ઇતિહાસના અક્ષરો.'

# ૪ : વીજળીની વેલ

'ત્હમે પુરુષોએ જ ચ્હડાવી મારી છે સ્ત્રીઓને; ને પછી કહો છો કે માથે ચ્હડી ભાગી. સુન્દરી, સુન્દરી, સુન્દરી; કવિતા લખો તો સુન્દરી, વાર્તા માંડો તો સુન્દરી, નાટક રચો તો સુન્દરી, સીનેમાના પડદા ચીતરો તો સુન્દરી. પુરુષો ત્હમે શા એવાક ઓછા સુન્દર છો જે?'

આજે અમારે ધામ પુરુષોના પ્રારબ્ધનો સૂર્ય ઉગ્યો હતો. પ્રાતઃકાળમાં જ આજે ગૃહદેવીજી ગૃહદેવનાં પ્રાતઃ-સ્તોત્ર ગાતાં હતાં.

મ્હેં કહ્યું : 'કોઇક કુધારક કહેશે, કુધારક. બારમી સદીની બોથ્થડ કહેશે. આજ તો વ્હેણમાં વહે એ શાણાં. આ ભાષણોમાં પ્રમુખપદ શોભાવવાને નોતરે છે ને ડાહ્યાં-ડમરાં અગ્રેસર ગણાવ છો તે મટી જશો. જગતમાંની સ્ત્રી-ઉદ્ધારની ચળવળનાં વિરોધી કચ્હારનાં થયાં વળી? 'પુરુષ એટલે સ્ત્રીજાતિનો ઔરંગઝેબ:' જગતની મહાન સ્ત્રીઓમાં ગણાવા મથતીઓ તો એવું એવું ભાખી રહી છે.'

'એમનાં તે બુદ્ધિનાં બારણાં ઉઘડયાં છે કે ભીડાયાં? ત્રીસમી સદીનાં સ્વચ્છન્દીલાં કરતાં અમે બારમી સદીનાં

જોઈએ તેટલાં સારાં. પુરુષની સ્ત્રીજાતિ માટેની ભૂખનો આ તો ગેરલાભ લેવાય છે. એ ખરું છે કે ત્હમારે અમારા વિના ઘડીકે નથી ચાલતું: ત્હમારી ભૂખ અમારા વિના નથી ભાગતી. ત્ય્હારે કહેશો: ત્હમારા વિના અમારે કેટલુંક ચાલ્યું ? ને ત્હમારા વિના અમારી તરશ કેટલીક છીપી ?'

'આ તો નવાં રસકાવ્યો !– કે જ્ઞાનકાવ્યો ? આવું આવું કેમ બીજી સ્ત્રીઓ નથી બોલતી ? તું કવિતા કરે તો જગત નવદર્શન પામે હો !'

'આ તો જગજૂનાં દર્શન છે. રામને સીતા વિના ન ચાલ્યું તે લંકા બાળી; ને સીતાજીને રામ વિના ન ચાલ્યું તે ધરતીમાં સમાયાં. એમ રચાઈ રામાયણ. પણ આજનાં જગતમાં રામસીતા કેટકેટલાંક ?'

'અમેરિકામાં જા–અમેરિકામાં. ભાષણમાળા ગોઠવાવી આપું–આવું આવું બધાંને બોલતાં શીખવે તો.'

'કંઈક કહ્યું કે ત્હમે તો હસવાના. અમેરિકા ક્ય્હાં હવે આઘું છે અંહીથી ? બેન્ડ સ્ટેન્ડ ઉપર કેટલું યે અમેરિકા હિન્દમાં ઉતર્યું છે સ્તો. હિન્દવાણ અમેરિકણો કેટકેટલી યે જોઉં છું. સ્ત્રીજાત સાચું બોલતાં શીખશે, અન્તરના પડદા ઉઘાડી આત્માના અભિલાષ સાચે શબ્દે ઉચ્ચરશે, ત્ય્હારે જગત જાણશે કે પુરુષને સુન્દરીની સુન્દરતાના કોડ છે એથી ચાર ગણા સુન્દરીને પુરુષના પુરુષાતનના કોડ છે.'

આજ હું તો મનમાં મલકાતો'તો કે આપણા ભાગ્યોદયની વસન્ત બેઠી.

મ્હેં કહ્યું: 'પુરુષ પક્કો છે તે પોતાની કામવાસનાને 'પ્રેમ' 'પ્રેમ' 'પ્રેમ' કહી પપૈયાની પેઠમ પોકારે છે ને સ્ત્રીજાતિને છેતરે છે. સુન્દરી લાજાળ છે તે નિજની કામવાસનાને અન્તરમાં સમાવે છે.'

'શું રાખ અન્તરમાં સમાવે છે! ચાર રૂપાળીઓને મળી દીઠી છે? એમના વાર્તાલાપ ને રસકલ્લોલ સન્તાઇને સાંભળ્યા છે? એ સહિયરસંઘમાંની એમ નફ્ફટાઇ ત્હમારા નફ્ફટશ્રેષ્ટને યે હરાવે, હો'

'પણ એમાં સુન્દરતાને શું? હું તો ખરેખર કહું છું કે તું સુન્દર છે.'

'રાખો, હવે રાખો જરા તો સાચું બોલતાં શીખો. 'સાચું બોલું છું' માનતા હો તો સુન્દરતાની વ્યાખ્યા બગાડો છો: વિવેકનું ખોટું બોલતા હો તો ખુશામત કરી મ્હને ને ત્હમને બન્નેને બગાડો છો. ત્હમને ગમું છું એટલે હું તો જાણે જગત જીતી.–પણ જૂઓ આ.–આ પ્રફુલ્લેલું કમળ ને આ ખીલેલું ગુલાબ.'

સજોડે દંપતી પધરાવ્યાં હોય એવાં અમારા ટેબલ ઉપરના ફૂલપાત્રમાં કમળ ને ગુલાબ આજ શોભતાં હતાં.

હાથિણી કય્હારેકે મસ્તીમાં ય્હડતી હશે કે કેમ? હાથણી જેવી આજે તે મસ્તીમાં ય્હડી હતી. કમળ લઈ

ત્હેણે મ્હારી છાતીમાં માર્યું: જો કે ભૃગુલાંછન સમું કાંઇ ત્ય્હાં થવાનો ભય તો ન હતો.

'આ કમળ ને આ ગુલાબ. કમળ જેવો પુરુષ છે, ગુલાબ જેવી સ્ત્રી છે.'

'સુન્દર પુરુષને ત્હેં દીઠા છે?'

'સુન્દર સ્ત્રીઓ યે કેટકેટલીક છે ત્ય્હારે? 'સુન્દરી' 'સુન્દરી' 'સુન્દરી' એમ પુરુષના પપૈયાએ પોકાર્યું ન હોત તો જગત જાણત કે સુન્દરી કિયા વનનું ફૂલ છે. ગોરો રંગ કે અંગની છટા કે નેણનાં નખરાંને સુન્દરતા માનનારા વિષયલોલુપોને તો સારૂં જગત સુન્દરીઓથી વસેલું ભાસે છે. ડુંગરા દૂરથી રળિયામણા સારા. પાસે જઇ જોયે કેટકેટલી સુન્દરીઓ સુન્દર લાગે છે? રંગ ને પાઉડર, કૉરસેટ ને ફ્લાવર ને ઝાલર ને ઝૂલ ને ભાતીગર સાડીઓ સુન્દરીને કેટકેટલી સુન્દરતા ઓઢાડે છે એ આંક્યું છે? પુરુષાતનસોહન્તા પુરુષો યે જગતમાં એટલા જ છે, હો! ત્હો યે કામલોલુપ સ્ત્રીઓની આંખ જગતમાં જન એટલા પુરૂષો પેખે છે. શું પુરૂષ કે શું સ્ત્રી–પરસ્પરને મુખ્યત્વે નિરખે છે આજ તો વિષયવાસનાની આંખડીએ.'

'ત્ય્હારે ત્હમે શું કહો છો?–મ્હારાં કામજેતા ગૃહદેવીજી!'

'કામને જીતી હોત તો ત્હમને પરણવા આવત શા વાસ્તે?–પણ મ્હારા અભિપ્રાયનાં મૂલ શાં મૂલવવાં?

મ્હોટા મ્હોટા પ્રાણીવિદ્યાના પ્રોફેસરો શું કહે છે તે તો સાંભળ્યું હશે. ને તે યે આજપૂજ્યા પશ્ચિમના પ્રોફેસરો! છાપામાં હતું-હસો છો શું? છાપાંઓ શું જુઠ્ઠાં છે?– હા-હા, છાપામાં હતું કે હંબોલ્ટ કહે છે સિંહણથી સિંહ ને ઢેલથી મોર વધારે સુન્દર છે.'

'એટલું ભણવા યે યૂરોપ જવું પડે છે આજ!'

'પણ આમાં નવું મ્હેં શું કહ્યું જે?'

'જૂનામાં જૂનું યે એ છે ને નવામાં નવું યે એ છે. જૂની લિપિની પેઠે જૂનાં સત્યો ભૂલ્યું છે જગત.' બોલતાં બોલતાં હું યે ઘડીક ગંભીર થઈ ગયો: પણ તે ઘડીક જ.

'જા, જા, યૂરોપઅમેરિકામાં જા. ત્હારા જેવા પ્રોફેસરો ત્ય્હાં જઈને ભણતર ભણાવે તો સ્ત્રીજગતનો ને પુરૂષજગતનો ત્ય્હાં દીનમાણ ફરી જાય. સ્ત્રીપુરૂષના કલહો દુનિયામાંથી અડધા થાય ને માનવજાતનાં સુખ વધે.'

'ઠીંગણી હાથણી કરતાં દન્તુશૂળસોહન્ત રાજેશ્વર શો હાથી વધારે ભભકાદાર નથી? રત્નસોહન્ત રાણી કરતાં શસ્ત્રસોહન્ત રાજવી શો ઓછો સુન્દર છે? કોણ રોનકદાર છે–ન્હાનકડી કૂકડી? કે કલગી ને પીચ્છપલ્લવ નચવતો કૂકડો? ત્હમારા શિકારી મિત્ર કહેતા કે ગભરૂ હરિણી કરતાં શૃંગાળા મરદાનગીમલપતા કાળિયારના એમને વધારે મોહ હોય છે. આટલું ભણવાને યે સાગર ઓળંગવા પડશે?'

'હા. એવએવડા મંડાયા છે મહાસાગર આપણી બુદ્ધિ ને સત્યોની વચ્ચે. આર્યસત્ય સ્હમજવાને આપણી બુદ્ધિને આજ મહાસાગર ઓળંગવા પડે છે. વિવેકાનન્દજીને આપણે અમેરિકામાં ઓળખ્યા. તર્કના શ્લોક ન માન્યા: ફ્રાન્સે મનાવ્યા ત્ય્હારે માન્યા.'

'અમે સરિતા, ત્હમે પર્વત; અમે ચન્દ્રમા ત્હમે સૂર્ય.'

'પણ અમૃત તો ચન્દ્રમાનાં જ ને?'

'અમારાં અમૃત તો મણમણનાં-હો! સુન્દરીનાં અમૃત પી કોણ અમર થયું જે?'

'સુન્દરીનાં અમૃત પીને જ પુરૂષો અવતર્યા ને ઉછર્યા.'

'પુરુષોએ સુન્દરીઓની કવિતાઓ લખી ન હોત તો સુન્દરીનો મહિમા આજ જગતમાં ચોથા ભાગનો યે ન હોત. કવિઓ એટલે સ્ત્રીજાતિના બિરદાવલીઓ.'

મ્હેં પૂછ્યું: 'તો પછી પુરુષો કોની કવિતાઓ લખે?'

એ અનુત્તર રહી, વિચારમાં પડી, ડૂબતી-મૂંઝાતી ભાસી. જ્હારે ત્ય્હારે ગૃહદેવીને મૂંઝવવાં ન હતાં એટલે વાત આગળ ચલાવી.

'ને કુબજાએ કૃષ્ણચન્દ્રને મોહ્યા'તા તે? કે કૃષ્ણયુગમાં યે સ્ત્રીબિરાદલીઓ જન્મ્યા'તા?'

'એ તો ગામડિયા ઉપરની શહેરી મોહિની: ગોકુ

ળના ગોવાળને મથુરાની કામણગારીનાં કામણે વશી-
કરણ કીધાં.'

નરઘાંની જોડી બોલે એવી અમારી વાત આજ ધડબડતી.

'ત્હારી આટઆટલી દલીલો પછી યે ભાખું છું કે સુન્દરી એટલે વીજળીની વેલ. તું યે અત્ય્હારે વીજળીની વેલ છે.'

'અજવાળે ય તે ને દઝાડે ય તે: એમને ?'

'મહાભારત પૂરૂં થઇ રહ્યે ધૃતરાષ્ટ્રે ભીમની લોહ-મૂર્તિને ભુજમાં ભીડી ભચડી નાંખી'તી. આપણું આ વાગ્-મહાભારત પૂરૂં થયે એમ ત્હારી દેહમૂર્તિને ભીડી ભચડી નાંખીશ હો ! આજ આડા અર્થ ઉકેલે છે તું. ફરીથી કહું છું: સુન્દરી એટલે વીજળીની વેલ. ને શ્રી કૃષ્ણજીને રાધિકાજી તેમ મ્હારે તું.'

'એમ કંઈ ને કંઈ બીક બતાવીને જ રોજ ને રોજ જીતો છો. આજ 'હા' નહિ ભણું. પણ ત્હો યે-ને કાળા ત્હો યે ત્હમે મ્હારા કૃષ્ણજી. ત્હમારી બંસીને વશ ભવના વ્રજમાં હું તો ભમતી હીંડું. શો ભવ્ય હતો એ ન્હાન-કડો કાનૂડો ?'

'હવે સાચું બોલી: સુન્દરી એટલે સુન્દરતા ને પુરૂષ એટલે ભવ્યતા.'

'ત્ય્હારે તો ત્હમારો જ નિત્યનો બોલ સાચો—એમ ને ? સુન્દરી એટલે વીજળીની વેલ ને પુરૂષ એટલે પુરૂષા-તનનો મેહુલો.'

વકીલોનાથી યે મોળી અમારી લ્હડાઇ હતી. વિવેકમાં અમે એને વાક્‌મહાભારત કહેતાં. અમે ઉઠયાં. પરસ્પરની કરવેલો ગૂંથી એકબીજાનાં નયનસરોવરોમાં તરતાં ડૂબતાં ને ઉછળતાં અમે હસી પડયાં.

મ્હેં કહ્યું: મ્હારી વીજળીની વેલ !

# ૫ : એનું પહેલું પુષ્પ

વનની તે મહારાણી હતી.

વનમાં હરિણી વિચરે એવી એ વિચરતી. ડાળખીએ ડાળખીએ કો પંખિણી ઉડે એવી એ ઉડતી.

ચન્દ્રમા ઉગે ને આકાશની કુંજોમાં અજવાળાં થાય એવાં એને પગલે વનકુંજોમાં અજવાળાં પથરાતાં. પાંદડે પાંદડે એના રૂપનું કિરણ જઇને બેસતું ને શોભાના અક્ષરો લખતું.

વન જાણે એને જોઇને આનન્દતાં.

ઉડણપંખિણી શી એ ઉડતી હતી.

વનમાં એણે એક વૃક્ષ જોયો, ને વૃક્ષની ડાળેથી વેલીને ઝૂલતી દીઠી. સાડીની કોર જેવી લીલી પલ્લવકોર ઢળેલી હતી.

ગગનની ડાંખળીએ ડાંખળીએ તારકફૂલડાં લટકે છે એવાં એ વેલની ડાંખળીએ ડાંખળીએથી ફૂલડાં લટકતાં.

એ વેલને ભાગ્યદેશે સૌભાગ્યચન્દ્રક હતો; એને કંઠ-પ્રાન્તે એકાવળ હાર હતો; એને બાહુદંડે ગજરા હતા; એને પાયપલ્લવે ફૂલનાં ઝાંઝર હતાં.

વનની એ ચન્દ્રવેલ હતી.

ચન્દ્રવેલને નિરખતી ઘડીક એ થંભી ગઇ. વનદેવીનાં કો દર્શન કરે એમ દર્શન કરતી એ ઉભી.

પછી એને થયું કે પોતે ય એવી શોભે તો ?

પોતાની અંગુલિની કળીઓ એને ઓછી કુમળી લાગી, હૈયાનાં ઝૂમખાં એને ઝંખાતાં લાગ્યાં, કંઠની આરસકાન્તિ એને નિસ્તેજ લાગી.

એના મનને કંઇક ઉણપ ભાસી.

વનની ચન્દ્રવેલ સન્મુખ ઉભતાં મહારાણી ઝંખવાઇ. ચન્દ્રવેલ સમી શોભાસજ્જ થવાના એને કોડ જાગ્યા.

એણે હાથ લંબાવ્યો ને એક ફૂલ ચૂંટયું.

ચૂંટતાં તો એ ફૂલ એણે ચૂંટયું, પણ ક્ષણેક પછી એને થયું કે એ ખોટું કર્યું. ચન્દ્રવેલ ભણી જોયું તો ચન્દ્રવેલ ઠપકો આપતી એણે દીઠી.

જગત ભણી મુખ કરીને એ ઉભી.

મનમાં એ મૂંઝાઇ. ઘડીક તો સૂજ્યું નહિ કે કિયા અંગની ડાળખીએ એ ફૂલને લટકાવવું.

પછી એને થયું કે કાળા વાળમાં ગોરૂં ફૂલ ઠીક શોભશે.

ફૂલડાંખળીની બે કુંપળો એણે બે લટોમાં પરોવી. મહારાણીના લલાટદેશના મધ્યપ્રાન્તે સૌભાગ્યના પુષ્પ સમું એ પુષ્પ લટકી રહ્યું.

એને અંગે અંગે આનન્દના ફૂવારા ફૂટયા. પોતાનું પ્રફુલ્લેલું રૂપ પોતે દીઠું તો નહિ, ત્હો યે મહારાણીની રોમધારાઓ નિર્ઝરી રહી.

મહારાણીને આજ આનન્દનું પરવ હતું.

વનની રાણી પછી વનમાં સંચરી.

પછી એણે કળાયેલ મોરને નાચતો દીઠો. નૃત્ય તો નહિ, પણ એના યે પગમાં એક જાતનું ઝૂલન જાગ્યું.

પછી એણે કોયલને બોલતી સાંભળી. એનો યે કંઠ ઉઘડી ગયો ને એણે સ્હામો ટહુકાર કીધો. એ ટહુકારે વન ગાજ્યાં, ને કોયલ શરમાઈ ગઇ.

સુન્દરીનો ટહુકો જગતમાં ઢોળાયો ત્ય્હારથી કોયલ કુંજોમાં સન્તાતી ઉડે છે.

તે તિથિએ સુન્દરતાનાં શાસ્ત્ર પૃથ્વીમાં ઉતર્યાં.

# ૬ : કુંવારો કે બ્રહ્મચારી?

૧૯૧૯૨૫

‘ જો ! પેલો પ્રમોદ : બ્રહ્મચારી છે.’ બે ત્રણ વિદ્યાર્થિણીઓ સંગાથે પ્રમોદને જતો જોઈને મ્હેં મ્હારા મિત્રને ઓળખાવ્યો.

૧૯-૧૯૨૫

અમારી કોલેજમાં આજ Inter-Collegiate Ladies' Tennis Tournament ની છેલ્લી રમત હતી; એટલે કોલેજીયનોનો જાણે મેળો ભરાયો હતો.

‘ હશે ’: મ્હારા મિત્રે કહ્યું. ‘ અમારી કોલેજમાં તો ઉઘાડા માથાની બ્રહ્મચારિણીઓ સંગાથે ઉઘાડા માથાના બ્રહ્મચારીઓ હોડીઓ તરાવવા જાય છે. એમનામાંના કોકને પૂછી જોજે એમની વાતો.’

‘ ખરૂં કહું છું: પ્રમોદે તો ન પરણવાનું વ્રત લીધું છે.’

“ ભણે એટલા બ્રહ્મચારી’ એ વ્યાખ્યા તે સાચી પાડતો હશે. આ જોને એના અંગનો અલસગમના સમો મરોડ, ને પંખીની પાંખ સમો નેણાંનો નાચ; ને—’

‘ તું નથી માનતો. હરતાં ને ફરતાં એ તો કહે છે કે કલાકાર કલાને જ પરણેલો છે.’

અમારી કોલેજમાં પ્રમોદ કલાકાર ગણતો. એ કહેતો કે કલાને શૉક હોય નહિ.

પ્રમોદને કાંડે સોનાઓપનું ઘડિયાળ હતું, ને હાથમાં, અલકાની સુન્દરીને કર કમળ લટકતું એમ, એક વિદ્યાર્થિણીનું રેકેટ લટકતું. ફૂલછોડની ડાળખી ડોલે એવી છટાથી એ રેકેટ ડોલતું. એનો રૂમાલ કોટના કોલરને આચ્છાદાઇને ગળા ફરતો કેસરીની ઘોળી કેસર જેવો ઉડતો.

એની આંખમાં ચમક હતી, એના અંગમાં લાલિત્ય હતું. કોલેજમાં સહુ જાણતું કે જીવનભર ન પરણવાનું એણે વ્રત લીધું છે.

અમારી કોલેજનો પ્રમોદ કલાકાર હતો. એનો કંઠ ઘેરો, પણ હલક મીઠી હતી. તાલબદ્ધ તે ગાતો ને સંગીતનો ઉસ્તાદ ગણાતો; એટલે કોલેજના ઉત્સવપ્રસંગોએ યુવતિઓને અભિનય શીખવવાનું એને સોંપાતું. કેટલાક છાની છાની વાતો કરતા કે ધુરન્ધરે એને Model તરીકે ન્હોતર્યો હતોઃ ‘સુન્દરી’ કે બાલગાન્ધર્વની-એકની એણે અભિનયની ભૂલ સુધારી હતી.

પ્રમોદ જતો-આવતો ત્યહારે સહુ માગ આપતા ને જોઈ રહેતા. એના કેશકલાપની કલા નિત્ય નિત્ય અવનવી છાજતી. તાઝે બ તાઝે, નૌ બનૌ-એ હાફીઝની ગઝલ બેન્જોમાં રણકતાં શ્રોતાઓનાં પાય ને અંગ ડોલી ઉઠે છે એવી અખંડ ડોલનગતિએ એ ચાલતો.

ટેનિસની રમતનો એ પારંગત નહોતો; પણ સર્વિસ વેળાનો એનો રૂઆબ આંજી નાંખે એવો હતો. ‘રીટર્ન

ભૂલાય તો ભલે, પણ છટા ન ભૂલવી ' એ એનું ખેલનું સૂત્ર હતું.

આજે ઇન્ટરકોલેજિયેટ ટૂર્નામેન્ટ હતું એટલે વિદ્યાર્થિણીઓને લઇને પ્રમોદ ટેનિસ કોર્ટ ઉપર જતો હતો. એના વિરોધીઓ કહેતા કે વિદ્યાર્થિણીઓ સંગાથે જવાથી સન્માન ને સારૂં સ્થાન પમાય; માટે એ યુવતિઓનો સંગાથ શોધતો.

કોલેજના નિયમ પાળીને નહિ, નિયમ ભંગ કરીને એ છાપ પાડતો. કોઇ પણ નિયમભંગને એ કલાકારની સ્વતન્ત્રતા કહેતો, કોઇ પણ નિયમપાલનને એ કલાકારની પરતન્ત્રતા કહી ઉપહાસતો.

જ્યહાં જવાનો અધિકાર ન હોય ત્યહાં તે જાય ત્યહારે ત્હેને કળ વળતી. ખાનગીમાં પ્રોફેસરોની ખુશામત કરતો એટલે જાહેરમાંની એની કેટલીક ઉદ્ધતાઇ તેઓ નિભાવી લેતા.

સોશિયલ ગેધરિંગમાં ગાંડાનો કે વિદૂષકનો ભાગ એ ભજવતો. ચિત્રકલા ઉપરના એના ભાષણે તો કમાલ કરી હતી; કારણ કે નાનાવિધનાં પચાસેક પાંદડાંઓ વીણી લાવી ત્હેમનું પ્રદર્શન કરીને એણે સિદ્ધ કીધું હતું કે કોલેજમાંની એક ચિત્રકારિણી સરજનહાર કરતાં યે મ્હોટી કલાધીશ્વરી હતી.

કોલેજમાંના ઉગતા કવિઓનો પ્રમોદ Patron હતો. એમનાં વીણેલાં કાવ્યોનો સંગ્રહ, ઉપોદ્‌ઘાત ને વિદ્વદ્‌ટીકા સાથે, છપાવવાની પ્રમોદ પ્રવૃત્તિમાં હતો.

પ્રમોદ કહેતો કે સહુ વખાણે એને વખાણવામાં આપણી વ્યક્તિવિશિષ્ટતા શી ? પછી પ્રમોદની ગુણગાથાની ગઝલો ચર્ચાઓમાં પીરસાઈ તેની કોલેજમાં ઉડતી થઈ.

ક્રીકેટ રમતાં આવડે નહિ, છતાં ક્રીકેટના આચાર્ય હોય એવા રમંડીઓ તો દીઠા છે ને ? એમ વગર લખ્યે આચાર્યત્વની છાપ એણે કોલેજમાં પાડી હતી.

સિનેમાઓની બધી નટીઓની પડદા પાછળની વાતો એ જાણતો. ને કહેતો, ને સહુને કુતૂહલ જગાડતો.

બેડમિંટન રમવામાં એ ઉસ્તાદ હતો. ત્રણ ત્રણ ફૂટ પીંછાં ઉછાળતો; ને કહેતો કે ઉડતાં પંખી ઉછાળવામાં સહુને આનન્દ પડે છે એવો આનન્દ એને પડતો.

પોતાને એ Rationalist કહેતો; ને હાલતાં ચાલતાં, એને તો સહુને ઉપહાસવાને કે નિજ મહિમા વધારવાને, સહુનાં દૃષ્ટાન્તો આપતો.

મુસલમાનોમાં જાય ત્હારે એ ખાદી પહેરતો, ને યુરોપીઅન કોટ ઉપર હેટ પહેરતો. એનું સૂત્ર એમ સ્હમજાવતો કે Do in Rome as the Romans do.

મુસલમાનોએ એને એક ઉપપ્રમુખ ચૂંટ્યો હતો, પણ એણે સ્વીકાર એ બધી નકારી હતી. વર્ણાન્તર લગ્નોની સભામાં પ્રમોદ ખૂબ બોલ્યો હતો. 'અમારી નાતના નેતા સમાજના સ્થંભ છે. એમને હું પૂછું છું કે એમનાથી બને એ ત્હાં વર્ણાન્તર લગ્ન ત્હમે કરો છો કે કરશો ?' એ લોકોને પ્રમોદ હાસ્યરસનો ભંડાર

માનતો, ને એને મિત્રમંડળમાં ફરી ફરી કહેવામાં પ્રમોદ પુનરુક્તિદોષ નહોતો સ્હમજતો.

પખવાડિયે એકાદ વાર પ્રમોદ વ્હાઈટવેમાં જતો; સસ્તી શોભાળી નવીન વસ્તુઓ ખરીદી લાવતો; કોઈક પ્રોફેસરોને આપતો ને કોઇક સ્ત્રીમિત્રોને આપતો.

એ લગ્નને ધિક્કારતો ને મૈત્રીને માનતો.

ટેનિસ કોર્ટ ઉપર આજ સ્ત્રીવિદ્યાર્થિણીઓની ટુર્નામેન્ટ હતી એટલે ભીડ ઝાઝી હતી. અમે બે મિત્રો ભીડમાં ગયા નહોતા, પણ આઘેથી ભીડને જોતા હતા ને કોલેજના કલાકારની વાતોમાં લીન હતાઃ કારણ કે કલા અને સૌન્દર્ય આજ કોલેજના વાતાવરણમાં ઉછળતાં ગટાપર્ચાના બોલ ને મોરપીંછ જેવાં સર્વવ્યાપી છે ને ?

એવે ટેનિસ કોર્ટ ઉપરથી ગર્જના સંભળાઈઃ હુર્રરે; હિપ હિપ હુર્રરે.

વિદ્યાર્થીઓનું ટોળું વિખરાયુંઃ જાણે યુદ્ધમાં કો કિલ્લો પડયો ને પથરા વિખેરાયા. ને દુર્ગમાંથી દુર્ગપાલ આવે એવો પ્રમોદ આવતો હતો.

અમને દીઠા ને તે ઉભો.

'ફાઈવ-લવ કરીને થાકી જવાયું, એટલે પહેલા સેટમાં આપણી કોલેજ હારી. પરસેવાનાં ટીપાં તો જાણે મોતીનાં ઝૂમખાં! પણ બીજા સેટમાં-બીજા સેટમાં એવો સંગ્રામ જામ્યો ' તો ! Greek Girls at Game

of Balls નામનું આલ્મા ટેડીમાનું ચિત્ર તો જોયું છે ને? ફટાફટ, ફટાફટ—એમ ફાઇવ બોલ થયા. પછી એઇટ બોલ અને ડયૂસ. છૂટી ઉડતી અલકલટો તો જાણે ઉડતી પાંખિણીઓની કલગીઓ! પછી બે પોઈન્ટે મ્હમારી કોલેજ જીતી ગઈ. મ્હારે તો પરણવું નથી. પણ એક ડઝન જણાએ ‘પરણવું તો આને જ પરણવું’ એવા માનસનિર્ધાર આજ કરી લીધા છે.’

‘મ્હમારા બ્રહ્મચર્યનાં વ્રતને માટે મ્હમને ધન્યવાદ ઘટે છે. એ વિરલ વ્રત વિરલા જ પાર ઉતારે. ભીષ્મ તો કુરુક્ષેત્રમાં એક જ હતા.’

અનિમિષ આંખે પ્રમોદ મ્હારા સ્હામું જોઇ રહ્યો હતો: જાણે દૃષ્ટિની કટારે મ્હારૂં દિલ ઉઘાડીને એ જોવા માગતો હોય ને કે મ્હારી તે વ્યાજસ્તુતિ હતી કે સાચો ધન્યવાદ? બન્ધૂકમાં ગોળી ભરે એમ અન્તરમાં ઉત્તરને પણ એ ભરતો હતો.

‘જૂવો, મિસ્તર! લગ્નમાં હું માનતો નથી. મૈત્રીમાં હું માનું છું. કલાકારે પરણવું ન જોઇએ એ મ્હારૂં કલાસૂત્ર છે. કલાકાર કોને પરણે? પરણીને શું આંખ મીંચી દે? એ તો આજ જૂવે એને કાલ ભૂલે, ને કાલ જૂવે એને પરમે ભૂલે. જીંદગીભર પરણવું નહિ એવા મ્હેં સોગન્દ ખાધા છે.’

‘જો, હું કહેતો ન્હોતો: આજીવન બ્રહ્મચર્ય.’ મ્હારા મિત્રને કહ્યું.

'એ શું ભરડો છો? ભાઈ! સંસારમાં યે કુંવારો સુખિયો છે કે ઘેરઘેરથી ઈજન મળે જમવાનાં ને ગમ્મતનાં.' પ્રમોદ બોલ્યો.

'ખરૂં; ત્હમારા કોલેજના અનુભવોનો એ સાર લાગે છે.' મિત્રે કહ્યું.

'કોલેજનો મ્હોટામાં મ્હોટો મ્હારો અનુભવ તો એ છે કે આજ છે સૌન્દર્યનાં રાજ્ય: એટલે આપણે પરણવું નહિ. પત્નીના પુરૂષમિત્રને સહી લેવાની સહનશીલતા જેનામાં હોય ત્હેમણે જ અમારી કેટલીક સહાધ્યાયિનીઓમાંથી કોઇકને પરણવી.'

'ત્હમારૂં બ્રહ્મચર્ય અખંડ તપો.'

'મિસ્તર! આશીર્વાદ દ્યો છો કે ગાળ? એ શી લવરી-પેલા ન્હાનાલાલે ચીતરી માર્યું છે એવી? હું જો સિન્ડીકેટમાં હોઉં તો જયા-જયન્ત બી. એ. માં ભણાવાય શેનું? પ્રીવિયસની કાયમની ટેક્ષ્ટ બૂક હોય પૃથ્વીવલ્લભ. પૃથ્વીવલ્લભ ક્યહાં પરણતો'તો? આપણે તો વ્રત લીધું છે કે જીંદગીભર પરણવું નહિ. બાકી પુરૂષ વિના સ્ત્રીને કે સ્ત્રી વિના પુરૂષને કિયા જમાનામાં ચાલ્યું છે કે વીસમી સદીમાં ચાલે? એ ખરૂં કે કલાધીશની કલાને શૉક ન હોય.'

મ્હારા મિત્રની કોલેજ આજની ટર્નામેન્ટ જીતી હતી એટલે એ તો આનન્દહિન્ડોળે ચ્હડયો હતો. એની દૃષ્ટિ સમરડીચક્કરડી ખાતી હતી.

પ્રમોદ ગયો, પણ મ્હને મૂંઝવણમાં મૂકતો ગયો. એનું

છેલ્લું ભાષણ છટાદાર હતું, રાજમન્ત્રણાના કો કાગળ સમું અગમ્ય હતું, પૂરૂં સ્હમજાયું ન્હોતું. મિત્રને મ્હેં પૂછ્યું :

'હેં ! ત્ય્હારે શું ન પરણેલો–કુંવારો એટલે બ્રહ્મચારી નહિ ?'

મિત્રે સ્હામો પ્રશ્ન પૂછ્યો : ત્હને ખબર છે કે દીકરા એ બધા પુત્રો નથી ?

નવું જ્ઞાન ઉગતું હોય, નવો ઉગતો ધૂમકેતુ નિરખતો હોય એમ હું મિત્રની સ્હામું જોઇ રહ્યો હતો. મ્હારી આખી યે મુદ્રા પ્રશ્ન પૂછતી હતી.

મિત્રે કહ્યું : 'જો સાંભળ. મ્હને તો મુંબઈના એક શેઠિયાએ ભણાવ્યું છે કે 'દીકરા એટલા પુત્ર નહિ' એ તો શાસ્ત્રીય સૂત્ર છે. પુ નામના નરકમાંથી શ્રાદ્ધ કરીને પિતાને તારે એ પુત્ર. અને શ્રાદ્ધનો અધિકાર છે જ્યેષ્ટને કે કનિષ્ટને. એટલે કોઇને ચાર દીકરા હોય તો પહેલો ને ચોથો એ પુત્રો, ને બીજો ને ત્રીજો એ દીકરા. ખોટું હોય તો કોક શાસ્ત્રીને પૂછી જોજે.'

'આ તો વ્યાખ્યાઓના વમળમાં પડયા. ડૂબશું કે તરશું ?'

મિત્રે કહ્યું : 'દુનિયા તરવાનો મ્હોટો સાગર છે. તારાઓ તરે છે ને વણતારાઓ ડૂબે છે. પણ એટલું આજ ભણતો જા કે દીકરા એટલા પુત્રો નહિ, ને કુંવારા એટલા બ્રહ્મચારીઓ નહિ.'

❦ ❦ ❦

# ૭ : વટેમાર્ગુ

લોક કહે છે કે પન્થીની પ્રીત શી? પણ એને તો પન્થીનાં કામણનાં બાણ હૈયાં સોંસરાં વાગ્યાં હતાં, ને એણે પન્થીની પૂજા આદરી હતી.

ગામની તે ગોપિકા હતી.

માર્ગે જતાં-આવતાં તે કૃષ્ણભક્તિનાં ગીત ગણગણતી, એટલે લોક એને ગામની ગોપીકા કહેતાં.

ગામની રૂપવતીઓને રાસડા એ ઝીલાવતી. પાણીકેડે સાહેલીસંઘની એ સંઘવણ હતી. મન્દિરમાં અને મહોત્સવોમાં ગાયો સમાં સહિયરધણની એ ગોવાળણ હતી. સહુ એને ગામની ગોપિકા કહેતાં.

એના પાયમાં ઝાંઝર ઝમઝમતાં. એની ત્વચા કાચ જેવી પારદર્શક અને નખ અડતાં શોણિતની શેડ ઉડશે એમ ઉચ્ચરતી સતાં કમળવર્ણી હતી. મન્દિરધેનૂ સમી તે ગામમાં ઘૂમતી.

એની ડોકનો મરોડ અજબ હતો. એનાં પગલાંનો ઉછાળ અનોખો હતો. એની આંખડીનું મટકું મનોહારી હતું. એના આખા યે અંગનો ઉઠાવ મોહિનીછલકાતો હતો. સ્હામાં મળે તે સહુ એનાં દર્શન કરીને સંચરતાં..

યૌવનના આંગણમાં ઉભેલી એ યુવતિ રસકુંજની કીમિયાગરણ ને પ્રમદવનની પ્રમદા સમી હલેતાવેડાને હીંચકે હિંડોળા ખાતી હીંડતી. મતવાલી ગાયના જેવું અજબ એ માથું ઉછાળતી.

પુરુષોનાં પુરુષાતનને જીતનાર પ્રકૃતિના પ્રપુલ્લેલા પુષ્પ સરિખડી એની આંખડીઓ ફરફરતી.

એનું નામ વિજયા હતું.

પણ એ જગત્‌વિજયા યે એકદા હારી બેઠી, ને પાંડવોની પેઠે નિજનું સર્વસ્વ હારી બેઠી. એક પાસામાં કોઈ સર્વસ્વ હારી જાય એમ પ્રારબ્ધપાસા સમા એક મટકામાં એ સકળ હારી બેઠી.

અને એ આમ બન્યું.

૨

ગામને પાદર કૂઈ હતી, ને ગામની ગોરીઓ ગામલોકને એ કૂઇનાં પાણી પાતી. લોક એને મીઠી કૂઈ કહેતાં.

ગામ ફરતો ઉજ્જડ વગડો ઢોળાતો. ઉનાળામાં ત્‍હાં ઘામ ધખધખતા, શિયાળામાં ત્‍હાં શીતળ વાયુ સુસવાતા. વર્ષા આછી વર્ષે ત્‍હો યે ત્‍હાં બારે માસ ધરતી રસાર્દ્ર રહેતી.

ત્રણે ય ઋતુઓ ત્‍હાં જોમ દાખવતી એ ગામલોકને ગમતું.

મીઠી કૂઇ કને થઇને વગડાનો મારગ વહેતો. પાણીના વ્હેળા જેવો એ વગડાનો મારગ વહેતો. ગગનમાંથી પડતી ગંગા સમો મારગ ઉત્તરની ધાર ઉપરથી ઉતરતો ને દક્ષિ-

ણની ખીણોમાં ઢળી જતો. આભના બન્ને યે છેડાને પરોવતો જાણે તે દોરો હતો.

વગડાના વટેમાર્ગુઓની એ વાટ હતી. જગતના જાત્રાળુઓ એ માર્ગે જતાઆવતા. અનન્તમાંથી ઉતરી એ મારગ અનન્તમાં ઢોળાતો.

મીઠી કૂઇ કને ગામની ધર્મશાળા હતી. પણ ધર્મશાળામાં તો અપંગો જ પડયા રહેતા.

એકદા મીઠી કૂઇને કાંઠડે એ હૈયું હારી બેઠી.

૩

સ્હવારનો પહેલો પ્રહર ઉતર્યો હતો, ને બીજો પ્રહર બેસતો હતો.

રોજ તો સહિયરસાથમાં મીઠી કૂઇએ સ્હાંજે સ્હાંજે તે પાણી જતી. આજ મહીનાં ગોરસ બેવડાયાં હતાં એટલે બ્હલોણામાં ગોળી ઠાલવી, ને ગોરસીઓ ભરી, ને માંખણ તાવ્યાં: તેથી પાણિયારે પાણી સ્હવારે ભરવાનાં આવ્યાં. સહિયરો રસોડામાં હતી એટલે એ એકાકી પાણી સંચરી.

રહવાર હસતું હતું ને એ યે હસતી હતી. મદને ઝોલે ચ્હડેલી તે પ્રમદા ઝોલાં ખાતી જતી હતી.

સૂર્યનો તડકો હજી કુમળો હતો, છતાં ઉષ્માની ઝાળના પહેલા ફણગા એમાંથી ફૂટતા હતા.

મીઠી કુઇને પગથિયે ઝોલાં ખાતી ખાતી તે ચ્હડી: જાણે કો રાજવીની રાજધેનુ.

ગાળામાં ઘડો પરોવી જળમાં સીંચ્યો. મીઠી કૂઇનાં જળ છાછરછલ્લાં હતાં. પછી જળદોરના બ્હામ ઉછાળતી

હલેતાએ હિન્ડોલડોલન્તી નિજની છબિ આભના અરીસામાં જોઇ.

છબિલીનો છાક જાગ્યો હતો.

પહેલે ડૂબણે ગાગર અડધેરિક ભરાઈ. બીજે ડૂબણે ગાગર છલકાઈ ગઇ ને ગરણું ધોવાયું.

ત્રીજી વેળ જળમાં ઘડો સીંચ્યો તે ગાળે ગરણું બાંધીને સીંચ્યો. એક વાર-બે વાર દોર હલાવતી તે કૂવાકાંઠે ઉભી હતી: જાણે ગામની ગોપિકાનું ગૌરવ.

ગુડ ગુડ ગુડ ગુડ ગડગડતો ગરણુંબાંધ્યો ઘડો ધીરે ધીરે ડૂબતો જતો. પરપોટા ઉઠતા ને ફૂટી જતા. પરપોટા ગણતી હોય એવી તે મીઠી ફૂઇને કાંઠડે ઉભી હતી.

કેળનો ડોડલો નમતો હોય એવો એના કંઠનો ત્રિભંગ હતો. કટીદેશે સિંહલંક મરડી પાલવનો પંખો ખાતી તે ઉભી હતી. એની આંખડલી આભમાં ઘૂમી આવતી હતી.

ગુડ ગુડ ગુડ ગુડ ઘડો ભરાઇ રહ્યો. દોરના ઉછળતા લસરકા અન્તરિક્ષે ઉછળી રહ્યા. દેહનો હિન્ડોલે પ્રમદાના મદનાં ઉછળતાં મોજાંઓ સરિખડો ઉછળતો.

ઘડાનો ગાળો છોડયો; ગરણું ઉતાર્યું; બેડલું ભરાઇ રહ્યું; ને ઉંચે જૂવે તો સન્મુખ ઉભો દીઠો વગડાનો વટેમાર્ગુ: જાણે કો જાદુગરો જોગી!

૪

'બાઇ! વ્રજપુરનો કેડો કિયો?'

ચમેલી સરિખડાં લોચન ઉઘાડી પ્રમદાએ ઉંચું જોયું. યૌવનનો થાંભલો, પુરુષાતનનો મોભ, દેવોના જાજવલ્યદીવડા શો એ એક લ્હેરખડો પુરૂષ હતો.

એના કાને એકએક ફૂલ હતું, એને મોળીડે ફૂલનો તોરો લટકતો.

'હા, વજપુરનો ને?'

કદી યે મૂંઝાતી નહિ એને આજ અમૂંઝણ ઉગી. એનાં પોપચાં વડટોચને વધાવતાં એ આજ નમી ગયાં. એનાં અંગઅંગ આજ નીતરતાં.

પાલવછેડલો સંકોરીને તે બોલી: 'વજપુરનો ને? પેલા વડલા પડખે છે તરશીંગડો. એ તરશીંગડાને અળગો મ્હેલી નદી ભણી વળશો એટલે વજપુરનાં ઝાડવાં ઝંખાશે.'

બોલતાં બોલતાં એ ઝંખવાઇ ગઈ: જાણે ચન્દ્રકળા ઉપર કોઈ વાદળછાયા આવી બેઠી ન હોય!

ઉડીને પડતા પાંદડા સમી પ્રમદાની હાથેળી ઉછળી ને દિશા દાખવીને પડી. ઝાડની ડાંખળીઓ સરિખડી એની આંગળીઓ ફરફરતી.

'વગડાના વટેમાર્ગુ છો ને?'

એના કંઠમાં વાંસળી બોલતી; એને મુખડે મરકલડાં પડતાં.

તે ગયો. પાણી યે ન પીધું ને વટેમાર્ગુ વગડાની વાટે વળ્યો. નારીહૈયામાં નરની છબી પાડીને તે ગયો.

જતાં જતાં તે લલકારતો હતો. આકાશમાં જાણે વરત નાંખતો હોય ને ઉત્તર માગતો હોય એવું એ લલકારતો હતો. ગેબના પડદા એને બોલડે ડોલતા. પ્રલંબ સૂરે એ લલકારતો હતો:

અમે પરદેશી પાન, વાના વળૂંધ્યાં આવિયાં.

તે ગયો.

પનિહારીનું પાણી યે ન પીધું ને વટેમાર્ગુ વગડાની વાટે વળ્યો.

હથેળીમાં ફૂલ રમે એમ એ વગડાની હથેળીમાં રમતો જતો. પ્રમદાના દૃષ્ટિકિરણનો દોર, ગગનાંગણમાં ઉડતો પતંગ જેમ દોરને આકર્ષતો ઉડે ને ઉડે ને આકર્ષે એમ, પાછળ પાછળ આકર્ષાતો ગયો. વગડો વીંધીને મારગ પડેલો હતો ને વગડો વીંધીને એની નજરો પડતી. આભની ઝાલર પાછળ એ સન્તાયો ત્યહાં સૂધી એણે નિરખ્યાં જ કીધું: જાણે ચક્ષુનું એક જ અંગ એને રહ્યું હતું!

પછી એણે પત્થરની પૂજા માંડી.

મીઠી કૂઇને કાંઠડે કયહારેક એ એકલવાયી જતી, જઇને બેડલું ભરતી, ને એની વાટ જોતી. પણ વગડાની વાટના વટેમાર્ગુ ગયા પાછા વળ્યા છે વિરલા જ.

મીઠી કૂઇને કાંઠડે ગોપિકા ગણગણતી તે સારૂં ગામ સાંભળતું; વગડો એક જ શ્રવણસૂનો હતો.

એક વાર ગોકુળ આવજો,

ગોવિન્દરાય! એક વાર ગોકુળ આવજો. (લોકગીત)

લોક કહે છે પન્થીની પ્રીત શી?

ખરેખર! પન્થી તો ઉડતી પાંખનો પડછાયો છે.

# ૮ : વીણાના તાર

તારલા કંઇ તારલાને તેજમટકે મટમટે;
ટો આત્મ કાં નવ સૂક્ષ્મ તત્ત્વથી આત્મના અનુકમ્પ દે?

ટેનીસન

ઉંડા વનમાં એક નદી હતી ને નદી ઉપર કાળી ભમ્મર છાયા ડોલતી. નદીનાં પાણી, મૃત્યુજલ જેવાં, એ છાયા કરતાં યે કાળાં હતાં.

એ છાયા એક શામળા વૃક્ષની હતી. એ વૃક્ષ ફરતું ઘેરી લીલાશનું ઘુમ્મટઆચ્છાદન હતું. એમાંનાં પુષ્પ ને પાંદડાંઓમાં કંઇ વિરલ સન્ધિકા રમતી.

વૃક્ષ નીચે એક વીણા હતી. વીણા ઉપર વિશાળ ડાળીઓના ફણગા ઢળેલા હતા, અને આકાશના નીલા ઘેર જેવો ઘુમ્મટ રચતા. એ વીણા કઈ ડાળીએથી લટકતી તે કોઈ કહી શકતું નહિ. પણ ઉંચા સોનેરી ઘાસનાં શ્વેત ન્હાનકડાં ફૂલોમાં તે હિંડોળા ખાતી. આભના થંભ જે શોધી કહાડતાં ત્હેમને તે વીણાની ખીંટી જડતી.

કેટલીક વેળા વીણા નદી પર થઈ સરસરતા વાયુબાલના ગીતના પ્રતિરવ ગુંજતી, અને આખું વન એ ધ્રુવ-

સંગીતથી ગાજી ઉઠતું. પણ ઘણી યે વાર નદી જ્હારે સુષુપ્ત હોય, પંખીઓ ઉડી ગયાં હોય, વાયુબાલ વિશ્રમ્યાં હોય ત્યહારે તે વીણા પોતાનું એકલ ને અકલ સંગીત ગાતી. અને વન એ વિશે કંઈ જાણતું નહિ. છતાં એવી વેળાએ સોનેરી ઘાસમાંનાં ન્હાનકડાં ફૂલ કંઈક તેજથી કાન્ત થતાં ને છાનાં છાનાં પરિમલ વેરતાં.

વીણા ગાતી ત્હેનું કારણ કારણવાદીઓથી કળાતું નહિ, પણ પંખીડાં ને વાયુબાલ કરતાં વીણા વધારે ગાતી.

આ બધું એક ઉંડા ઉંડા વનમાં બનતું–ધણને પાણી પાતા ને દ્હોતા એવા એક નદીકાંઠે થતું. ગોપવૃન્દ એ સંગીત સાનન્દ સાંભળતું, કારણ કે તે કૃષ્ણસખા હતા. બાલતેજ ભર્યા સ્હવારે ને છાયાછવરાયા સ્હાંજસમયે ત્હેમના આત્માઓ ત્યહાં નિત્યે ને નિત્યે સંગીતપૂર્ણ થતા. પણ વાઘ મૃત્યૂચ્છ્વાસ ક્હાડતા કે ચન્દ્રતેજમાં નદી કાન્તિમતી થતી એ મધ્યાહ્નને કે મધ્યરાત્રીએ ગોપકુલ ત્યહાં આવતું નહિ.

એક વેળા સ્હાંજનો સમય હતો ને વન ઉપર સૂર્યરાજ વિરામતો.

નદી ઉપર છાયાઓના પટ પડ્યા હતા ને એ છાયાપટોને નદીની લહરીઓ હિન્દોળા નાંખતી.

સુવર્ણતેજમાં પક્ષીઓ પાછાં માળે આવતાં અને ઉંચાં ઉંચાં પત્રગુચ્છોમાંના ઝીણકા માળાઓમાં માદાઓ પોતાનાં પ્રિય આત્મજોનાં સેવન કરતી. તે વેળા વીણા આછાં–અતિ આછેરાં શોકગીત ગાતી હતી.

એક વેળા વેલીમાંના પુષ્પદ્વારમાં થઇને ત્ય્હાં એક સુન્દરી આવી. એની આંખો, શતાં કમળ સમી, ભીની ને રાતી હતી. એના હાથમાં એક બાળક હતું તે ચન્દ્રફૂલના જેવું નીરવ હતું.

વીણાએ વધારે કોમલ ને વધારે શોકગ્રસ્ત સૂર છેડયા. તારાભર્યું વ્યોમ વીંધીને કો સ્વર્ગસ્થ પ્રીતમનો આત્મા પૃથ્વીવાસિની પ્રિયતમાના ઉરમાં કંઇક પ્રેમગીત ગુંજારે એથી યે એ ગીત કોમળ ને કરૂણ હતું.

ફૂલોમાં થઇને તે સુન્દરી નદીતીરે ગઇ. ઉંચે પાંદડાંઓ પણ ત્ય્હારે માળાઓને વીંટી સ્થિર ઉભાં.

તે બોલી: 'મ્હારા આત્માની આંખ! આભની વિશાળી શાખાઓ નીચે મ્હારે બીજું કોઈ નહોતું.'

અને તે માતાએ નિજના ન્હાનકડા બાળુડાના વદન-ફૂલડાને ચુંબન કીધું, પણ બાળકડાએ ગુલાબી સ્મિત ફરકીને ઉત્તર આપ્યો નહિ. આઘે આઘેના પ્રદેશોમાંથી ઉતરતા કો એક તેજકિરણે એના ગૌર બાળલલાટને તેજસ્વી કીધું.

માતાએ તે તેજકિરણ ચુમ્બી લીધું ને આત્માને તેજપૂર્ણ કીધો.

'મ્હારા હૈયાની કલા! મ્હારા પ્રેમના છેલ્લા અંશ! જા, ત્હારા પિતા પાસે પાછું જા.'

તે માતા નદી ઉપર નમી. ત્હેના ટપકતા અશ્રુબિન્દુઓએ ઉંડા પ્રશાન્ત નદીજલની લહરીઓને જાગૃત કીધી.

એની આંગળીઓ પાણીને અડકી. તત્ક્ષણ બાળકને પાછું ખેંચી લીધું ને નદીથી દૂર જઈને ઉભી. નદીનાં જળ ત્હેને મૃત્યુજળ જેવાં વિકરાળ ભાસ્યાં. વાઘના મૃત્યૂચ્છ્વાસની છાયા જલ ઉપર ડોલતી દીઠી.

'મ્હારે મૃત્યુમૂર્તિ મ્હોતી જોવી; માટે ચિતા તજી જળસમાધિ આપવા અંહી આવી. શું? જ્યહાં જાઓ ત્યહાં મૃત્યુ સન્મુખ ખડું છે?'

મીંચાયેલી નયનકળીઓને માતાએ વળી વળીને ચુંબન કીધાં, ઉપર અશ્રુજલ છાંટયાં, ત્હો ય તે ઉઘડયાં નહિ. માતાની ઉછળતી છાતી ઉપર બાળકની સુવર્ણલટો-માંથી સરિતજલનાં બિન્દુ ટપકતાં હતાં. તે ત્યહાં જ સમાતાં ને માતાનું હૈયું ભીંજવતાં ને ભરતાં

વીણા વધારે ને વધારે સુકોમળ વાગતી.

'જા, મ્હારા વ્હાલા! સ્વર્ગને બારણે ત્હારા પિતા ત્હારી વાટ જૂવે છે.'

ઘાસ ઉપરથી એ ઉઠી ને નદીની કિનાર ઉપર આવી. મૃત્યુશામળી નદી વહતી હતી.

નદી ઉપર તે નમી. ક્ષિતિજપાળે કો વાદળી ઉપર ચન્દ્રકિરણો શુક્તારાને ઝીલી રહ્યાં હોય એવા બાળકઝીલ આરસહાથ માતાએ લંબાવ્યા. તે નમી ને વીણાનું રુદન ગીત વન વીંધી વહી રહ્યું. નદી ઉપરની શામળી છાયાએ ધ્રુજી ઉઠી ને આકાશોમાંથી સૂર્યે તેજ સમેટી લીધું.

વીણા ગીત ગાતી, પણ તારોનો સૂરસંવાદ ન હો

તે પાછી વળી-બાળક વિનાની માતા જળઓઘ ઉપરથી પાછી વળી. નીલઘેરા વૃક્ષના પોલા ઘુમ્મટથી ત્હેની દૃષ્ટિ ભરાઇ ગઇ. ત્હેની દૃષ્ટિશૂન્ય આંખો સૂરની સ્વરમૂર્તિઓ નિરખતી: એટલી સ્થિર અને એકાગ્ર એણે દૃષ્ટિ માંડી હતી. વીણાનો સ્વરભંગ અન્તરમાં અથડાતો, ન ગમતો; પણ તે જાણતી ન્હોતી કે શાથી.

આવતા કે જતા અગમ્યના ઓળા જેવાં વીણા ગીત ગાતી.

તે દૃષ્ટિ માંડી રહી: સોનવર્ણાં ઘાસ ને ત્હેમનાં ફૂલ-તારકો ઉપર થઇને દૂર-દૂરનાં વનમાં એ અનિમિષ દૃષ્ટિ માંડી રહી. પણ સ્વરભંગથી ભરેલા, વૃક્ષ નીચે લટકતા, ઘુમ્મટ વિના કાંઇ ત્હેણે દીઠું નહિ.

'એ તો ભ્રમણા' કહી એણે મન વાળ્યું.

તે વિચારશૂન્ય હતી: એના અન્તર્જલમાંથી વિચાર-લહરીઓ આથમી ગઇ હતી. એનો આત્મા સૃષ્ટિનો ન્હોતો રહ્યો. ગીતની ગુફાઓમાં, વીણાના સ્વરખંડિત ગુંજારમાં તે વિચરતો. હૃદયભાવમાં તે જીવતી, પણ તે મહેલોમાં યે ચીરા પડયા હતા.

'પ્રિયે!' કહીને કોઈ બોલાવે છે એવું એણે સાંભળ્યું. આઘે-આઘેના અદ્રશ્ય સાગરના મર્મર જેવો એ ધ્વનિ આવતો, ને વીણાના સ્વરભંગમાં ભળી જતો.

એવે વેલીપડદાનાં પાંદડાંઓએ માર્ગ કીધો ને ઘાસનાં ફૂલડાં નમવા લાગ્યાં. દુનિયામાંથી નદી ભણી એક ગોપ આવતો હતો.

એને અને વીણાગીતના ભાગ્યાતૂટયા માધુર્યને માતાએ દીઠાં. ત્હેનું હૃદય વધારે ભાગ્યું. પળે પળે તે વિવર્ણી થતી ગઇ.

વીણામાંથી વધારે સ્વરભંગ ઝરતો.

'અને અંહિયાં ય તે?'

તે બોલી શકી નહિ. આભનાં ઉંડાણમાં નજર નાંખી ઉભી. પ્રિયની અદ્રશ્ય પ્રેમકાન્તિ જેવું સાન્ધ્યતેજ અન્ત-રિક્ષેથી ઉતરતું હતું.

પછી એને ક્રોધજ્વાળા પ્રગટી. બોલતાં વીજળી સમી તે ધ્રૂજતી.

'અને સ્વર્ગસ્થની પ્રિયતમા ઉપરનો, પારકી કુલવધૂનો ત્હમારો પ્રેમ લઈને ત્હમે અંહિયાં પણ આવ્યા? અરે અંહિયાં!–આપણ સહુનું બલિદાન લે છે એ નદીકાંઠે? મ્હારી છેલ્લી ઉઘડતી આશા હમણાં એને મ્હેં આધીન કીધી ત્ય્હાં? જગતની સ્મશાનભૂમિમાં? આત્માની ચી-તાને આરે?'

માતાની આંખમાંથી કોપાશ્રુઓ ટપકયાં. ઘાસની કુ-મળી રેખાઓને તે બાળી મૂકતાં, ધરતીને યે દઝાડતાં.

'નહિં–નહિ: અંહી હું પ્રેમથાળ લેઈને આવ્યો નથી–જો પ્રેમને ઉરમાંથી દૂર કરાતો હોય તો. એક અનાથ સુન્દરીને–એક અબાલ માતાને હું એટલું જ કહેવા આવ્યો છું કે પડતી રાત્રીમાં ત્હેનાં કો પ્રિયજન હજી છે.'

'મ્હારાં પ્રેમ ને આશાની મૃત્યુક્રિયા યે ત્હમે મ્હને એકાન્તમાં કરવા દીધી નહિ: આકાશોની પાર ત્હેના પિતા પાસે જતું ફૂલ ત્હમે મ્હને ભરી આંખે જોવા દીધું નહિ!'

આંસુની ધારાઓ વહી રહી. માનવકુલની માતા ધરતી તે ઝીલતી.

'પિતા પાસે પુત્ર ગયો, તો આ આંસુ શાને? આશા ઉરમાં સંકેલાઈ, પ્રેમ પ્રાણુમાં સમાયો: તો તો સ્વર્ગપન્થ આંસુડે ભીજવવા શાને? રજા છે?—ફૂલપાંખડીએ આંસુઓ લ્હોઉં?'

**गतांसुं नगतांसुंश्च नानुशोचन्ति पंडिताः** એ ગીતા-વાક્ય સમું ક્રૂર પાંડિત્ય તે ઉચ્ચરતો હતો.

ઉગ્ર દ્રષ્ટિપાત ફેંકતી એ માતા, એ કુલવધૂ ઉદ્ગ્રીવ ઉભી: પગલું પાછું ભરી નદી ઉપર તે નમી. વીણા અતિવ મંજુલ વિષાદગીત ગુંજારતી હતી, પણ એથી યે એના ઉરગુંજાર વધુ મંજુલ ને સૂક્ષ્મવિષાદી હતા. કટારની ધારે તે કાળજુ કાપતા.

વિશ્વમાં એણે એકલતા ઉભેલી દીઠી.

જગત ભણી, વૃક્ષની બખોલમાં એણે જોયું. વીણા ભણી એણે એક કટાક્ષ નાંખ્યું ને ગણગણી: 'મ્હારૂં હૃદય.' પછી તે કૂદી—પછી પાછળની સન્ધિકાનાં જળમાં તે કૂદી પડી.

ઝીણી વિદ્યુતરેખા જેવો આકાશમાં ઝાંખો એક ઝબકારો થયો; ને સમસ્ત સાન્ધ્યતેજ, તે સુન્દરીના પાલવ જેવું, ત્હેની પાછળ ઉડી ગયું. દીવા જેવી તે હોઇવાઇ ને પ્રકાશ જેવા ત્હેના પરિમળ આથમ્યા.

ગોપના હૃદયધામે જઇ એ ઝબક અથડાઈ અને તૃણલીલાના શીતળ ઉછંગે કુસુમોમાં એ ગોપ આત્મમૂર્છામાં પડયો.

વૃક્ષોનાં પાંદડાંઓમાં અન્ધકાર હતો, પણ ક્ષિતિજની પાછળ રજતધવળ તેજકિરણો રમતાં.

ધીરે ધીરે રાત્રી ઉતરી ને ઘટ્ટ થઇ. ધીરે ધીરે ચન્દ્ર ઉગ્યો ને રાત્રીને આછી કીધી. પૃથ્વીના અન્ધકાર ને આભનાં રહસ્ય અજવાળતાં ચન્દ્રતેજ વચ્ચે મૃત્યુશામળી નદી તેજવર્ણી વિલસતી.

એવે આઘેની કોકિલાના આછેરા ટહુકાર સમો ધીરો-અતિ ધીરો કલરવ થયો. પણ કોકિલકુલ તો ત્યહારે નિદ્રા-લીન હતું. એ તો વીણાનું મંજુલતમ સંગીત હતું. આત્મા એ સાંભળતા, પણ જડનાં થડિયાંનું વન એ વિશે કાંઇ જાણતું નહિ.

પુષ્પો ઉપર, પુષ્પોમાં મૂર્છિત ગોપ ઉપર, ને મૂર્છિત ગોપના અખંડ જાગૃત આત્મામાં એ વીણાનો કલરવ ઝમતો હતો.

જગત શૂન્યસુખ ઉભું હતું.

કંઇક વારે ગોપની મૂર્છા વળી. મહાસાગરના તળિયેથી તેજમાં આવતા મનુષ્યની પેઠે ત્હેણે પોતાની ફરતું નવું તેજ રમતું દીઠું.

ઝાડ નીચે અન્ધકારમાં ચન્દ્રનાં કિરણચાંદલિયા તરતા હતા. નદીમાંથી નીકળી ચન્દ્રમાને અડતો એક તેજફૂવારો ઉડતો હતો. એ તેજફૂવારામાંથી ઉડતાં છાંટણાં જેવા ગગનમંડળે તારલિયા વેરાતા. ઉપર કાળી ઝાલરો ઝઝૂમતી.

એ સહુ એક ઉંડા ઉંડા વનમાં થતું, પણ વન એ કાંઇ જાણતું નહિ.

આત્માની ફરફર સમું આસપાસ ચમકતું વીણાગાનનું માધુર્ય, ઉપર ચન્દનીનાં ફોરાં, સન્મુખ નાચતો સહસ્રધારાનો તેજફુવારો, સહુ માથે તગતગતો કોટિચક્ષુવન્તો ગગનચન્દરવો: ત્હેમનો પ્રભાવ ગોપપ્રાણમાં વાયુ સમો સંચરતો. માનવી શ્વાસોચ્છ્વાસ લે છે પણ જાણતો નથી: એમ એ ગોપ પણ એ કાંઇ જાણતો નહિ.

એના અન્તરમાં સ્મરણો ઉછળતાં, આંખમાં ભૂતકાળ રમતો, મુખડે આયુષ્ય ઉચ્ચરતાં.

૧

મ્હેં પ્રેમ કીધો પ્રાણ શું, ને પ્રાણ પોષ્યો પ્રેમથી;
રમું છું હજી પ્રિયપ્રેમના તેજે, ભલે પ્રિય અંહિ નથી.
મ્હેં શ્રેય વાંછ્યું પ્રેમીનું; ને શ્રેય જે પ્રિય વાંછતી,
તે શ્રેસ–મુજ અન્તર ચીરી પણ–પામી ગઇ સ્વર્ગે સતી.
નિજ આત્મને સુખ હો-ન હો, પ્રિયઆત્મને સુખ વાંછવાં
એ પ્રેમનો સિદ્ધાન્ત: પ્રિયને અર્પ સુખ પ્રભુ! નવનવાં.
પ્રિય જે સુહાગી આત્મનો સહવાસ મનમાં ઝંખતી,
એ આત્મ સંગે ભોગવો સુખ ચિરસ્થાયી શીલવતી.
રમું છું હજી પ્રિયપ્રેમમાં, ને પ્રાણ પોષું છું પ્રેમથી;
પ્રતિપ્રેમ પ્રિયનો વાંછવો કંઇ પ્રેમમાર્ગે એ નથી.

અને તે ગોપ તેજફૂવારા ભણી ચાલતો હતો ત્ય્હારે ત્હેની પોતાની છાયા ત્હેનાં પગલાંમાં અથડાતી.

૨

પ્રિયનું પરમ શ્રેય સંતત એ મ્હારૂં ધ્યેય;
મ્હારે એ જ મોક્ષમન્ત્ર પ્રિયનો પ્રિયનો,
એ નિત્યપ્રભાવતીનો.

હૃદય-હૃદયગાને, વીણા-વીણાના મ્હાને
જીવવું જીવન મ્હારે પ્રિયનું પ્રિયનું,
એ રમ્ય પ્રભાવતીનું.

પ્રભુ-પ્રભુની કલાઓ, પ્રેમભક્તિનાં વિધાનો,
મ્હારે સહુ એ મૂર્તિઓ પ્રિયની પ્રિયની,
એ પુણ્યપ્રભાવતીની.

સમર્પું વિશુદ્ધ કરી સદા રસથાળે ભરી
સકળ અન્તર્ભાવ પ્રિયને પ્રિયને,
એ પૂજ્ય પ્રભાવતીને.

વૃક્ષમાળા વટાવી એ ચાલ્યો. મૃત્યુશાળી સરિતાના તટઉઘાડમાં એ આવ્યો. ઉપરથી ચન્દ્રનાં કિરણો એને અભિષેક કરતાં.

સ્વર્ગનાં અદ્‌ભુત સંગીતથી વીણા ધીમી ધીમી વાગતી.

જળ ઉપર ઝૂલતાં ફૂલડાં એ ગોપે ખસેડયાં, ને જલતીરે જઇ બેઠો. પાછું વાળી ત્હેણે વીણા ભણી જોયું. વીણા વધારે ધીમું ધીમું ગાતી ને ગોપના આત્મતન્તુઓમાં એના અનુકમ્પ જાગ્યા. ધીમેશથી-એના કાને ય ન સાંભળ્યું એવું ધીમેશથી એ ગણ્ગણ્યો : 'મ્હારૂં હૃદય.'

પહેલાં તો જળ શું એણે રમત માંડી. પછી જળમાં કંઈક શોધતો હોય એવી જળમાં એણે અંગુલીઓ પરોવી. અને પછી—અને પછી અન્તે એણે એ મૃત્યુશામળી સરિતાનાં જળનાં તેજ પીધાં. ક્ષણેક જળપટ ભાગ્યું ને ખળભળ્યું; ઉપર નમતા ઘાસનાં ફૂલડાંમાં જલલહરીઓ આવી ને શમી ગઈ.

એ આખી રાત્રી નદી ઉપર ચન્દ્રનાં કિરણો રમતાં, તેજફુવારો સહસ્રધારાઓ ફેંકતો અજવાળાં ઉડાવતો. વીણા યણ દુનિયા પારના કલબોલ બોલતી.

આ બધું ઉંડા ઉંડા વનમાં થતું. જ્યહાં ઘણને પાણી પાય છે ને ડૂબવે છે એ નદીકાંઠે આ સહુ બનતું. જૂનાં થડિયાંનું વન એ જાણતું નહિ. ઝાંખું ઝાંખું તારલા તે જોતા, સ્હમજતા, ને નયન મટમટાવતા.

મધરાતે ઘોર વાયુ વાયો ને જગત ફરિયાદ કરતું હોય એવી ઘોર ગર્જના કરી ગયો. મંહી દુનિયાના બોલ હતા, આત્માને એ અથડાતા ને પૂછતા કે

સતી પાછળ એ સતો થયો તો પરમેશ્વરે મૂંઝાશોને કે એ પ્રીતમની એક પ્રિયાને સ્વર્ગમાં યે શી રીતે વ્હેંચી આપવી ?

# ૯ : અંજનશલાકા

અથવા

# સતી કે સુન્દરી?

'સંસારનો આજનો આદર્શ કિયો ?—સતી કે સુન્દરી ?'

અમે બે મિત્રો એક કન્યામહાવિદ્યાલયના વાર્ષિકોત્સવમાં જતા હતા.

મ્હેં કહ્યું : 'અઢારમી સદીનો હજી રહ્યો. સતીઓ થતી બંધ કર્યે સૈકો થવા આવ્યો. વીસમી સદીમાં ત્હારે નરમેધ પૂજવા છે ?'

'ખ્રીસ્તીઓનાં દેવળો પૃથ્વી ઉપર કેટલાં હશે ?' એણે પૂછ્યું.

'ત્હારી તો બુદ્ધિનું બજાર એટલે અપ્રસ્તુતના પ્રશ્નો. વાત કરતાં વગડે દોડે ! ત્હારા પ્રશ્નને ને ચાલતી વાતને લેવાદેવા શી છે ?'

'પણ કહે તો ખરો કે ખ્રીસ્તી દેવળો કેટલાંક છે દુનિયામાં ?' એ હઠે વ્હડચો.

'હશે-લાખ હશે, બે લાખ હશે.'

'યૂરોપઅમેરિકામાં ગામડાં ને નગરો એટલાં દેવળો તો ખરાં ને ?'

'હા સ્તો. એથી બમણાં, પણ ઓછાં નહિ.'

'મ્હારા વીસમી સદીના આરાધક! ઉતાવળા મા થાવ. પૃથ્વી ઉપરના પાંચ લાખ ખ્રીસ્તી દેવળોમાં આજે યે નરમેધની આરાધના થાય છે. મેકોલે તો નાસ્તિક હતો ને બેન્ટિકને એના પાશ ચ્હડયા'તા. બેન્ટિક ઈશૂનો હિલોજ્જન આરાધક હોત તો અમારી એ ઈશૂડીઓને ન અવરોધત. બેન્ટિકનો કાયદો એટલે સતીત્વનો અવરોધ. સાચા ખ્રિસ્તભક્તો સતીને નરમેધ ન ભાખે.'

'પણ એકસો વર્ષ થયાં બારણાં દેવાયે. આજ શું છે એનું?'

'આજ એ છે કે સતીની ભાવનાને બદલે સુન્દરીની ભાવના આપણા સંસારે ચક્રવર્તી થઈ એનું એ પરવ.'

'પણ જગત એથી આગળ વધ્યું કે પાછળ પડયું?'

'તું એક ઉત્તર આપે તો હું એનો ઉત્તર આપું.'

'પૂછે ત્યહારે ઉત્તર આપું કે પૂછયા પહેલાં?'

'કહે ત્યહારે. Moral–નૈતિક ભાવનાઓના વિકાસથી જગત આગળ વધે કે સૌન્દર્યની ભાવનાઓના વિકાસથી?'

'બન્નેયથી.'

'એ નિશ્ચિત ઉત્તર નથી. માનવીની ચક્રવર્તી ભાવના કઇ? પુણ્યની કે સૌન્દર્યની?'

'મ્હેં ઉત્તર આપ્યો: હવે ત્હારો વારો.'

'ફિલસુફીને નહિ ભાખું, ઉત્તરમાં ઇતિહાસ કહું.

ક્ટિકનો કાયદો થયા પછી ધીમે ધીમે સંસારને સિંહાસનેથી સતીની ભાવનાને પદભ્રષ્ટ કરીને સુન્દરીની ભાવના ચક્રવર્તી થઇ.'

એટલામાં સુન્દરતાના શણગાર સજેલી સુન્દરી સમું શણગારેલું કન્યાવિદ્યામન્દિર આવી પહોચ્યું.

બારણામાં જ અધિષ્ઠાત્રીએ અમને સત્કાર્યાં. એમનો શણ્કો આજ ઓર હતો. પાણીથી ન્હાય ને નીતરે એમ સૌન્દર્યથી એ જાણે ન્હાતાં ને નીતરતાં હતાં.

મ્હેં પૂછ્યું: 'એ સતી છે કે સુન્દરી? હજી કુંવારાં તો છે.'

'હવે છાલ છોડ ને ઉત્સવને માણ.'

'જો: આજ તો યૂરોપમાં એવું છે કે રાજાની વહુ તે રાણી ખરી, પણ રાણીનો વર તે રાજા નહિ.'

'એટલે?'

'એટલે એ કે મહેતાજીની પત્ની શાળાના ઉત્સવમાં મ્હાલે; પણ મહેતીજીને વર હોય તો કોઇક ખૂણાને શોભાવી મહેતીજીને માણતી નિહાળી રહે.'

અમે શાળામન્દિરમાં ગયા. સભાગૃહમાં પણ સુન્દરતા ચક્રવર્તી હતી.

'પણ આજ આટલો યુવકવર્ગ ક્યહાંથી? બાળાઓનું પ્રદર્શન તો, મુખ્યત્વે, ત્હેમની માતાઓ કને હોયને?'

'યુવતિઓ પરણવાની તો છે યુવકોને ને? એટલે યુવકસંઘને ન્હોતર્યો છે આજ. રહી જતા'તા એમણે માગી માગીને ન્હોતરાં લીધાં.'

નાટકગ્રહના જેવું કંઇક સભાગૃહ રચ્યું હતું. વચ્ચે રંગભૂમિ સમું તખત હતું, ફરતાં સભાજન હતાં.

બે ન્હાની બાળાઓએ નાન્દી ગાઈ. સભાઓમાં નાન્દી ગાવાનું ન્હાનકડી બાળાઓને કેમ સોંપાય છે ?

લોક કુતૂહલદૃષ્ટિએ જોઈ રહ્યું હતું.

પછી આવ્યો સંવાદ, સરસ્વતી ને લક્ષ્મીનો. પેલો સંસ્કૃત શ્લોક લક્ષ્મીજીએ છટાથી ગાયો કે ત્હારો ભક્ત મ્હારા પિતાને પી ગયો. ત્હારા આરાધકે મ્હારા પતિને છાતીમાં લાત મારી. વિ. સરસ્વતીએ પોતાની દલીલો સાત્ત્વિકતાથી ઉચ્ચારી. નિર્ણય ન થયો; એટલે વિધાત્રી દેવી અદ્ધરથી ઉતર્યાં. રંગરંગનાં અજવાળાં એમનાં ઉપર વરસાવવામાં આવ્યાં: જાણે ઇન્દ્રધનુષ્યની ડાળખીએ લટકી ઉતરતાં ન હોય! એમણે નિર્ધાર ઉચ્ચાર્યો કે શ્રમ છતાં સિદ્ધિ વિધિદેવને હાથ છે.

ને પછી આવ્યો ગરબો. એ સાંભળવાને ને જોવાને યુવકમંડળ આવ્યું હતું. હવે તો ગરબો સાંભળવાનો એટલો જ જોવાનો હોય છે.

સહુને જાણે જગાડવાને હોય એમ નરઘાં ઉપર થાપ પડી ને પછી રહી ગઇ. આજનો ગરબો જલતરંગ સાથે ઝીલવાનો હતો.

સભાગૃહ ચિત્રવત્ બની રહ્યું.

ઘૂઘરિયાળા રૂપાના રાસડાંડિયા લઇને ઝીલનારીઓ આવી. એમને પગને ઠમકે ધરતી ધ્રૂજતી.

દીવાળીમાં દીવા કરે એમ સભાજનોની આંખડીઓમાં દીવા પ્રગટ્યા.

શ્રી નટવર વસન્ત થેઇ થેઇ નાચી રહ્યો.

મોરલીને શબ્દે ગરબો ઉપડ્યો. જલતરંગની ઘંટડીઓ ગુંજારવ કરતી.

નાચી રહ્યો, જગ નચાવી રહ્યો;
શ્રી નટવર વસન્ત થેઈ થેઇ નાચી રહ્યો.

ગરબો કહેતો કે જગત આખું નાચતું. ત્ય્હારે સભાજનો કાંઈ જગત બહાર નહોતા બેઠા. હવાઈઓ છૂટે એમ કામણવર્ણાં નયનકિરણો દિશદિશમાંથી ઉડતાં હતાં.

મ્હેં કહ્યું : એક અંજનશલાકા આમની આંખોમાં આંજવી જોઇએ. આંખોમાં આંખનિર્મળી છાંટો.

એણે કહ્યું : હા; દુનિયાના Scientists ની પરિષદ ભર એટલે એ શોધી કહાડે.

કોયલ મધુર મોરલી બની, નાચે નટવર કહાન.

અમારી સન્મુખની ધરતી જાણે રત્નોની ખાણ હોય ને અમે ખણીખણીને મંહીથી રત્નો કહાડતા હોઇએ એમ અમે દૃષ્ટિબાણે ધરતીને ખોતરતા.

એણે કહ્યું : ‘ ધર્મમન્દિરની છાયામાં ઉત્સવો ઉજવાતા ત્ય્હારે કંઇકે મર્યાદા ધર્મધ્વજની રહેતી હશે ખરી ને ? ’

મ્હેં કહ્યું : ‘ એ ધજાની છાયા જેટલી. સુન્દરતા

ચક્રવર્તી થાય એટલે જગત જાણે હિન્ડોળે ચ્હડે : નાવડું જાણે મોજાંમાં ડોલે. સંસારશાસ્ત્રની દૃષ્ટિએ મ્હને તો એક જ ભૂલ લાગે છે: પુણ્યભાવનાની પદભ્રષ્ટતા ને સૌન્દર્યભાવનાની સર્વોપરિતા.'

'સુન્દરતા નહિ, ત્યહારે સર્વોપરી શું?'

'સૃષ્ટિમાં સર્વોપરી પુણ્ય ને પ્રભુ. એ લોપાય એવાં શિક્ષણ કે સંસાર ન હોય. કન્યાશાળાઓમાં આજ સતીનું નહિ, સુન્દરીનું આદર્શ આરાધાય છે.'

'આસપાસ જૂવો. આપણી પુરૂષોની આંખ સુન્દરીને વાંછે છે કે સતીને? પુરૂષની આંખ વાંછે છે તે કન્યાશાળા આપે છે.'

'એટલે જ કહ્યું ને કે પુરૂષની આંખડીને અંજશલાકા આંજવી જોઈએ-આંખનિર્મળી છાંટવી જોઈએ.'

'ભરજે જગતના Scientistsની પરિષદ, ને શોધજે એ આંખનિર્મળી. મ્હારૂં ચાલે તો ઍન્ટિકનો કાયદો રદ કરાવું કે સતીઓ પાછી અવતરે.'

'મ્હારૂં ચાલે તો હું તો એવો કાયદો કરાવું કે સ્વેચ્છાથી સતીઓ યે ભલે થાય ને સ્વેચ્છાથી સતા યે ભલે થાય. પછી જોઈ લ્યો પરીક્ષા નર ને નારની!'

અમે બન્ને હસી પડયા; કારણ કે અમારામાંથી એકકેયનું ચાલવાનું હતું જ નહિ-એ વિદ્યામન્દિરમાં, સંસારમાં કે સામ્રાજ્યમાં.

# ૧૦ : હું તો નિરાશ થઇ

હું તો તે દિવસે નિરાશ થઇને આવી.

કોર્ટમાં જેમ ચોર ને ડાકુ ને ગુનેહગારો આવે છે એમ દવાખાને તાવલા પરૂવાળા કુદરતના ગુનેહગારો આવે છે. કોર્ટમાં સાચો કોક ફરકે, એમ દવાખાને સાજો કોક ફરકે. મ્હારૂં દવાખાનું પણ અપવાદરૂપ ન હતું, એટલે મ્હારે ત્ય્હાં યે નિરન્તર કુદરતના ગુનેહગારો દેખાતા.

તેથી કુદરતના કોડીલા નિરખવાના મ્હને કોડ હતા.

ઉકરડા ઉખેળનાર કો દેવમન્દિરે દર્શન કરવા જાય એ ભાવથી હું ભાષણ સાંભળવા ગઈ હતી.

ભાષણકારની ખ્યાતિ રસદેવની હતી. લોક એને રસનો ફૂવારો કહેતા. માસિકોમાં એની છબિલી છબિઓ છપાતી; વાર્ષિકોમાં એની લયલામજનૂનની વાર્તાઓ આવતી; મેનકા લાલારૂખ મસ્તાની લેડી હેમિલ્ટનને નાયકા સ્થાપી એણે કાદંબરીઓ લખી હતી.

નરનારના કુદરતરચ્યા આકર્ષણશાસ્ત્રનો એ આચાર્ય મનાતો. Sex relationsના Scienceને એ આવતી સદીનું Science કહેતો.

એના ભક્તો કહેતા કે વીસમી સદીમાં જાણે બાવી-સમી સદીનો એ મહાપુરૂષ અવતર્યો હતો.

એ કહેતો કે સ્ત્રીઓ સૌન્દર્યમૂર્તિઓ છે; ને લોકોત્તર રમણીયતાને સુન્દરીઓ ઝીલે છે એટલું પૌરૂષમુદ્રાળા પુરૂષો

ઝીલતા નથી. તેથી સ્ત્રીમંડળોમાં વ્યાખ્યાનો કરવાનો એને પક્ષપાત હતો.

એ રસિકવરને જોવાને ને સાંભળવાને હું તો સ્ત્રી-મંડળમાં ગઇ હતી.

વિષય ખરેખર! રસિક હતો: એક દેહની બે પાંખો. ને ભાષણકર્તા રસિકવર હતા: ઇતિહાસઘડતા પ્રેમનાં નાટક-વાર્તાઓના કર્તા. એ રસિકતા મ્હને આકર્ષી ગઇ હતી.

પણ હું નિરાશ થઇને પાછી આવી.

લોક હોય તેથી ડાહ્યા દેખાવા કેમ મથતા હશે?

સભાગૃહ જવાહીરોથી ઝળહળતું હતું. કાનબુટ્ટીના હીરાઓની જાણે નયનબુટ્ટીના હીરાઓ સ્પર્ધા કરતા. સાડી-ઓના રંગો તો જાણે સન્ધ્યાકાળનાં સોનેરી વાદળાં. ચોળીમાંનું ઈન્દ્રધનુષ્ય ત્ય્હાં એક જ ન હતું. મોરની ખોલેલી કલામાં માંડેલાં હોય છે એટએટલાં ઈન્દ્રધનુષ્યો ચોળીઓમાં રમતાં. લીલીની લાંબી પાંદડીઓ ઢળતી હોય એવી કરપાંદડીઓ ઢળેલી હતી.

અને ફૂલડાં વચ્ચે માળી એવો એ રસમાળી સ્ત્રીમં-ડળમાં શોભતો.

દાયકાઓ પૂર્વે એક વેળા પ્રિન્સ રણજિતને ક્રિકેટ ખેલતા જોવા હું ગઇ હતી. બંગલેથી જાણે પ્રિન્સ રણજિત દ્રઢ નિશ્ચય કરીને જ આવ્યા હોય કે વીસ હજારની માનવ-મેદનીને આજ નિરાશ કરવી છે એમ બન્ને ય દાવમાં એમણે બ્રહ્માંડ ચીતર્યું. તે દહાડે થઇ હતી એવી આજે હું નિરાશ થઇને પાછી આવી.

91

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

# પાંખડીઓ

ન્હાનાલાલ દલપતરામ કવિ

Guj. Uni. Library
191925

વિ. સં. ૧૯૮૬ ઈ. સ. ૧૯૩૦

સવા બે
કીંમત [redacted] રૂપીઆ

ભાષણ આરંભ્યું. દેશદેશના દરવાજા એ ઠોકી આવ્યા. સાગર ઓળંગ્યા, યુગયુગ ઘૂમી વળ્યા. કાશ્મીરની કુંજો દાખવી, શીરાઝના ગુલઝાર વર્ણવ્યા, દીલ્હીનાં રંગભુવનો ખડાં કીધાં. રસ પડે એવું એવું ઘણું રસિકવરે કહ્યું. પણ પણ છેલ્લેવેલ્લે ધબડકો વાળ્યો.

અમે માન્યું'તું કે કેવાંકે નન્દનવન હવે ઉપસંહારમાં ચીતરશે: કેવાકે પરીઓના મહેલ ઉભા કરશે ને મંહીના દેવદેવાંગનાઓના અલકાના ખેલ દેખાડશે.

એમણે તો શાસ્ત્ર ઉઘાડયાં.

રોજ ને રોજ મેડિકલ કોલેજમાં અમે ભણતાં એ જ એમના ભાષણનો ઉપસંહાર હતો.

All women are physiologically the same. What men desire of their women friends is the joy of psychological pleasures.

મ્હને થયું કે આ તે રસિકવર બોલે છે કે એનાટોમીના પ્રોફેસર ?

હું તો તે દિવસે નિરાશ થઈને પાછી આવી. ને મ્હારા જેવીઓ કંઇ કંઇ નિરાશ થઇને ગઇ હશે.

અમે કેટલીક સહિયરો તો અમારા સ્ત્રીમંડળમાં દરખાસ્ત લાવવાનાં છીએ કે આયન્દે ભાષણકર્તાની આમન્ત્રણ પત્રિકામાં એક ફૂટનોટ છપાવવી કે 'જેવા છો એવા દેખાવું હોય તો જ ભાષણ કરવા આવજો.'

પુરુષો કેવી ગંભીર ભૂલ ખાય છે ? અમ જેવીઓને તે ડહાપણના દરિયા જોઇએ છીએ ? કે રસિકવર ?

# ૧૧ : બ્રહ્મચારી

તે બ્રહ્મચારી હતા.

વસ્તી વચ્ચે દેવમન્દિર હતું ને એ દેવમન્દિરમાં તે રહેતા. સ્હવારે ને સ્હાંજરે નગરમાર્ગો ઉપર થઈ નદીએ તે ન્હાવા જતા ત્ય્હારે ભરવસ્તીમાં એની આંખે ઉંચી થતી કોઈએ દીઠી નથી; નગરમાર્ગો ઉપર એનું પોપચું યે ફરકતાં કોઇએ જોયું નથી.

બાલ સૂર્ય સમી એની કાન્તિ હતીઃ ધ્રુવ તારલા જેવાં નયનો હતાંઃ આરસની છાટો જેવાં અંગ હતાં. ફૂલમાંથી સુગન્ધ સ્ફુરે એવી એના અંગ-અંગમાંથી સાધુતા ફોરતી

નગરના સાધુઓ એની વન્દનાએ આવતા. કોઇ વન્દે એથી સવાયું નમીને એ વન્દતા. લોક ચરણવન્દનાએ આવતાં; પોતે સ્હામી લોકની ચરણવન્દના લેતા ને જનતાને એમ શરમાવતા. દર્શને આવતાં ત્હેમને એ કહેતા કે દર્શન તો પરસ્પરનાં છે.

ધન એને ધરાતું નહિ. એ કહેતા સંન્યાસીને સોનું એ અંગારા છે, અડકે એનો સંન્યાસ દાઝે. ફળફૂલ લોક ધરતું તે સહુ એ બાળકોને વ્હેંચી આપતા. એની ઉદારતા અઢળક હતી. લોક કહેતા એના માદળિયામાં જાદુ છે.

સૂતરના શ્વેત દોરે પરોવેલું એક ત્રાંબાનું માદળિયું એને હૈયે લટકતું. સ્હવારે સ્હવારે એ પૂજામાં બેસતા ત્ય્હારે દેવમૂર્તિ સંગાથે એ માદળિયું પૂજાસિંહાસને મૂકતા ને દેવ સાથે એને યે ધૂપઆરતી ધરાવતા. શ્રી કૃષ્ણને કૌસ્તુભ મણિ હતો એથી યે એનું ત્રાંબામાદળિયું એને મહામૂલું હતું. માદળિયાને એ પોતાના પ્રાણની કણિકા માનતા.

તે સૂર્યોપાસક હતા; ગાયત્રી જપતા. એનો ધર્મો-પદેશ એક જ સૂત્રમાં સમાતોઃ અન્ધારાં ઉતારો ને અજવાળાં ઓઢો.

૨

નગરનું દેવમન્દિર નગર વચ્ચે હતું; ને સર્વસંપ્ર-દાયની પંચમૂર્તિઓ મંહી પધરાવેલી હતી; તેથી સર્વ સંપ્રદાયોના સંપ્રદાયીઓની ત્ય્હાં મેદની જામતી.

સન્ધ્યાકાળે બાળકો મન્દિરચોકમાં રમતાં. સ્હવારે ધર્મવાર્તા થતી તે સાંભળવાને વિદ્વદ્જનોની મંડળી જામતી. સ્હાંજે સ્હાંજે સુન્દરીઓનાં વૃન્દ દર્શને આવતાં ને દેવ-ચોકમાં બાળાઓ રાસડા લેતી. પરવની તિથિએ ને પૂર્ણિ-માએ પૂર્ણિમાએ પૃથ્વીઉતરી પૂર્ણિમા સરિખડી સુન્દરી-ઓનાં સૌન્દર્યની મન્દિરમાં ભરતી ઉછળતી. જ્ય્હાં જ્ય્હાં સૂર્ય, ત્ય્હાં ત્ય્હાં અજવાળાંઃ એમ જ્ય્હાં જ્ય્હાં દેવત્વ, ત્ય્હાં ત્ય્હાં સૌન્દર્યઃ એ તો દેવત્વના ને સૌન્દર્યના ન્યાય-શાસ્ત્રનું સૂત્ર છે ને ?

મન્દિરચોકમાં સીતારામની સતીઓ ગાતી, શિવજીની જાગણો ભજન બોલતી, કૃષ્ણઘેલી મીરાંઓ યે ક્યહારેક ક્યહારેક નાચતી.

ભાવની ભક્તિમાં ભક્તજન નાવડાં જેવાં ડોલતાં.

દસે દિશાવાસી દેવો એ સુણતા, ઝીલતા, સત્કારતા.

૩

નવરાત્રીના ઉત્સવની એ છેલ્લી રાત્રી હતી.

શરદની ચન્દનીએ મન્દિરચોકમાં સરોવર ભર્યાં હતાં, ને એ ચન્દનીનાં છબછબિયાં પાણીમાં બાળાઓ પાય ધોતી. દેવનાં દૂધ ઢોળાયાં હોય એવી ચન્દની ઢોળાઇ હતી.

એક તો રાસડાઓની ઝાકમ ઝડીઓ, બીજો નૃત્યનો હિંડોલ, ત્રીજી કવિતાની રસછોળ, ચોથું ચન્દનીનું ચન્દન-ઘેન, પાંચમું રજનીની રંજનક્રીડાઃ એમ પંચામૃત પ્રાશી પ્રાશીને પ્રમદાઓ મદઘેલી થતી હતી.

એ એક મુગ્ધા હતી. આવતી વસન્તમાં એનાં લગ્ન થવાનાં હતાં. બાલિકાઓનો સંગ તજી યુવતિસંઘમાં હવે તે ફરતી થઇ હતી.

કળી ઉઘડીને ફૂલ થાય એ પૂર્વે પાંખડીઓ ઉઘડું ઉઘડું કરે એવી એની અંગની ને આત્માની ઋતુ હતી. સંસાર જોવાને એના ઉરની આંખડીઓ ઉઘડું ઉઘડું થતી, એના અંગની પાંખો ઉડુ ઉડુ થતી. ઉગતા યૌવનના ઉષઃકાળની એ ઋતુ હતી.

એની કળીની પાંદડીઓ ઉઘાડવાને સહિયરો એને અડપલાં કરતી. કોઈક એના કુંપળપાથર્યા સમા પાલવને ખેંચતું, કોઇક એના કમળ શા વદનદેશે જલકણ છાંટતું, કોઈક એના ભાગ્યદેશે બિન્દી કરતું. એના મૃણાલ શા હાથને સહુ ચાંપતું, એના કદળીદળ શા વાંસાને સહુ પંપાળતું. એને અડકવું સહુ યુવતિસંઘને ગમતું: જાણે તે સૌન્દર્યનો પારસમણિ ન હોય, ને એને અડકવે જાણે સહુનાં અંગ સૌન્દર્યનાં ઘડાઇ જતાં ન હોય !

સમીપ આવતા સંસારને તે નિરખવા મથતી, નવ-સ્થિતિઓ કલ્પતી, આશાઓ બાંધતી. જાદુના કો મહેલનાં દ્વાર ઉઘડવાનાં હોય ને મંહીથી જાદુગરનાં દર્શન થવાનાં હોય એવા અદ્‌ભુત કો કોડ કલ્પી કલ્પી રસજાદુગરનાં ને રસજાદુગરના મહેલનાં તે સ્વપ્નાંઓ જોતી.

તે તિથિએ તો તારલાઓમાં ચન્દ્રમાની પેઠે સખી-ઓમાં તે રમતી.

પરસેવો વળ્યે સહિયરો એને પંખો નાંખ્યા શુ કરતી. એથી તો અંગારા સળગીને જ્વાળાઓ સરજાતી. આપવીતી ને પરવીતી ખરી-ખોટી કંઇ કંઇ અનુભવકથનીઓ કહી કહી જોબનઝૂલન્તી સહિયરો એને સતાવતી.

એ મુગ્ધા હતી. એને ઉચ્ચાર ન આવડતા. મુંગાને સ્વપ્નાં લાધે એવાં એને સંસારસ્વપ્નાં લાધતાં.

ત્હો યે ક્યારેક ઉંડી એકાન્તની કુંજમાં એનું હૈયું છલકાતું, કોકિલા શી તે ટહુકારતી, ને સંસાર ભરી એ શબ્દ ઢોળાતો.

એની આંખમાં ચકલીઓ ઉડતી. પેલે આરે બેઠેલા ચક્રવાકને નિહાળતી આ આરાની ચક્રવાકી પ્રગટતું પ્રભાત ને સરિતાનો પટ નિહાળી રહે એવી આંખડલીએ ઉરમાં ને અંગમાંનું પ્રગટતું પ્રભાત ને ચાર માસનો વચમાંનો પટ તે નિહાળતી.

સહિયરો એને સાસરાની શેરીએ રમવા લઇ જતી. અને કંઇ કંઈ કહી, દર્શન કરાવી, પૂછી પૂછી મૂંઝવતી. મૌનની વાણીના અબોલ બોલ તે બોલતી ને આંખો નચાવીને ઉત્તર આપતી.

મુગ્ધાનું મૌન બોલકણીઓના બોલથી ચોગણું બોલતું.

એણે બ્રહ્મચારીને જોયા. બ્રહ્મચારીની સૂર્ય શી કાન્તિથી પદ્મ ને પદ્મિનીઓ ખીલતી. એ તેજનાં એને ક્ષણેક આકર્ષણ આવ્યાં.

મન્દિરમાં બ્રહ્મચારી પ્રદક્ષિણા ફરતા હતા. પૃથ્વી સ્હામી શુક્રતારા આવે એમ તે સ્હામી મળી. આંખડીનાં કિરણો મટમટાવ્યાં. બ્રહ્મચારીનાં નયનબાણ ધરતીને ખોતરતાં હતાં, મંહીના મણિઓ ખોજતાં હતાં.

મુગ્ધા અમૂંઝાઈ, ભોંઠી પડી. એને સ્હમજાયું નહિ કે એ અડોલ કેમ હતા.

પછી નવરાત્રીના ઉત્સવની એ છેલ્લી રાત્રી આવી, ને એણે છેલ્લો રાસ ઉપાડ્યો. ચન્દનીનાં ફોરાં ઝીલતાં ઝીલતાં ને અંગનાં આછેરાં અંચળ ઉછાળતાં ઉછાળતાં એણે રાસ ગાયો ને એ જ વિધે સહિયરસંઘે એ ઝીલ્યો.

આસોના આ તે ઉજાસ ?

કે જીંદગીનાં અજવાળિયાં રે ?

ફૂલમાં ચન્દની છલકાય એમ સહિયરોની આંખડીઓમાં ચન્દની છલકાતી. પોતપોતાની અગાસીમાંનાં અજવાળાં પેખે એમ સહુએ નિજનિજની જીંદગીનાં અજવાળાં દીઠાં.

ચન્દ્રમા યે જાણે સાંભળવાને ઘડીક થંભી ગયો ભાસ્યો. નગરલોકની ભરતી તો ચોમેર જનકોટ રચી-ઘેરો ઘાલીને ઉભી હતી. બ્રહ્મચારી યે ઘડીક મન્દિરમાંથી મંડપપાળે આવીને ઉભા; અને ગીતશબ્દો જ્યહાં આથમી જતા ત્યહાં ક્ષિતિજપાળે ને ક્ષિતિજપાળની પાછળ નિહાળી રહ્યા. અન્તરમાંના ને આસમાનમાંના ગીતપડઘા બ્રહ્મચારી સાંભળતા.

જીંદગીની ચન્દની જેવી ચન્દની ખીલી હતી.

ચન્દ્રિકામાં ઉડતી ચકોરીઓ જેવી કેટલીક રાસરમણીઓની દ્રષ્ટિઓ અન્તરિક્ષમાં ઉડતી. સોળપાંખડી ખીલેલા કમળ સરખી એ એક મદઘેલી જાજરમાન ચતુરા હતી. મદોન્મત્ત મેના શી એની દ્રષ્ટિ મન્દિરના મુગટ સમા બ્રહ્મચારી ઉપર પડી. પુરુષનું પુરુષાતન મૂર્તરૂપે ખડું નિરખી સુન્દરીનું હૈયું હિલોળે ચ્હડયું. તે પછી એનું અંગ રાસને હિન્ડોળે અજબ ઝૂલવા માંડયું. યૌવનને આંગણે પગ મૂકતી, સોળ-સોળ વસન્ત તરી ઉતરેલી, તે મન્દિરની માલણની પુત્રી હતી.

દુનિયાને ચકવે ચ્હડાવતી કંઈ કંઇ યુવતિઓ નવરાત્રીની એ રાત્રીએ પોતે જ ચકવે ચ્હડી હતી.

મન્દિરની વાડીમાં એક ચંપાનું ઝાડ હતું. બ્રહ્મચારી એ ચંપાના ઝાડ નીચે પોઢતા.

કુંજની ઘટા ઘેરી હતી ને વચ્ચે ન્હાનકડો કુંડ હતો. કુંડ ફરતી ચાર–ચાર સ્થંભની પુરાણી સ્ફટિક ચોકીઓ હતી. કુંડના કાંઠાની સ્ફટિક ચોકીની દહેરીમાં આજે એ બ્રહ્મચારી સૂતા હતા.

ચોકીઓમાં રાતનાં અન્ધારાંઅજવાળાં આવી રમતાં.

મધરાતનો ચન્દ્રમા આભમાં લટકતો હતો.

આગલી રાતે અદ્ભુતો નિરખ્યાં હતાં ત્હેમનાં ચિન્તન-ચગડોળે બ્રહ્મચારી ચ્હડયા હતા, એટલે મધરાત થયે પણ હજી ઉંઘ્યા ન હતા. પડતી રાતનાં દર્શનોનું પુનર્દર્શન કરતા, કુંડમાંના તરવરતા તારાઓ ગણુતા, આકાશના ચન્દેરી પડદાઓની પાછળનું અણુદીઠું નિહાળતા બ્રહ્મચારી પડયા હતા. સ્મરણુપ્રસંગોની પૃથક્કરણુપાંખડીઓ છૂટી પાડતા પાડતા મધરાતે યે તે જાગતા હતા.

મન્દિરઆરતીના ઘંટારવ પેઠે એક જ પ્રશ્નટંકાર એમના હૈયામાં ગાજતો; માનવી શું એકપંખાળો જ રહેશે? રસિકતાની ને પવિત્રતાની બે પાંખે ઉડતા પંખીરાજ કેમ વિરલા છે જગતમાં ?

સંસારપ્રશ્નો સ્હમજવા કપરા છે, સંસારપ્રશ્નોના ઉકેલ એથી યે કપરા છે. પણુ આત્માના પ્રશ્નો તો સૌથી કપરા છે.

સરિતાના તાગ ઘણાએ લીધા છે. સાગરના તાગ

કોઈકે યે લીધા છે. આસ્માનના તાગ લે તે આત્મપ્રશ્નોના ઉકેલ ઉકેલે.

એ કપરા પ્રશ્નોના ઉકેલ ઉકેલતા બ્રહ્મચારીજી પડ્યા હતા. ઉપર ચન્દ્રમા ચન્દની ઢોળતો ને પત્રઝૂમખો ચમ્મર ઢોળતો. નીચે કુંડનાં જળ એમની છબિ ઝીલતાં.

લોક કહે છે:

પહેલે પહોરે સબ કોઇ જાગે, બીજે પહોરે ભોગી;
ત્રીજે પહોરે તસ્કર જાગે, ચોથે પહોરે જોગી.

રાત્રીનો એ ત્રીજો પ્રહર મંડાતો હતો.

ચન્દ્ર નમ્યો ને દહેરીના છત્રની છાયા ઓસરી. બ્રહ્મચારીના વદનચન્દ્રે ચન્દ્રની ચન્દ્રિકા પ્રકાશી રહી.

દહેરીને પગથારે એવે એક છાયા પડી ને ઉડી ગઇ. બ્રહ્મચારીએ ધાર્યું ચન્દનીમાં ઉડતી ચન્દ્રઘેલી ચકોરીનો પડછાયો હશે.

ફૂલભારે લચી જતી ફૂલછોડની ડાળી લહરી આવ્યે નમે ને પાછી ઉપડે એવી ક્ષણિક એ છાયા પડીને ઉડી ગઇ. ન દીઠા જેવું બ્રહ્મચારીની દૃષ્ટિએ એ દીઠું, ન વિચાર્યા જેવું બ્રહ્મચારીના દિલે વિચાર્યું.

ચોકીના સ્થંભનો એક એકલવાયો છાયાસ્થંભ દહેરીની વચ્ચે પડતો. બાકીના ત્રણ સ્થંભના ત્રણ છાયાસ્થંભો કુંડનાં પગથિયાં ઉપર પડતા, ને ન્હાનકડો તરપોળિયો રચતા.

નીરવ પગલે ચન્દ્રકિરણો પાંદડાંઓનાં ઝૂમખાંઓમાં રમતાં ને જગતને રમાડતાં.

કુંડપાળે સૂનકાર ઢોળાતો.

દહેરીમાંની એ એકલવાઇ સ્થંભછાયા લમ્બકીધાં દંપતી સમી ઘડીક પછી સન્જોડ થઇ; ને ક્ષણેક પછી ત્રિશૂળના ત્રણ ફણગા એ સ્થંભછાયામાંથી ઉગી નીકળ્યા. બીલીપત્ર સમી છાયાસ્થંભની ત્રણ પાંખડીઓ સ્ફટિક દહેરીના ચોકમાં પડતી.

બ્રહ્મચારી ચમકયા કે આજે ચમત્કારોની રાત્રી છે કે શું?

આંખો ચોળી, પૂરી ઉઘાડી; નિદ્રાની છાયા તન્દ્રાને ય ત્યાગી. જોયું તો વચ્ચે મોરલાનો કલગીસોહન્તો કંઠ ને પડખે રતનજડી બે પાંખો પ્રસરેલી દીઠી.

નજર ઠરાવી નિરખ્યું તો સોળે શણગાર સજેલી બે સુન્દરીઓ સ્ફટિકસ્થંભને બે પડખે બે પાંખો સમી ઉભી હતી.

બ્રહ્મચારી સફાળા ઉઠયા. વીજળી યે ધીરી વહે છેઃ એથી યે વેગવન્તા ભાવે પ્રથમ તો એવું કલ્પ્યું કે વ્રત-તપથી–બ્રહ્મચર્યના સંયમથી પ્રસન્ન થઇને નવરાત્રીની છેલ્લી રાત્રીએ ભદ્રકાળી ને મહાકાળી, બે બિરદાળી જોગમાયાઓ, જાણે બિરદ આપવાને પધારી હોય ને!

એમાંથી એક છાયા બોલીઃ બીજી અબોલ હતી. મોતીને દાણે દાણે જ્યોત ઝબકે એમ એને બોલે બોલે વિલાસના વર્ણો ઝબકતા.

'એ તો અમે છીએ. કોઈ દિવસ નહિ ને આજે અમારા રાસ સાંભળવાને મન્દિરપાળે આવી ઉભા ત્‍હારનું મુખનું મરકલડું દીઠું: એનાં ન્‍હોતર્યાં આવ્યાં છીએ.'

બ્રહ્મચારીએ એને ઓળખી. મન્દિરની નવી માળણની એ પુત્રી હતી. નવી માળણ રસિયેણ હતી ને તેથી નવા પંચે જૂની ભાવિક માળણને રજા આપી નવી માળણને રાખી હતી. 'બધા ફેરફાર કંઈ સુધારા નથી હોતા' એવું આ થયું હતું.

મા જેવી પુત્રી હતી. સકલ લલિત કલાઓમાં તે પારંગત હતી. એના રાસની હલકની, એની પૂરી રંધોળીની, એની ભરી ફૂલમંડળીની નગરના રસિલા યુવકસંઘમાં ઘણી ઘણી વાતો ચર્ચાતી.

'અત્‍ય્‍હારે ક્યાંથી? શું જોઈએ છીએ?'

'ત્‍હમારૂં બ્રહ્મચર્ય. જૂવો, સાથે બ્રહ્મચારિણી છે:' કહી સંગાથી સહિયરને આગળ ધકૂકેલી. અબોલ, ઉંડું ઉંડું થતી, જીવનપંખિણી એ પેલી મુગ્ધા હતી. 'એને તો હું દર્શને લાવી હતી: ચન્દનીમાં ચન્દ્રરાજનાં દર્શને.'

વયે તે સોળ વર્ષની યૌવના હતી, પણ અનુભવે તે છત્રીસ વર્ષની પ્રૌઢા હતી.

'ત્‍હમે મ્‍હારૂં સર્વસ્વ માગો છો:' બ્રહ્મચારીએ કહ્યું.

'ત્‍હમે તો સહુને સર્વસ્વ આપો છો. કાંઇ યે સંઘરો છો ક્‍ય્‍હાં જે?' નવમાળણની પેલી ચબાવલી કુંવરી બોલી.

અણુકલ્પ્યા આ નવસંસારદર્શને મુગ્ધા તો ડઘાઇ જ ગઇ હતી. એકલવાયી સારસી સમી હૈયું ભૂલીને દર્શનમૂર્છામાં તે ઉભી હતી.

ધમધમ કરતી, સુન્દરીના ઘૂઘરિયાળા ચરણોની સુકુમાર રમઝટે ગાજતી, રાત્રી રાણી આ અદ્ભુતો નિહાળતી નિહાળતી બ્રહ્માંડવનની ચન્દનીમાં વિહરતી હતી. કેટલાંકને સાંભળવે આશ્ચર્ય થશેઃ પણ આવાં આવાં કંઇ કંઇ આશ્ચર્યો રાત્રી રાણી નિત્યે ને નિત્યે નિરખે છે ને હૈયામાં સંચે છે. રાત્રી રાણીના વિશાળા હૃદયભંડાર ક્યહારે ય જો ઉઘડે તો જગત એક વેળા તો મોહમૂર્છાથી યે વડેરી આશ્ચર્યમૂર્છામાં પડે.

તારાઓ યે આઘેના સૂર્ય છે. સૂર્ય સમા એ કેમ ઝળહળતા નથી? ને ઝંખવાય છે? કારણ એ પણ કેમ ન હોય કે રાત્રી રાણીના અન્તર્લેખ વાંચી-વાંચીને એ ઝંખવાતા હોય?

'બાળાઓ! જાવ. આ તો બ્રહ્મચારીની દ્હેરી છે.'

એ શબ્દે ક્ષણેક ચન્દની યે થરથરી.

'આ યે બ્રહ્મચારિણી છે, માટે બ્રહ્મચારીની દ્હેરીએ પધારી છે.' એ કલારસિયેણ યુવતિ ઉચ્ચરી.

એ તો ન્હાસી જ ગઈઃ મુંગી, અબોલ, કંઈ કંઇ હૈયાછોળો ઉછાળતી, પાંખો જેવો પાલવડો ઉડાડતી એ મુગ્ધા તો ન્હાસી જ છૂટી. ક્રોધ કે તિરસ્કાર કરવા કાજે યે એને આ પ્રસંગ અજુગતો લાગ્યો. એનાં સંસારનાં સ્વપ્ન નિરાળાં હતાં.

'ત્હમે તો સંસાર માગો છોઃ આ બ્રહ્મચારીની ફ્હેરી છેઃ' કહી બ્રહ્મચારી છલંગ ભરીને કુંડના શીતળ જળમાં જઈ પડયા.

એ જળ ઉપર ચન્દનીનાં અમૃત તરતાં હતાં.

પાછળ જળમાં કૂદી પડવા ક્ષણેક તો માળણપુત્રીએ કચ્છ કસ્યોઃ પરાજય એને એવો ડંખ્યો. પણ પછી ફરીથી વિમાસ્યું. હૈયું ઢીલું પડી ગયું, નિર્ણય ઓગળી ગયો, પૂર ઉતરી ગયું, અને મન્દિરને મંડપે દશેરાની દેવસ્વારીનો રથ શણગારવાને તે સિધાવી.

ચોકમાં ચન્દનીની પાટલીઓ વૃક્ષઘટાના છાયાપાટે માંડેલી હતી. જાણે ગણી-ગણીને એ પાટલીઓએ પગલાં માંડતાં માંડતાં તે ગણગણતીઃ

'એ બ્રહ્મચારી નથી, પરણેલા છે. કહે છે કે ત્રાંબાપતરાના માદળિયામાં મૂર્તિ છે-એમની વહુની.'

ચોકમાં ચન્દની છલકાતી ભરાઈ હતીઃ મન્દિરચોકમાં ચન્દનીનું સરોવર ભરાયું હતું. મંહી એ પાય ધોતી જતી હતી.

'ખરેખર ! બ્રહ્મચારી કોઈકના પ્રેમમાં છેઃ પ્રેમમાં છે માટે જ અચળ ને અડોલ છે. મોહ તો રૂપનો ખરીદો સરદાર છે; પ્રેમ ચક્રવર્તી રાજવી છે.'

ગગને ચ્હડીને જગત નિહાળતો ચન્દ્રમા એક આ સુણતો હતો.

# ૧૨ : સતીનાં ચિતાલગ્ન

(વીસમી સદીની ગુજરાતણની એક ન્હાનકડી કાદંબરી)

⚜ ⚜ ⚜

# ગિરિછાયામાં

ગુજરાતના ગિરિવરોમાં એ ઉછરતી હતી. નિત્યનિત્ય ગિરિરાજનાં દર્શન કરીકરીને એનો આત્મા ગિરિરાજ શો અચલ ને અડોલ ઘડાતો હતો.

લોકવાણુવિખ્યાત તે ચંચળ વાયુલહરી ન હતી; કે ત્હેનો મનોનિગ્રહ ક્ષણક્ષણ પલટાતી પેલી વીજળી જેવો યે ન હતો. ઉજળી દૂધ જેવી, પણ તે આરસની મૂર્તિ હતી. વજ્રને યે વીંધે એવો હીરાકણી શો એનો આત્મન્મણિ હતો.

ગિરિશૃંગે ક્ય્હારેક તે ઘૂમતી ત્ય્હારે આકાશી ભાવ-ઓ એના આત્મામાં ઉભરાતી. સુવર્ણરેખાનાં તીર્થજલમાં ન્હાવા જતી ત્ય્હાં પવિત્રતા એના આત્માને પોષતી. કાળ-વાને ઘરે જલબેડલું લેઇ જલ ભરવા જતી ત્ય્હારે ત્હેને कालोऽस्मि ની ભવ્યતા વધાવતી. વનવાડીઓમાં મયૂરી શી એ વિચરતી ત્ય્હાં હરિની સૌન્દર્યલીલા એને શણગારતી.

ફૂલપાંખડી જેવી સુન્દર તે હતી એટલું જ નહિ; દેવપુષ્પ સમી સદ્‌ભાવનાની સુગન્ધભરી તે હતી એટલું જ નહિ; કુદરતની કલિકા જેવી રસમ્હેકન્તી ત્ય્હારે તે હતી એટલું જ નહિ; તે ગુર્જર કુમારિકા પવિત્રતાની પ્રતિમા ને કૌમારની સુકુમારતાની પરમ તારલી હતી.

કો ધન્ય ઘડીએ જગતમાં અવતરે છે, એવી, દેવકન્યકા શી, એ ગુર્જરકન્યકા હતી. અમરતાના ફૂલ સમી એ ખીલતી હતી.

આપણા ગુજરાતની એ આત્મવાન્ કુંવરી હતી.

૨

## પાટનગરીમાં

પછી ત્હેની મ્હોટી બ્હેનનાં લગ્ન થયાં: ને પર્વતશૃંગો ને વનવાડીઓ, તીર્થ ને તીર્થજલ મૂકી બ્હેનને ઘેર પાટનગરીની ચાંદનીમાં જઇને તે વસી: જાણે વનની વેલને નગરખોળે રોપી.

ન્હાનેરી સાળીઓને બ્હેનેવીઓ કેવા કેવા લાડ લડાવે છે એ તો ઘણાંઓએ દીઠું છે. આપણા જ દેશમાં એવું હોય છે એમે નથી.

એ ન્હાનેરી સાળીમાં બ્હેનેવી નિજ પત્નીનું રમતિયાળ રસસ્વતન્ત્ર બાલસ્વરૂપ નિરખે છે; ને વૈષ્ણવો બાલમુકુન્દને પૂજાઅર્ચાથી લાડ લડાવે છે એમ નિજ પત્નીની ન્હાનકડી પ્રતિમાને—એ નિજ બાલમુકુન્દિનીઓને પોતે લાડ લડાવે છે એમ જાણ્યે—અજાણ્યે ઊંડા અન્તરમાં પતિઓ સ્હમજે છે.

એ લાડકોડ પૂરવામાં જેટલી પવિત્રતા જળવાય કે ન જળવાય એટલું એ ન્હાનેરી સાળીઓનું જીવન પવિત્ર કે અપવિત્ર નીવડે છે. ખારાં જલ છંટાય તો મીઠી વેલ ક્ય્હાંથી ઉગે ?

ન્હાનેરી બ્હેનનાથી નિરાળો એ રસિકડો સંબંધ જ એવો ઓર છે.

એ પાપસંભવના અનુભવભયથી ભડકીને ખ્રીસ્તી ધર્મે સાળીને પરણવાનો ધર્મનિષેધ કદાચ ઉચ્ચાર્યો હોય.

તે હવે વનમ્હાલતી મયૂરી મટી ગઇ; હવે તે પાટ-નગરની વાછડી સમી ઘૂમતી.

સોના શીંગડીઓ ને રૂપા ઝાંઝર નગરજનો વાછડીને પ્હેરાવે, ને ઝમઝમ ઝમકાર કરતી રાજમાર્ગે તે સંચરે, એવી સોનારૂપાની આછીઆછેરી ટશરો એને અંગે ઉગી નીકળી. રાજનગરીના રાજમાર્ગોની ચન્દનીમાં અજબ ચમકારા ચમકાવતી ને ઝાંઝર ઝમકાવતી તે સંચરવા લાગી.

થોડુંક નિશાળે જતી; થોડુંક ઘરકામ કરતી; થોડુંક દેવદર્શને જતી; થોડુંક ફરવાને વિચરતી: એમ લાડકોડમાં એ ઉછરતી હતી.

એના પુસ્તકિયા ભણતરનો ભંડાર તો વધુ ન ભરાયો; –પુસ્તકિયા ભણતરની સનાતન કીંમતે કેટલીક ?–પણ એના આત્માના ભણતરનો ભંડાર અજબ ને ઉભરાતો ભરાયો.

એની જન્મવર્ણી સુન્દરતાને કલાના ઓપ બેઠા, ને અંબોડલે અખંડ ફૂલવેણી ચ્હડી. એની વનવર્ણી ઓઢણીએ સોનલા કોર ઉગી; એના વાડીવર્ણા ચણિયાને રૂપેરી ઝીકની ઝૂલ ઝૂલી રહી; એના કોયલ શા કંઠમાં રાસ ને એના કિરણમંડલ શા કરમાં ચિત્ર ખીલી ઉઠયાં. ગુજરાતની ભવ્ય કુદરતને ધાવેલો એનો આત્મન્ હવે કલાસંયમમાં ગોઠવાવા લાગ્યો.

ત્હેના સ્નેહોની ફૂલક્યારીઓ રચાતી હતી.

ને એના મ્હેનેવીને ત્હાં આવતા કોક રસમાળી એને રસકુંજની ઝારીઓ છાંટી જતા.

એમ વનની મટી વાડીની વેલી એ બની.

## ૩

## કાશીપુરીમાં

ને પછી ?

તે પછી જીવનના નાટકનો પડદો ઉપડયો ત્ય્હારે-ઓહો ! આ તો ગંગાજીનો ઘાટ ! આ તો કાશીવિશ્વેશ્વરનું પૃથ્વી-પૂજ્ય મન્દિર ! કોટીધ્વજ કે ચક્રવર્તી–અંહિયાં તો સારી જનતાનાં શિર ઝૂકી પડે !

હા, એ વિશ્વવિખ્યાત વારાણસી: પાંડવો ને દ્રૌપદીજીની પદધૂલિથી પુણ્યવન્તી, હરિશ્ચન્દ્ર તારામતી ને બાલ રોહિ-તના સ્મરણસુગન્ધોથી આજે યે મ્હેકતી પૃથ્વીપ્રાચીન એ વારાણસી. બુદ્ધ ભગવાનના સ્તુપ ત્ય્હાં છે; શંકર ભગવા-નના દિગ્વિજય, મેઘાડંબર શા, ત્ય્હાં ગાજ્યા હતા. આજે તો કેટલાંક પુણ્યને બદલે પાપના પોટલા એ તીર્થભૂમિ-માંથી બાંધી લાવે છે; ને આંખો મીંચી વિચરે ત્ય્હાંનાં પુણ્યવન્તાંને પિછાનતાં યે નથી. ત્હો યે ભારતનાં પુણ્ય ને પવિત્રતાના ઓઘ સમી, પાપીઓનાં કંઇ કંઇ પાપ ને અ-પવિત્રતાઓ ધોઇ અન્યને ન અડકે માટે હૈયારહોડમાં સંઘરી સાગરમાં પધરાવવા જતી, પતિતપાવની, પુનિત-

કલ્યાણિની, ગંગા મૈયા યુગ-યુગથી જ્યહાં વહે છે એ જ એ વારાણસી.

હા, સંસારભારચંપાયાં ભારતવાસીઓનો વિસામો તે વારાણસી. પુણ્યની એ સૌન્દર્યવેલને તો ત્યહાં અદકેરાં અમૃત છંટાયાં.

ત્યહાં એનાં લગ્ન થયાં હતાં, ને ત્યહાં તે સાસરવાસે ગઇ હતી. શ્રી હરિને ત્યહાં લક્ષ્મીજી પધારે એમ એની આત્મલક્ષ્મી પતિને લક્ષ્મીધામે પધારી હતી.

વારાણસીના એક ધર્મનિષ્ઠ ને ધનાઢ્ય કુટુંબના પુત્રરત્ન સંગાથે એનાં લગ્ન થયાં હતાં: એટલે એ શીલ-મૂર્તિ સૌભાગ્યવતી એ જગતતીર્થને ઉછંગે જઇ બેઠી હતી.

પણ મન્દાકિનીને આરે કલ્યાણક સુખભોગ તો દેવ-દેવીઓ ઘડીક જ માણે છે, ને પછી ક્ષીણે પુણ્યે મૃત્યુલોકે વિશ્રાન્તિ. એમ સુખભોગને સ્વર્ગઘાટે ઘડીક તે આવીને બેઠાં.

સુખ ને ધન તો સદાયનાં ચંચળ છે, ને આજે વીસમી સદીમાં તો વિશેષતઃ. કોઇના યે નથી રહ્યા, ને એના યે સુખના દિવસો સદાના ન રહ્યા.

દેશાવરમાં એના સસરાજી વ્હેપાર ખેડતા. વારાણ-સીના ચૌટામાં એમની ધન ને શાખ ભરી દુકાન હતી. વડલાની શાખાઓ જેવા એમના આડતિયા હતા; વડાલાની ઘેર ગંભીર ઘટા સરિખડી એમની પ્રતિષ્ઠા હતી.

વડલા નીચે મંડાયેલી પરબ જેવી એમના યે સદા-વ્રતની ધર્મપરબ હતી.

પણ વાવાઝોડું થાય, ને વાંદરાં કૂદે, ને ડાળો ભાગે, ને પરબના ગોળા ફૂટે: એમ વ્હેપારનું એક વાવાઝોડું વાયું, ને એ આંધીમાં એ ધર્મપ્રતિષ્ઠાળો વડલો ઉખડી પડ્યો. પરબનાં પાણી ઢોળાઇ ગયાં, વ્હેપારની વડવાઇઓ સંકેલી લેવી પડી. હવેલીમાંનાં ભર્યાં ટાંકાં ઉલેચતાં યે લ્હેણિયાતોનાં ટોળે ટોળાં ધર્મદ્વારેથી ખૂટયાં નહિ.

કોઇને યે ધર્મદ્વારેથી—આ ભવના કે પરભવના—લ્હેણિયાતોની જમાત કદી યે ખૂટી છે? અધર્મદ્વારે એક પણ લ્હેણિયાતને ઉભેલો કદી યે દીઠો છે?

ને વારાણસીનો તો એ નિત્યઅનુભવ છે. 'ધર્મનિષ્ઠની કસોટી' એ તો જાણે આ જગત્‌નગરીના જેવો એ ધર્મનગરીનો મુદ્રાલેખ છે.

એને યે સાસરવાસેથી ધનની વિજળીના દીવાના ઝળકાટ કાળબળે સહસા હોલવાઇ ગયા.

સુખની વસન્ત શમણું થઈ ગઇ, ને પછી વિતકની વર્ષા બેઠી.

## ૪

## મહંકાળેશ્વરની તપસ્વિની

તે સુખ કાજે ન્હોતી જન્મી, સેવા કાજે જન્મી હતી.

સુખના પાઠ સોહેલા છે, દુ:ખના પાઠ દોહેલા છે; ને એ બન્ને ય પાઠ સહુ જગતવાસીએ શીખવાના છે.

બાળપણમાં માબાપની સેવા કીધી; કૌમારમાં બ્હેન-

વ્હનેવીની સેવા કીધી; યૌવનમાં સ્વામીને માણવાને નહિ પણ સેવવાને તે માળવાના રણપગથાર વચ્ચે આવી બેઠી.

સ્વામીને સેવતી, ને મહંકાળેશ્વરને પ્રાર્થતી, તે જીવનમેઘના અમૃતછાંટાની આશાઆંખડીએ દિશાઓને નિહાળતી.

મધ્યદેશના રેતાળ રણમાં દંપતી જઇ રહ્યાં હતાં. લક્ષાધિપતિ દંપતી ત્ય્હારે ગરીબનાં યે ગરીબ જેવાં હતાં.

એ શિપ્રાને આરે સુદામાજી રહી ગયા હતા, કૃષ્ણ ભગવાન ભણી ગયા હતા, ભર્તૃહરિ માણી-ને ખોઇ ગયા હતા, વિક્રમદેવ આર્ય જાહોજલાલીનાં વીરત્વ ને પરદુઃખભંજકતા ઝળહળાવી ગયા હતા, કાલિદાસ મેઘદૂત ને શકુન્તલાનાં સુખદુઃખ, જગતનાં સુખદુઃખ જેટલી જ અમરતાથી, ગાઈ ગયા હતા.

એમનાં પુણ્યજીવનની અમર કવિતા ગાવાને પુણ્યધર્મીલો કો ગુર્જર શબ્દસ્વામી હજી જન્મે ત્ય્હારે ખરો.

સુખદુઃખની અમર સરિતાને આરે સુખની લહરીઓ વટાવી દુઃખનાં વમળો વચ્ચે તે દંપતી બેઠાં હતાં.

વસન્તની બહાર જેવી એમની યૌવનવાડી હિલોળા લેતી હતી. જીવનની વસન્તતિથિઓમાં સુખદુઃખની સનાતન સરિતાને ઘાટે તે બેઠાં હતાં.

સરખટના માળાની પેઠે એમનો કુલવ્યાપાર ભાગી પડયો; વહી જતાં પૂરની પેઠે એમના લક્ષ્મીભંડાર ઠલવાઈ ગયા. વ્હાણ ડૂબ્યા જેવી પિતાજીની ને કુલની અવદશા નિરખી પતિના સુકુમાર આત્માને આઘાત વાગ્યો.

હતો, ને ત્હેને ક્ષય થયો હતો. માળવાનાં સુક્કાં હવા-પાણીમાં, અફીણ ને કપાસનાં ખેતરો વચ્ચે, દાક્તરી સલા-હથી તેઓ આવી વસ્યાં હતાં.

એ રાંધતી, તે જમતો; એ પાણી ભરી લાવતી, તે પીતો; એ પ્રભુને વિનવતી, તે સૂર પૂરતો.

સીતા ને રામ જેવાં તે એકાન્તવાસી હતાં; એમની પંચવટીના એકાન્તવાસમાં લક્ષ્મણજીનો યે સહયોગ ન હતો.

આથમ્યા બપ્પોર રાત્રિ પડયા વિના કદી યે પાછા પ્રભાત થઈ ઉગ્યા છે ?

એમનું યે જીવનબેડલું ફૂટયું તે પાછું સ્વર્ગમાં સન્ધાયું.

શિપ્રાના ઘાટશિકરો એમની કરમાયેલી કુંપળોને ફરીથી ખિલાવી શકયા નહિ, કે મહંકાળેશ્વરની ધૂપ-આરતીઓ એમના આથમ્યા પરિમલને પાછી પમરાવી શકી નહિ.

એ મોગરો ને મોગરાની વેલ તો સદાનાં કરમાઇને પડયાં.

માળવાના રણમાં માસેક માંડ વીત્યો હશે. યૌવનમાં બહુધા બને છે એમ એ ક્ષયે (Galloping consumption) અતિતીવ્ર ક્ષયનું રૂપ લીધું; ને શું થયું ? કે શું થાય છે ?–સહુ એ ચિન્તવે કે સહુને એ સ્હમજાય એ પહેલાં તો એની આયુષ્યસેર તૂટી ગઇ.

એક દિવસે માળવાના રણપગથાર વચ્ચે યુવતિની હૈયાશય્યા સમી ચિતા ખડકાઇ, ઉપર પિયુજી સ્હડયા. પછી અગ્નિની ઝાળ એને ઘેરી વળી. સોળ વર્ષની સૌન્દર્યમૂર્તિ

નવયૌવના અનિમિષ આંખે જીવનમૃત્યુની ભેદાવલિનાં એ ઉઘડતાં પાનાં નિરખી રહી.

જગતશાણાઓને નથી સ્હમજાયું એ એને ક્ય્હાંથી સ્હમજાય ? એની ફાટેલી આંખો ગહનતાને ગહન પ્રશ્નો પૂછતી હતી કે મૃત્યુ એટલે શું ? સ્વામીનાં આયુષ્યનો એ છેલ્લો ભડકો હતો; પત્નીની એ અણહોલવાયેલી ઝાળ હતી.

સ્વામીની ચિતા સન્મુખ એ બાલાનો આત્મા નિજ જન્મભૂમિના ગિરિવર શો દૃઢ થયો.

અગ્નિસાખે દંપતીએ એક પ્રતિજ્ઞા લીધી હતી; અગ્નિસાખે આજ પત્નીએ બીજી પ્રતિજ્ઞા લીધી.

માળવામાં પ્રગટેલો એ નવઅગ્નિ પછી સુવર્ણરેખાને ખોળે હોલવાયો.

## ૫

## સુવર્ણરેખાને ખોળે

અગ્નિહોત્રનો અગ્નિ આયુષ્ય સાથે હોલવાય, એમ એ નવઅગ્નિ યે એના આયુષ્ય સાથે હોલવાયો.

'મ્હારે નથી જીવવું' એટલું જ એનું બોલવું હતું.

માળવાના રણપગથારમાં કે વારાણસીના તીર્થઘાટે કે ગુજરાતસૌરાષ્ટ્રના સીમાડાના ખારા પાટમાં સતીની પેઠે એક જ ઉચ્ચારતી; 'શા માટે મ્હને જીવાડવા મથો છો ? મ્હારે હવે નથી જીવવું.'

એકતારાનો એક તાર છેડયે બીજો તાર રણકી ઉઠે એમ એણે યે પતિના ક્ષયનો રણકો ઝીલી લીધો હતો.

એ પછી તે હસી નથી; એ પછી ત્હેણે આનન્દવર્ણું વસ્ત્ર પહેર્યું નથી.

એનું શેષ જીવન એક અખંડ ભડભડતી **સતીની ચિતા** સરિખડું હતું.

એની આંખડલી આભની પાછળ જ નિહાળતી. આભની આ બાજુની સૃષ્ટિ ત્હેને તો ભૂંસાઇ ગયેલી ભાસતી.

એ ગેબને પૂછતી. ગેબ ઘેરૂં ઘેરૂં હસતી ને ગહનતાનો ઉત્તર આપતી.

મૂક વાણે તે માનવીને પૂછતી; અજ્ઞાન-પત્થર શો-માનવી મુંગો ઉભતો.

દેવીનાં દર્શન કરે તેમ હું ય દર્શન માત્ર કરી રહ્યો હતો: મ્હારી યે વાગીશ્વરી ત્ય્હારે મ્હને તજી જતી હતી.

જન્મમૃત્યુના પડદા પાછળના સનાતન પ્રશ્નોના ઉત્તરદાતા ગહનતાના નજૂમીઓ હજી ધરતીખોળે જન્મે ત્ય્હારે ખરા.

ત્ય્હાં સૂધી તો ઉગવું ને આથમવું, અને વચ્ચેની જીવનલીલા, એ જ આંખડલીનાં મહાસત્યો છે ને ?

છેલ્લીવેલ્લી મ્હેં નિરખી ત્ય્હારે સોરઠ ને ગુજરાતની સીમાઓ સંગમ પામે છે ત્ય્હાં ખારાપાટના એક સરોવરિયાના તીરે તે વસતી હતી. જળમાં રમતાં સારસડાંને તે નિહાળતી ને વાદળિયા આભને મૂંગા પ્રશ્ન પૂછતી કે 'હવે ક્ય્હારે?'

એનાં પગલાંમાં હાથીની દઢતા હતી; એનાં અંગોમાં સતીનું સત હતું; એની મુદ્રામાં સૂર્યની ઉગ્રતા હતી.

એની ઊંડી ઉતરેલી આંખોમાંથી અખંડ બે મશાલો સળગતી દેખાતી. એ બે એનાં આયુષ્યની અખંડ શઘડીઓ હતી.

એનું શેષ જીવન સતીની ચિતા હતું.

કળીએ ને ફૂલડે ફૂલેલી લાડકોડની વસન્તવેલી જેવી જ્યહાં તે ઝોલાં ખાતી'તી, પોપટડી જેવી જ્યહાં ઉડતી'તી, ને મયૂરી જેવી જ્યહાં મ્હાલતી'તી, ને વાછરડી જેવી જ્યહાં જીવનનાં ઝાંઝર ઝમકારતો'તી, ત્ય્હાં આજ સંન્યાસિની સમી તે સંચરતી.

એના સંસારરંગ સઘળા યે ઉપટી ગયા હતા.

**काम्याणां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः.**

જીર્ણ વસ્ત્રો જેવી એની જગતકામનાઓ ઉતરી ગઈ હતી. નિષ્કામનાની તે સાક્ષાત અવતારિણી દીસતી.

પછી તો તે કાળમુખા કાળવાને કાંઠે ગઈ ને સોનરેખને ખોળે સદાયની પોઢી.

ઐહિક જીવનને એમ સંકેલી લીધું.

ગુજરાતનાં કૃષ્ણપ્રાચીન તીર્થજળ આજે યે એની દેહ-ભસ્મથી પાવન થયાં છે.

રાજસતી રાણકદેવડીએ વાવેલી સતીવેલને હજી તો ત્ય્હાં ફૂલ પ્રફુલ્લે છે.

૬

## એને ઓળખી ?

વીસમી સદીની પહેલી પચ્ચીસીનાં નરનાર ! એને ઓળખી ? એ આપણા જ યુગમાં ગુજરાતખોળે થઇ ગઇ. વીસમી સદીનાં વિલાસપૂજારીઓને સતીને ઓળખવાની નવરાશ છે કે ?

ગુજરાતના કલાકારો ! ગુજરાતના શબ્દસ્વામીઓ ! ત્હમારી પીંછીમાંથી ને ત્હમારી લેખિનીમાંથી આથી ઉલટાં ચિત્રો કેમ જન્મે છે ? ગુર્જર કુંજો હજી પુણ્યસૂની નથી થઇ, હો !

ધારાશાસ્ત્રી ! ત્હારૂં ન્યાયશાસન પૂજનીય છે: ત્હારી પામરતા યે સ્હમજી લે ને સુધાર.

હાઇકોર્ટની હવેલી જેવડો ધારાશાસ્ત્રનો ઢગ થયો છે. સ્વામી સ્વર્ગવાટે સિધાવ્યે જે સતીને જીવવું નથી—જેને સ્વામીનો સંગાથ સાધવો છે, ત્હેને જીવાડણહારા એ ગંજ-નિષેધ છે કોણ ?

શાણા સંસારશાસ્ત્રી ! પારખી લે સંસારસત્યો. ફરજિયાત વૈધવ્ય વિલાસકામિનીઓને સંસારનો જુલ્મ જ છે; ફરજીયાત સતી થવું જિજિવિષાભાવિનીઓને સંસારનો જુલ્મ જ છે; સંસારવિરક્ત સ્વામીતલ્લીન સતીઓને સ્વામી પાછળ ફરજીયાત જીવાડવી એ શું એથી યે ગંભીર સંસારનો જુલ્મ નથી ?

છએક માસ એના આયુષ્યની અખંડ ચિતા જલતી જ રહી, ને ત્હેમાં જલીને તે ખાખ થઈ.

એ સતી આપણા યુગમાં થઇ. ગુર્જર સન્નારીઓ! એ ત્હમારી સહિયર હતી.

એનો જન્મ ઇ. સ. ૧૯૦૭ માં થયો.

એનું સંસારલગ્ન ઈ. સ. ૧૯૨૨ માં થયું.

એનું સંસારવૈધવ્ય ઇ. સ. ૧૯૨૪ માં થયું.

એનું ચિતાલગ્ન ઇ. સ. ૧૯૨૫ માં ૧૮ ની વયે થયું.

એનાં સંસારલગ્નમાં હાજર રહેવાનું સૌભાગ્ય મ્હારૂં હતું. એનાં ચિતાલગ્ન વેળા ગેરહાજર હોવાનું દુર્ભાગ્ય મ્હારૂં હતું.

પચાશેક વર્ષ પૂર્વે ઠરેલ બુદ્ધિના આપણા એક સાક્ષરશ્રી એમના સર્વોત્તમ નાટકના મુગટમણિમાં, જાણે ભવિષ્યવાણરૂપે, એનું નામ કોતરી ગયા છે; ને ગુર્જરકુંજ-વિખ્યાત અમરત્વ એને અર્પી ગયા છે.

ગુર્જરકુંજની આર્યજનતા ! આ ન્હાનકડી શી કરુણ કાદંબરી વાંચી અશ્રુમોતી ખરે તો સતીને વધાવીને ખરવા દેજે, પણ શોચીશ મા.

ગુજરાત! આ ઇતિહાસે ગુણગર્વીલો થજે. પુણ્ય ને પવિત્રતાનાં સનાતન વ્હેણ વીસમી સદીના સ્હવાર સૂધી તો ત્હારે હૈયેથી સૂકાણાં નથી.

એની જીવનકથા ઉચ્ચરે છે કે, પ્રેયસ્‌ની ને શ્રેયસ્‌ની પેઠે, વિલાસ ને કલ્યાણ નિરનિરાળાં છે.

# ૧૩ : ફૂલની ફોરમ

✤ ✤ ✤

એ માર્ગે નગરલોક ઘણાં જતાં-આવતાં.

ચન્દનીના વ્હેણ જેવો માર્ગ ઉજળો હતો; પણ વચ્ચે વચ્ચે વૃક્ષછાયાના અન્ધકારના ઢગલા પડેલા હતા. પડછાયા શા ડોલતા એ ઢગલાઓ ખૂંદીને લોક એ ઉજળે માર્ગે ઘણાં યે જતાં-આવતાં.

આગળ મન્દિર હતું; અને એથી યે આગળ મૃત્યુધામ સમું સ્મશાન હતું. ત્ય્હાં આકાશપાતાળની પાયરીઓ ચ્હડતી-ઉતરતી.

૨

એ એક ચૈત્રની સન્ધ્યા હતી. ખરૂં પૂછો તો વસન્ત ઉતરતી હતી ને ગ્રીષ્મ બેસતી હતી. દિવસ ને રાત્રીની હોય છે એવી ઋતુઓની એ સન્ધ્યા હતી.

જીંદગીની ઋતુઓનો યે ત્ય્હારે સંગમ હતો.

વૃક્ષો પ્રફુલ્લેલાં હતાં. કોયલ બોલતી હતી. પ્રકૃતિએ સૌન્દર્યના વાઘા સજ્યા હતા.

મ્હારી તો તે નવજન્મની જન્મતિથિ હતી. મૃત્યુનાં ઝેર પી, એ ઝેરનાં વમન કરી, જીવનને આરે પાછો સજીવન હું આવી ઉભો.

સંસારનાં મૃત્યુ નિરખો છો એમ, ઓ સંસારીઓ ! સંસારનાં સંજીવને નિરખજો.

૩

ખાલી હૈયાનો, ખાલી મસ્તકનો, લક્ષ્યસૂનો હું એ લોકમાર્ગે જતો હતો. માર્ગે વૃક્ષોના પડછાયા મ્હારા ઉપર પડતા ને સરી પડતા. એના ભાર મ્હને લેશે લાગતા નહિ.

હૈયાસૂનાને તેજ કે છાયાના ભાર લાગતા નથી.

હું મનમસ્ત હતોઃ બ્રહ્મવાદીઓના જેવો તો નહિ, ત્હો યે હું નિજમસ્ત હતો. કાંટાઝાંખરાં ઉખેડી ફૂલબાગ રચવાની, સંસારમાં સ્વર્ગ સ્થાપવાની, બ્રહ્માંડને ઉથલાવવાની તરંગાવલિ, દરિયાવમાં મોજાં ઉછળે છે એમ, મ્હારા અન્તરમાં ઉછળતી. સાગર શો હું દિશાશૂન્ય ને નિજમસ્ત હતો.

સૂર્યનારાયણ અસ્તાચળે વિરાજતા. આથમતા સૂર્યદેવની ઉડતી જ્વાળાઓની ઝાલરપાંખોનાં તેજપીંછાંઓમાં સુવર્ણવર્ણા કંઇ કંઇ સ્વપ્નાં હું જોતો.

નગરશણગારનારાંઓએ વડલાની અવનીઅડતી વડવાઇઓ રોપી રોપી કુંજઘટાઓ કીધી હતી ને મંહી સુખાસનો મૂક્યાં હતાં. નગરવિહારીઓની એ વિહારકુંજો હતી. આજે યે એ વિહારકુંજોમાં કાંઇ સૂનકાર જ ન્હોતો વસતો.

આજે મ્હારી આંખ દૃષ્ટિસૂની હતીઃ આંખ દેખતી, પણ ન્હોતી દેખતી.

મકના હાથી જેવો નિજમસ્ત બે હાથની બે શૂંઢો ડોલાવતો હું વહ્યે જતો હતો.

સૃષ્ટિ સારી હસતી લાગતી. મનુષ્યોનાં મુખડાં ખીલેલાં કમળ જેવાં ભાસતાં. નવચન્દ્રમાંથી ચન્દ્રિકા વહી ત્રિલોકને રંગે છે એમ મ્હારા અન્તરમાંથી કંઇક આજ વહતું, ને વિસ્તરતું, ને જગતને રંગતું.

એ આનન્દનો રંગ હતો. મ્હારા આત્મામાંથી આનન્દની ફરફર આજ ઉડતી ને જગત ઉપર વરસતી.

ચિત્રફલક સમું આનન્દવર્ણું હૈયું સૌન્દર્યની છબિ ઝીલવાને સજ્જ હતું.

૪

અણદીઠી કોયલ બોલે એવી એવે કુંજમાંથી મન્દિરઘંટા વાગી ને હું જાગી ગયો. આંખડી આભમાંથી ઉતરી, આત્મા ગગનમંડળમાંથી દેહદેશે આવ્યો, ને જગતસૌન્દર્ય નયન ભરી સન્મુખ ઉભું નિરખ્યું.

વૃક્ષો ઉપરની તેજવલ્લીઓ જોઇ, ઘટામાંના તેજસ્થંભ જોયા, પણ મન્દિરને પગથિયે દૃષ્ટિ ઠરી જ ગઈ: જાણે તેજની કો અણદીઠી સુવર્ણખીલીએ એને જડી દીધી ન હોય ?

મન્દિરનાં પગથિયાં એટલે દેવની સ્હીડીઃ કોઇ ચ્હડે છે ને કોઇ ઉતરે છે.

128

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

# પાંખડીઓ

ન્હાનાલાલ દલપતરામ કવિ

Guj. Uni. Library
191925

વિ. સં. ૧૯૮૬ ઈ. સ. ૧૯૩૦

સવા બે

કીંમત [redacted] રૂપીઆ

129

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

# પાંખડીઓ

ન્હાનાલાલ દલપતરામ કવિ

Guj. Uni. Library
191925

વિ. સં. ૧૯૮૬ ઈ. સ. ૧૯૩૦

સવા બે
કીંમત [redacted] રૂપીઆ

દેવલોકે સંચરે છે એમ કામવાસનાની ઝાળોનાં વિમાને ચ્હડીને મન સુન્દરીના દેહદેશમાં ઘૂમી આવ્યું.

પુષ્પમાં, પલ્લવમાં, વિટપોની કરચલીઓમાં ભમરો ઉડે એમ મન ઉડતું.

૬

વિશ્વમાં એકલી પાપવાસના નથી, પુણ્યવાસના પણ છે: અને પાપવાસના કરતાં પુણ્યવાસના બળવન્તી છે.

જગતની પાર્થિવતાના પડછાયા પડે છે એમ જગતની જ્યોતિર્મૂર્તિઓમાંથી યે વિદ્યુતફોરાં વરસે છે. તેજનાં વિદ્યુતફોરાંઓ પડછાયાની પડી ભાતને ધૂવે છે.

જગતનો અન્ધકાર સાચો છે તેમ જગતનાં તેજે સાચાં છે.

આજે અકસ્માતોનાં અન્ધારાંઅજવાળાં મ્હારે ઝીલવાનાં હતાં.

ભરી-ભરી ફૂલછાબ લેઇને એવે કને થઇને દેવની એક પૂજારણ નીકળી. ચન્દનીના વ્હેણ સમો સારો નગરમાર્ગ મઘમઘાવતી પૂજારણ મન્દિરપગથિયે ચ્હડી; જાણે પુરવાસીઓની પ્રેમભક્તિ પગથિયાં ચ્હડતી ન હોય!

પાછળ એના ઉડતા પાલવમાંથી પરિમળની પુણ્યસેર નિર્ઝરતી ને પૃથ્વીને પરિમળાવતી. એ પુણ્યનો પરિમળ મ્હારા યે અન્તરને પરિમળાવી રહ્યો.

ઉરના અન્ધારમાં મ્હારે અજવાળાં ઉગ્યાં. પડછાયાના ઢગલા ધોવાયા. ધૂમાડાના ધૂપ ઓસરી પરિમળના મેઘ ઉભરાયા. એ પરિમળનાં ગુલાબજળમાં આત્મા જાણે ન્હાવા લાગ્યો.

પછી જાગીને જોયું તો વસન્તરંગે રંગેલું જગત નિર્મળું નિર્મળું હસતું હતું. ઉપર બીજનો નવચન્દ્રમા ચન્દ્રિકા વરસતો.

જગત હરિનો જય ઉચરતું હતું.

નીચે જોયું તો વિલાસની પ્રતિમા સમી હજી તો તે રમતિયાળ વિહારવિલોલ ગતિએ દેવમન્દિરનાં પગથિયાં ઉતરતી હતી.

પુણ્યઆંજી આંખડીએ પછી ઉંચે જોયું તો તે પરિમળની મૂર્તિ તેજની શિલાઓ સમી સંસારસ્હીડીએ ચ્હડતી હતી. એ રૂપમૂર્તિમાં યે કામપૂતળીને બદલે દેવકન્યા દીઠી. એને યે અંગે પૂજારણના પરિમળના વાઘા ભાસતા.

૭

એવે બે વિજ્ઞાનશાસ્ત્રીઓ વિદ્વદ્ચર્ચા ચર્ચતા નગરમાર્ગે વિચરતા હતા, ને ત્હેમનું એક વિદ્વદ્‌વેણ મ્હારે કાને આવીને અથડાયું.

'સૂર્ય ને ચંદ્ર છે એવાં ફૂલ ને સન્તો પ્રકૃતિબાલકો છે. એમનાં યે વીજળીનાં ફોરાં ને સુવાસનાનાં કિરણો આત્મદેશમાં અજવાળાં વરસે છે.'

બીજાએ ઉત્તર વાળ્યોઃ–‘ ફૂલડાં એટલે પૃથ્વીમાંનાં સન્તો.’

ફિલસુફમુખડેથી સાંભળવાનું મ્હારે બાકી હતું એ સાંભળ્યું ને અનુભવ્યું.

પણ એ ફૂલની ફોરમ હતી ? કે પૂજારણની ફોરમ ?

મ્હારી પાપભાવનાને પુણ્યભાવના કીધી એ ફોરમે.

# ૧૪ : વ્રતવિહારિણી

આઠે પહોરના અમૃતરૂપ એ સમય હતો. જગતશોભન સૂર્યસુવર્ણ આભમાં યે ન્હોતાં પથરાયાં, અને અન્ધકારના ઓછાયા પણ અન્તરિક્ષમાં ન્હોતા ઉડતા. રાત્રી આથમી હતી. તેજતેજશીતળ રજતવર્ણું પ્રશાન્ત પ્રભાત પૃથ્વીહૈયે પથરાયેલું હતું; જાણે જગતે ચન્દનીની જાજમ પાથરી !

ત્ય્હારે ભડભડતી ચિતા સળગતી હતી.

તે એક નદીનો તટ હતો, ને નદીતટમાં સ્મશાન હતું. મનુષ્યભસ્મના અંગલેપન કરતું વર્ષાનું અઘોર જળ રાખના ઢગલાઓમાં થઇને વહતું: જાણે કો અઘોરીએ ઉછાળેલાં પૂર.

જળ આજ પ્રમત્ત હતાં. નદીના તીર આગળ, રોજ બાળકો રમતાં ત્ય્હાં, વેળુના દળમાં એક બાળક બળતું હતું.

'મ્હને સાથે જવા દો. અજાણ્યે માર્ગે એ મ્હારૂં ફૂલ ભૂલું પડશે. ગામમાં તે ભૂલું પડતું ત્ય્હારે હું શોધી લાવતો. બ્હેનને ખોળે આપતો, માતાને હૈયે સોંપતો. મ્હને જવા દો. ત્ય્હાંના નવા માર્ગોમાં એને કોણ દોરશે ? મ્હને સાથે જવા દો.'

સ્મશાનમાં વેળુ પથરાયેલી હતી. જળ ને વેળુની સંગમસીમ ઉપર એક ન્હાનકડી ચિતા બળતી. લાંબા વાંસ લેઈ લેઈ કેટલાક મનુષ્યો સોનાની પૂતળી જેવા બાળકની મંહી ભસ્મ કરતા.

એ રેતીમાં રોજ બાળાઓ રમતી, બાળકો દોડતાં. પણ આજ ત્ય્હાં વયોવૃદ્ધ પુરુષમંડળ હતું. જીર્ણ શીર્ણ વિવર્ણ તનુશેષ એક પુરુષ પાછળ સહુ ઘૂમતા, એને ઘેરી લેતા, અળગો કરતા. વારંવાર સહુ એને ગામ ભણી વાળતા; પણ એની આંખ તો વળી-વળીને ચિતા, ને ચિતા પાછળના જલઓઘને, ને એ બધાંની પાછળના આકાશને નિરખતી.

'મ્હને ત્ય્હાં જવા દ્યો. જન્મદાતા મ્હારી જનેતા ત્ય્હાં છે, જીવનસખી મ્હારી બ્હેન ત્ય્હાં છે, આશાપુષ્પ મ્હારૂં બાળકડું ત્ય્હાં છે. મ્હારૂં કુલમંડળ ત્ય્હાં છે, મ્હને ત્ય્હાં જવા દ્યો. દયાળુ થઇ ક્રૂર બનશો ? વિરહી રાખી રાજી થશો ? કુળનો માંડવડો મ્હારો વિખરાઇ ગયો. ત્હેનું છેલ્લું ફૂલ કરમાયું, ખર્યું, ભસ્મ થયું. મ્હારાં સ્નેહનાં ફૂલ જ્ય્હાં છે ત્ય્હાં મ્હને જવા દ્યો.'

એને ક્ય્હાં જવું હતું ? એ રુદનમૂર્તિ પુરુષનાં સ્નેહફૂલડાં ક્ય્હાં હતાં ? સહુ ક્ય્હાં જાય છે ? જગત્યાત્રાનો વિશ્રામઘાટ ક્ય્હાં છે ? સ્નેહ ને આશાનાં ચિરસ્થાયી વિહારભુવનો કિયા દેશમાં છે ? જ્ઞાનીઓ, યોગીઓ, ભક્તો, સ્નેહીઓ; સહુ શેને શોધે છે ? ત્ય્હારે એને ક્ય્હાં જવું હતું ? માનવફુલ ક્ય્હાં જાય છે ?

દશે દિશા સંકેલાઈને એને એક દિશા થઈ હતી. વળી વળીને એની આંખ એ દિશામાં વળતી. જલપૂરને આરે ભગવા ભડકા ભભૂકતા, લાંબા વનવાંસ લઇ મનુષ્યો મનુષ્યબાલની સૂકી આંખે ભસ્મ કરતા; એ જ એનું આજ દર્શન હતું, એ જ એનું આજ જગત હતું.

પછી તો ચિતા પાછળ નદીનાં પૂર ઉપર અદૃશ્ય કંઇક ઝઝૂમતું એણે જોયું, ને જોઇને ખડખડાટ હસ્યો. રડતાં કે હસતાં એનો ઉચ્ચાર એક હતો, મ્હને ત્ય્હાં જવા દ્યો.

ચિતાની પાછળ ઘેરાં નીર વહતાં, ને ત્હેની પાછળ સ્હામે તીરે વનકુંજો હતી. જલતીરની એ વનકુંજોમાંથી તેજનાં પુષ્પ સમું એક બગલું પાંખ ફડફડાવી અનન્તમાં ઉડ્યું ને ઉંડું-ઉંડેરૂં નિહાળતું નિહાળતું ક્ય્હાંક તે આથમી ગયું. એ નિરખીને તે હસ્યો. વાદળ ને વાદળની પાછળ પથરાતી અનન્તતા નિહાળીને તે રોયો; ને પાછું એનું એ રટવા લાગ્યો.

'મ્હને જવા દ્યો; ચિતામાં થઇ ચેતનલોકમાં, સ્નેહીઓની સંગે સ્વર્ગમાં કે નરકમાં. મ્હને ત્ય્હાં જવા દ્યો. જનારને ત્હમે રોકશો ? શક્તિ છે ? તો ત્હેમને જ રોકવાં'તાંને ? મ્હને જવા દ્યો એ અનન્તનાં આંગણમાં.'

નદીના પટનો વિસ્તાર ઠીક-ઠીક હતો. મંહી રેતીનાં દળ હતાં. ત્હેની ઉંચી ભેખડે સિંહાસન સમી ટેકરી હતી. એ ટેકરી ઉપર વિશાળ ઘુમ્મટાળાં પુરાણાં પુરાણાં આમલી ને આસોપાલવ ગોરંભતાં. ટેકરી ઘેરી લીલમલીલી હતી.

ટેકરી ઉપરથી એક સુન્દરી નદીપટમાં ઉતરી. કલ્યાણ-લક્ષ્મી સમી વનશોભા ત્હેનાં સ્નિગ્ધ નયનોમાં વિરાજતી. ભગવો પાલવ એની આગળ ઉડતો, એની આસપાસ તેજ વર્ષતાં. નદીની વેળુમાં એનાં પગલાં પાંદડીઓ પાડતાં.

પુરુષે સુન્દરીને દૂરથી આવતી દીઠી. ત્હેની ગૌર પ્રભા, ઉગતા સૂર્ય સમી ત્હેની ભગવી મુદ્રા, મુખમંડળમાં મુદ્રાંક્તિ ભાવ, પાછળ વરસતાં સૂર્યતેજનાં કિરણો-દ્રોણ જાણે શું ?-જોઇને પુરુષની શોકઆચ્છાદી મુખમુદ્રામાં સ્મિતની રેખાઓ ફરકી ને શોભી ઉઠી.

એને અગમ્યનાં દર્શન થયાં.

સ્થિર પગલે સુન્દરી પુરુષ ભણી ચાલી. નવસૂર્યની વિખરાતી કિરણાવલિ શી સુભગ કેશાવલિ, નીલવર્ણા નયનો, પ્રકાશતાં ને અશ્રુનિર્મળ તે પુરુષના દેહશિખરેથી નીતરતા મનોભાવઃ નિરખતી-ન નિરખતી તે સુન્દરી ચિતા ભણી ચાલી. પળમાં પુરુષ સન્મુખ આવી ઉભી.

દયાની મૂર્તિ શી તે આર્દ્ર ભાવે નીતરતી.

'શું કરો છો આ ? આંસુથી ચિતા છંટાશે ? મૂવે જીવન આવશે ?'

ઉત્તર કાજે ક્ષણેક તે થંભી. અન્તરિક્ષ અબોલ રહ્યું. પાંદડી ઉપર તેજ ફરકે એમ એના હોઠ ઉપર તેજ ફરકતું હતું.

'કોને બોલાવો છો ? સ્વર્ગે ગયેલાંને પાછાં બોલાવો છો ? સ્વર્ગ કરતાં જગતમાં વધારે સુખિયાં કરશો ? આંસુ

કોને માટે ? પ્રભુયાત્રાએ પ્રિયજન સંચર્યાં એમને કાજે ? અનન્તમાં આનન્દે છે એથી યે અંહી આનન્દાવત ? ત્ય્હાં આનન્દે છે માટે અંહી રડો છો ? ખરૂં છે કે વિરહ ડંખે. કપરા છે મૃત્યુનાં વિષના ઉતાર. પણ અગ્નિમાં હાથ નાંખ્યે મૃત્યુના નાગના ડંખ નહિ મટે. ચાલો; આંસૂ લ્હોઇ નાંખો; પૃથ્વી પુષ્પે ભરેલી છે.'

'સ્મશાનમાંથી ક્ય્હાં લઈ જશો મ્હને ? મ્હને અંહી જ રહેવા દ્યો. લઇ જશો તો ત્હમારે જ પાછો લાવવો પડશે સ્મશાનમાં. '

'જેવી શ્રી હરિની ઇચ્છા. એના આદેશ, અમારે એ જીવનમન્ત્ર. જીવનવ્રત પૂરાં થયે આપણે યે ત્ય્હાં જવાનાં નથી ? જીવનનાં આદર્યાં વ્રત પૂરાં કીધાં સહુ ? ચાલો, જગત બોલાવે છે.'

સુન્દરી ત્હેને જગતમાં દોરી ગઇ. પુરુષબળ વૃથા થયું ત્ય્હાં સ્ત્રીશક્તિ સફળ થઇ. ન્હાનકડી ચિતા, મંહી પથરાતી ઇન્ધણાંની તામ્રરેખાઓ, પાછળ વહેતાં પૂરઃ વળી વળીને એ સહુ જોતો દીનમુખ દુઃખમુગ્ધ પુરુષ સુન્દરી-દોર્યો જગતમાં ગયો.

સોનાથી યે મોંઘા બાળકની લોક ભસ્મ કરી રહ્યા. ચિતા શમી ને છંટાઇ. સહુએ સ્નાન કીધું, શોક કીધો, વૈરાગ્યવિચાર કીધો. પછી સ્મશાનમંડળ ગામ ભણી વળ્યું. ખીલતા ગેલતા લ્હાડતા બાલુડાને નદીની વેળુના અંગારામાં મૂકીને સ્વજનો ગામમાં ગયા.

શોક મોહ જ્ઞાન ત્યાગની વિવિધ વાતો સહુ કરતા હતા. સ્મશાનવૈરાગ્ય છલકાતો હતો. ઘડીકની યે એ છલક મહામૂલી છે.

એકે કહ્યું: એ બાળા તો સાધુકુંજની સાધ્વી હતી. શોક શમાવવા, આંસુ લ્હોવાં, તપ્યાંને ટાઢાં પાડવા, શીત-લ્હડયાંને ઉષ્મા પાવી, પંખીને પાંખ ને પ્રાણમાં પ્રેરણા પ્રગટાવવી એ એમનાં વ્રત. સાધુકુંજ આત્માની ઇસ્પિતાલ છે. મનનાં દુ:ખનાં ઔષધ ત્ય્હાં મળે છે.

બીજાએ કહ્યું: એ તો વ્રતવિહારિણી.

૨

તે દિવસનો બપ્પોર નમતો હતો. સ્નેહલતા શી તેજછાયાઓ વિવૃદ્ધ થતી હતી. વનમાં ગોધણ ઝૂલતું ઝૂલતું ગામ ભણી વળતું હતું. આભ ઉંડાં ને ઘેરાં ને તેજસ્વી હતાં.

દાઝેલી દુનિયા ટાઢી પડતી હતી.

ઘંટા વાગી ને ગુંજતી ગુંજતી નિદ્રાલીન થઈ.

‘ બાલકુંજનો સમય થયો છે.’

ન્હાના ન્હાના બિલોરી પ્યાલાઓ, મ્હોટા મ્હોટા સીસા, આરસના ખરલ, ઝીણી-ઝીણુકી તુલાઓ: સહુમાં વ્યવસ્થા પ્રવેશી, નિયમ પ્રવર્ત્યો. ક્ષણમાં તો દયામૂર્તિ શી સુન્દરીઓ ઓષધાલયખંડમાંથી નીસરી. વિશાળ એ શરીર-સુખસમૃદ્ધિનું સંગ્રહાલય સૂનું પડયું.

સુખપુર ન્હાનું ગામડું છે, પણ સાધુકુંજને લીધે દૃશયશસ્વી છે. ત્હેનાં ચરણ ચુંબતાં નદીનાં પાણી વહે છે. વસ્તી ઉદ્યમી સન્તોષી ને તેથી ઉજળી છે. ફળ ફૂલ સુગન્ધથી ફરતાં વન ભરેલાં છે. ત્‍હાં ગોપબાળ રમતા, વેણુ વગાડતા, ગોધણ ચારતા. સહુ ઉપર પ્રસન્નવદન આકાશનો ચન્દરવો વિરાજતો.

સુખપુર નદીની ભેખડ ઉપર છે. બાળકો પાણીમાંની છાયાઓ સંગાથે રમતાં, ઉંચી વડની ડાળીએ હીંચકા બાંધી પાણી ઉપર હીંચકતાં, હીંચકતાં હીંચકતાં પાણીમાં ભૂશકા મારતાં, તરતાં, ડૂબકી ખાતાં, મનમાણ્યા ખેલ ખેલતાં.

સુખપુર ફરતાં વન હતાં. વનમાં કોયલો બોલતી.

સુખપુરની સીમમાં પણ થોડેક આઘે એક વિશાળી કુંજ હતી. વડ આંબા જાંબૂડા આસોપાલવથી એ ભરેલી હતી. નિરન્તર ત્‍હાં કોયલો રહેતી ને બોલતી.

કુંજમાં એક સરોવર હતું. વાદળી જળજ્યોત્સ્નાભરેલું પાળબાંધ્યું ત્‍હાં એક સરોવર હતું: નિર્મળી વસન્તવાદળી સમું, નીલમણિના તેજપાટ જેવું, કુંજ વચ્ચે એક સ્વચ્છ સરોવર હતું.

ને એ કુંજમાં બીજું શું હતું? કોયલો બોલતી, મેનાઓ નર્તતી, ચકોરીઓ ઉડતી. વન એમની કલકેલિથી સલ્લોલ બોલતું. કુંજમાં બીજું શું હતું?

ખાટી આમલીઓ હતી; કડવા પણ મીઠાશીળા લીમડા હતા; ગંભીર, સુજન શા ઉન્નત, વડવૃક્ષનાં ઝુંડ હતાં.

મંહી કલાધર શીખંડી નાચતા. વળી બીજું શું હતું ?

પ્રસન્નવદન તેજનિર્મળ પ્રભામંડળ શો કુંજમાં એક આશ્રમ હતો. વાત્સલ્યદીક્ષાધારિણી પુણ્યપ્રવૃત્તિમય દયાની દેવીઓ શી વ્રતવિહારિણી સંન્યાસિણીઓ મંહી રહેતી.

સંસારને આરે સુખપુરની કુંજમાં સંન્યાસિણીઓ વસતી.

એ સંન્યાસિણીઓને લોક વ્રતવિહારિણી કહેતા.

આશ્રમ ઉપર ભગવો ઝુંડો લહરતો; ને એ ધ્વજપટમાં કુંકુમઅક્ષરે ચીતરેલું હતું કે ‘ સુખ અને સાધુતા. ’

એ વનને સહુ સાધુકુંજ કહેતાં. સુખપુરને સીમાડે સાધુકુંજ હતી.

સાધુકુંજ ઉપર આજ બપ્પોરનો તડકો નમતો હતો. ઘંટારવ ગુંજીને વિશમી ગયો હતો. અત્યહારે સાધુકુંજની દયામૂર્તિઓનો દયાના શિક્ષણનો શિક્ષણવિધિ ચાલતો હતો.

કુંજમાં બાગ હતો ને બાગમાં વેલમાંડવો હતો. બાળકોની શિક્ષણશાળા એ વેલમાંડવામાં હતી. એક દિશામાં કેટલાંક બાલબાલિકાને લેઇ સુન્દરીઓ સુન્દર ભાવે અક્ષરલેખન ને શબ્દવાંચન શીખવતી; ફૂલ ટોપી વેલના ગ્રન્થનવિધાન દાખવતી; બાલસેનાની સામન્તિની બની વ્યૂહરચનાના ખેલ ખેલવતી. બીજી દિશામાં બીમારની ઢોલણીઓ હતી, પારણાં હતાં. મૂળિયાં ઉપર નમતી વેલીઓ સમી સાધ્વીઓ ત્યહાં બાલકોને હસાવતી, આનન્દાવતી,

ઓષધ પાતી, ઢોલિયે ને પારણે ભમરીઓ ને ચકલીઓ મૂકતી, ચિત્ર દેખાડતી, હાલરડાં ગાતી. કોક કોક વેળા પાસે કોક વીણા છેડતું તો કોક મૃદંગ વગાડતું; કોક તાઉસ ને સરોદા સજતું તો કોક જલતરંગને ને જલતરંગબંસીને જગાડતું. વેણુના સ્વચ્છ મીઠા લલકાર પણ કોક કોમળાંગી સુકોમળ સુરે મનમોહન બોલાવતી. મંડપની મધ્યમાં આરસનાં ફલકો ઉપર દીક્ષિતા દેવીઓ માન સરોવરમાંનો હંસ, મંજરીમાંની કોકિલા, મેઘછાયે નાચતો કલાધર, વિશાલબાહુ મહાભાવ યોધરાજ, કે સ્નિગ્ધનયણી કૌમારશોભના રાજબાલાઃ એવાં રસમધુરાં ચિત્રો આલેખતી. કોઈકે સાધ્વીઓ બાલકોને ફળ આપતી, કોઇક સાન્ત્વન દેતી, કોઇક હૃદયે ચાંપતી, કોઈક પાંદડાંને પંખે કે ફૂલડાંનાં નયનચુંબને બાલકોનાં પોપચાં ઠારતી.

સહુ આનન્દી હતી, સુખવાહિની હતી, કર્તવ્યવિલાસિની હતી.

‘પણ આજ એ ક્યહાં ગઇ છે?’ એક બાલિકાની વેણીમાં મોરપીંચ્છનો ચાક ગૂંથતાં એક સાધ્વીએ પૂછ્યું.

‘ગઈ છે તો દયાનો સન્દેશો દેવાને. મંગળા વાગી ત્ય્હારે સ્મશાનમાંથી રુદન સંભળાતું હતું. ઉષા ઉગી ત્ય્હારની એ દિશામાં ગઇ છે. ફૂલના હાર એના અધૂરા છે, ઓષધના બાટલા એના અણભર્યા છે. અમૃતવલ્લીનો આસવ ઘૂંટતી’તી એ યે અધઘૂંટયો પડયો છે. પંખિણી જેવી મ્હરોડિયે આભમાં ઉડી છે.’

જગત એવી પંખિણીઓનું વન છે. ઝૂમખે ઝૂમખે ચકોરીઓ ઉડે છે.

નમતો પ્હોર નમીને સ્હાંજ પડી. વન ઘેરાં થયાં, કુંજ કુમળી પડી. સાધ્વીઓ કરમાયા જેવી થઇ.

ફરીથી ઘંટારવ થયો ને વનમાં જઇ વિરામ્યો.

'દયામૂર્તિઓ ગામમાં જાય, ને સ્નાનમંડળ સરોવરે ચાલે.'

વેરાતી પાંખડીઓ શી યુવતિઓ દિશામંડળમાં વેરાઇ ગઈ. જતાં જતાં એક બાળા બોલીઃ હજી યે તે ન આવી.

હરિણીવૃન્દ સમું એક સાધ્વીમંડળ સરોવરકુંજમાં ચાલ્યું; દિગ્વાસિની દેવાંગનાઓ સમું બીજું સાધ્વીમંડળ સુખપુરને માર્ગે પડ્યું. સહુ ઉપર સ્હાંજની શીતળતાનાં ફોરાં વરસતાં.

કુંજમાં નિરન્તર કોયલો બોલતી ને કલ્લોલતી.

સાધ્વીઓ જઇ સરોવરમાં પડીઃ ટાઢકની ઉર્મિઓ સમી જલછાલકો ઝીલતી ઝીલતી, પાણીના ફૂવારા ઉડાવતી, નિર્દોષ ક્રીડામત્ત તરવા લાગી. કમળના ડોડલા જેવા વદનસંપુટ સ્હાંજની નિષ્કામ તેજની વાદળીઓમાં પ્રભાપૂર્ણ સુહાતા.

'ને હજી યે એ ન આવી!'

વનકુંજનો છાંયડો સરોવર ઉપર પથરાઇને પડ્યો. સાધ્વીઓ જળશીતળ થઈ. પછી પોયણાં જેવી જળનીતરતી સુન્દરીઓ એકે એકે સરોવરમાંથી નીકળી.

કપોલસોહવતાં જલઝૂમખાં ખેરવતાં ખેરવતાં એકે કહ્યુંઃ સ્હાંજ પડી ને ત્‍હો ય એ ન આવી.

ઓ આવેઃ પેલા આસોપાલવની નીચે. જો-જો વ્હણે. કુંજમાં નયન પરોવતી બીજી યુવતિ બોલી.

સ્હવારવાળી સ્મશાનમાંની એ વ્રતવિહારિણી હતી. સ્હાંજનાં તેજ સમું હસતી હસતી તે સરોવરે આવી. વનલીલા, સરોવર, આથમતો સૂર્યરાજઃ સહુ જોઇને તે હસી પડી. પછી ક્ષણેકમાં ઘટા શી ગંભીર થઇને બોલીઃ

મ્હારે તરવું છે.

એકે કહ્યુંઃ તર્યા હવે. આજે કાંઈ નહિ.

એણે કહ્યુંઃ ના, ના; મ્હારે જળમાં તરવું છે.

બીજીએ કહ્યુંઃ ડંકો વાગી ગયો. આજ મોડું થયું. જો, સૂરજ નમે છે.

તે ખડખડાટ હસી પડી.

તું હસે છે શાને જે? એક સાધ્વીએ પૂછ્યું.

જગત રૂવે છે માટે હસું છુંઃ એણે કહ્યું. પેલું ત્‍હમે જૂવો છો?

શું?

પેલું; પેલા આંબા પાછળનું તેજોમય આભ, ને આભને આંગણે ઉડતું પેલું વિમાન. પેલું, વ્હણે, કોયલ બોલે છે એની પાછળ. ને ત્‍હેમાં વિરાજેલા-

બોલતાં બોલતાં નદી સમી તે ગંભીર થઈ ગઈ.

એની આંખ વનદેશ જોતી, પણ અન્તર કંઈક અનેરૂં નિરખતું. કીકીઓ કંઈક હૃદયમાં ન્યહાળતી.

જા–જા, ગાંડી થઇ લાગ છે. એ તો વાદળી છે–વાદળી. સહિયરો હસી પડી. હાસ્ય સાંભળી તે આગ્રહી ને સ્થિરનયન થઈ.

નહિ, નહિ. ત્હેની યે પાછળ, એ વાદળીથી યે વેગળે. જૂઓ, જૂઓ; પેલું, મ્હેલું: આભને આંગણે. ઉડતા ફૂલ જેવું વિમાન; ને મંહી—

અને મંહી શું ? બોલનાર પણ એ સ્પષ્ટ જાણતી ન હતી.

સરોવરેથી સહિયરો આશ્રમ ભણી વળી. તેજનાં કિરણો સ્ફુરવતા હરિણમંડળ સમું સહિયરવૃન્દ વનમાંથી આશ્રમે આવ્યું.

આશ્રમની વાડીમાં બાળકો દોડતાં. એમને જોઇને તે રડી પડી ને બોલી: એવડી ઉતાવળ શી છે જે ?

વાડીમાં ફૂલડાં વેલીઝૂલે હીંચકા ખાતાં. એમને જોઇને તે હસી, ને કહ્યું: જીવન એ કાળનો હીંચકો છે.

વેલછાંયડે બેઠેલી યુવતિઓ બાળકોને માટે મુગટ ગૂંથતી હતી. તે ડમરો અને સરવની ડાંખળીઓની માળા બાંધતી હતી.

અને પેલું જૂવો છો ત્હમે ? ત્હેણે પૂછ્યું.

શું ? નદી ઉપર હોડકું તરે છે તે ?

અરે ના-રે ! ના. ત્હેની પાછળ પેલી પાંખ ઝગમગે છે તે-પેલી તારલા શી શ્વેત વાદળમાં વિહરતી પાંખ.

ના, બ્હેન ! તું ત્હારે જો. અમારી આંખો તો આંધળી છે. ન દીઠાનું આજ તું દેખ છ.

દુનિયાની આંધળી આંખે દેખતી થશે. જૂવોઃ સ્મશાનમાં તેજદીવડો છે, પૂર ઘેરાં ઘેરાં હસે છે, ચિતામાંથી આનન્દ પ્રગટે છે. જૂવો, સ્મશાનમાં આજ સહુ હસે છે. ને જૂવો, સ્મશાનની પાછળ સ્વર્ગ. સ્વર્ગ આઘાં નથી હો ! જૂવો, અઘોરની પાછળ અમૃત. જૂવો—

તું આજ ક્ય્હાં જમી ?

દીક્ષામન્ત્રમાં જમવાનું કહ્યું છે ? જૂવો, ધ્વજ ઉડે છે. સુખ અને સાધુતાથી જગતને વધાવવું એ આપણું જીવનવ્રત. જમવું એ જીવનવ્રત છે કંઇ ? દીક્ષા દેતાં જમવાનું કહ્યું છે કંઇ ?

આશ્રમઘંટા વળી વાગી. દિવસનાં અજવાળાં આથમ્યાં હતાં. સહિયરો આશ્રમમાં સિધાવી. પાછળ રાત્રીનો પડદો પડતો હતો.

નદીનાં પૂરને, સ્મશાનને, ચિતાને જોતી જોતી આશ્રમવાડીમાં તે ફરતી હતી. આથમતા દિવસને જોઇ તે રડતી; પડતી રાતને જોઇ તે હસતી.

રાત્રીનો અન્ધારપછેડો આશ્રમને આચ્છાદીને પડયો. ચન્દ્રોદય નથી, ચન્દ્રોદયની આશા યે નથી. આશ્રમ આજ અન્ધકારમાં છે.

તે દિવસની રજની નરી અન્ધકારથી ભરલી હતી. અમાસના ઓળા દુનિયામાં પથરાતા. આભમાં તારલા પણ ન હતા. કાજળકાળો મેઘ દિશામંડળને ઘેરી પડ્યો હતો. એકે દિશા ઉજળી ન હતી.

તિમિરવેલ શી તરુમાળા નદીમાં નિરખતી તીરે ઉભી હતી. નદીનાં પૂર વહ્યે જતાં હતાં.

'એમની શી દશા હશે ? સાધ્વીમાએ મ્હને દવા પાઇ. આ અન્ધકારને યે હું વીંધતી વહું છું. એમનું શું થયું હશે ? લોક કહેતાં માનસવ્યાધિનાં ચિહ્નો છે. સાધ્વીમા ! ત્હમારૂં કલ્યાણ થાવ કે મ્હને ચેતાવી. આત્માના ઉન્માદની દવા આ એમને પાઇશ.'

ચોળી ઉઘાડીને હૈયામાંથી ઔષધી કહાડી અન્ધકારના તેજમાં તે નિહાળી રહી.

પ્રચંડ સમીરણો ગર્જતા. સરિતાનાં પૂર નીચે ઘરઘરતાં. ઉપર મેઘની પતરીઓ થરથરતી.

આભ પૃથ્વી ને અન્તરિક્ષ—ત્રિલોક ત્ય્હારે થરથરતો હતો.

'સાધ્વીમા ! ત્હમારૂં મંગળ થાવ. 'વ્રતપાલનને ભયસીમા નથી, કાલસીમા નથી, લોકસીમા નથી, દિશાસીમા નથી.' શો ત્હમારો મહાનુભાવ આદેશ ! જઇને ત્હેમને આ દવા પાઇશ. સાધ્વીમા ! અન્ધકારમાં યે સહુ દેખું છું. ત્હમારૂં સ્નેહકાન્ત હૃદય, પેલું જગતની સીમ ઉપરનું અઘોર સ્મશાન–'

એ સાધ્વી કેમ થંભી ? તે શું જોતી હતી ! તે જોતી ન હતી પણ સાંભળતી હતી. દિશાઓને છેડેથી આવતું કંઈક મન્દ મન્દ હાસ્ય તે સાંભળતી હતી.

તે કોણ હતી ?

તે વ્રતવિહારણી હતી. ત્હેનો વ્રતપરાયણ પ્રાણ ત્હેના શરીર શબથી આગળ ઉડતો, ને દૂર–દૂરનું કંઈક અસ્ફુટ ને મન્દ મન્દ હાસ્યઘોષણા જેવું એ અનુભવતો.

‘ હાય હાય ! અત્યહારે પણ સ્મશાનમાં ! અન્ધકારને યે ગણકારતા નથી. અન્ધકાર શું પ્રબુદ્ધને જ ભયપ્રદ છે?’

તે સુન્દરીએ દોટ મૂકી. ઢળી જતા હૃદયને કરસંપુટમાં ઝીલી રાખી સંજીવનવેલની શોધમાં જતી જેવી તે યુવતિએ હરિણગતિથી ન્હાની ન્હાની છલંગો ભરવા માંડી. દુઃખભાર શો ત્હેનો વિસ્તૃત ભગવો સાળુ પવનમાં લહેરિયાં ખાતો પછવાડે ઉડતો આવતો.

આકાશમાં રાત્રી અંધારી હતી, ને રાત્રી આડો યે મેઘનો અભેદ્ય પડદો હતો. મેઘ નીચે ભૂતગણ સમા ત્રાડતા સમીરણો વહતા. સરિતામાં પૂર ચ્હડેલું હતું. સૃષ્ટિનાં મહાતત્ત્વોની ભયંકરતાથી પૃથ્વી ભયંકર બની હતી.

સાધુ કુંજની સાધ્વી હરિણી શી દોડતી હતી. આશા ને નિરાશા વચ્ચે, જીવન ને મૃત્યુ વચ્ચે તે ઝોલાં ખાતી. જીવન માત્ર હૃદયમાં સંગ્રહી ભયભીત ગાય જેવી તે છલંગો ભરતી.

સ્હામે કાંઠે ચીતાઓ ભભૂકતી ને અગ્નિ ઉછળતા

હતા. સ્મશાન નજીક આવ્યું. શબ્દો ત્હેને સ્પષ્ટ સંભળાવા લાગ્યા.

'મા ! મ્હને બાળક આપો. સરિતામા ! મ્હારી બ્હેનનું બાળક, મ્હારી માતાનો કુમાર, મ્હારો કુળકુમાર. સરિતામા ! મ્હને પાછું આપો. આજ સ્હવારે જ ત્હમે લીધું છે એ પાછું આપો.'

વ્રતબાળાએ ગતિ વધારી. દેહપુષ્પની પ્રફુલ્લ પાંખડીઓ સમી વસ્ત્રપાંખડીઓ પ્રસારતી વ્રતબાળાની ગતિ મનોભાવ સમી ધસતી.

'મા ! પાછું આપો. સરિતામા ! કેમ બોલતાં નથી ? લોક કહેતા એ મારો કુલકુમાર ન હતો. મ્હારી બ્હેનનું એ મ્હારૂં નહિ ? લોક મ્હને ઘેલો કહે છે. લોક ઘેલાં નથી ? મ્હારી ભગિનીમાતનું એ મ્હારૂં નહિ ? ભગિનીસ્નેહ–માતૃસ્નેહની ડાંખળી બીજે ક્ય્હાં છે ? એક વ્રતબાળામાં. સરિતામા ! એ વ્રતબાળા આવે ત્ય્હારે પ્રણામ કહેજો. સ્મશાનમાં યે એનાં ચરણો શીતળતા પાથરે છે.'

તે યુવતી દોડતી હતી. સ્હામો કાંઠો હવે દેખાયો. કાંઠાના વેળુપટ દેખાયા. નદીનાં કાળાં ભમ્મર નીર પણ અન્ધકારમાં ઉછળતાં દૃષ્ટિમાં આવી ઉભાં.

'મા ! મ્હને એ આપોઃ મ્હારી સ્નેહભીની માતા, મ્હારી વીરનયણી ભગિની, મ્હારો કુસુમકાન્ત કુમાર. મા ! મા ! સરિતામા ! ન આપો તો મ્હને લ્યો, ને ત્ય્હાં લઇ જાવ જ્ય્હાં એ છે. મા ! લ્યો મ્હને, ને ત્ય્હાં લઇ જાવ.

સહુને ત્ય્હાં લઇ જાઓ છો ને મ્હને નહિ લઈ જાઓ? મા! મ્હને લઇ જાવ. લ્યો, લઇ જાઓ, મા!'

એક પુષ્પ પડે એવો નદીનીરમાં ધબકાર થયો, પણ વ્રતબાલાના હૃદયમાં તો પ્રલયગર્જના ગાજી ઉઠી. તે ઉછળીઃ સિન્ધુતરંગ શી પાલવપટ પાથરતી તે ઉછળી. સાધ્વી ભેખડની ધાર ભણી દોડી.

નદીપટમાં મેઘલી અમાસનો ગાઢ અન્ધકાર હતો. અન્ધકારમાં પૂરનાં વમળ પડતાં. ભમરી ખાતાં ખાતાં પૂર ઉછળતાં ધસતાં.

ઘન ગર્જતો હતો–સાધ્વી સ્વર્ગનાં દુંદુભી સાંભળતી. વીજળીઓ ચકમતી હતી–સાધ્વીની આંખ સન્મુખ અનન્તનાં દ્વાર ઉઘડતાં.

'હાય! એ.જ, એ જ. એ મોજાને શિખરે. એમને દવા પાઉં, એમને હૈયામાં લઉં, હુંફ આપું, સંજીવિની પાઉં. એ જઃ તરંગશય્યાસુહાગી–'

થરથરી, કમકમી, વિદ્યુલ્લતા શમી ગઇ. એક દેહ-પાંખડી–એક કિરણ પડે એવું–એક તનુમણિ નીરમાં પડ્યું. પણ તેથી વિશ્વવિલોપિત અન્ધકારે કંપી ઉઠ્યો.

'કોણ? વ્રતવિહારિણી? આવોઃ ત્હમારા વિના મ્હારૂં સ્નેહસ્વર્ગ અધૂરૂં રહેત. આવો, જળશય્યા આપણી પ્રેમ-શય્યા થશે.'

'ના, ના. આ દવા પીઓ, જગતકાંઠે ચાલો.'

'જગત બહુ જોયું. ચાલો બીજાં જગત જોવાને જઇએ.'

સાધ્વીની કરવેલને નિવારી નાંખી, સંન્યાસિણીને જલભીના ભુજપાશમાં લીધી. આત્માઓને ચુંબન લેતાં-દેતાં હૃદય ઉપર હૃદય પાથરી તેઓ જલમંડપમાં સૂતાં.

'આપણે તટ ભણી જઇએ છીએ; પણ જગતના નહિ, સ્વર્ગના. આથી યે સુકોમળ, આથી યે સહસ્રધા સ્નેહસમૃદ્ધ તટ ભણી.'

'ધન્ય ભાગ્ય! ચાલો. આયુષ્યની આહૂતિ આપી જીવનવ્રત ઉજવીશ. પ્રાણોત્સર્ગ કરીને સ્નેહદીક્ષા લઇશું. મૃત્યુ પી જીવન માણીશું. ચાલો એ સ્નેહભૂમિમાં.'

એ સહુ કોણે જોયું?

પરમ પુણ્ય ને પરમ પાપ અન્ધકારમાં થાય છે. જગત એમને ઓછાં જ ઓળખે છે? દુનિયાનું તેજ ત્હેને પ્રકાશી શકતું નથી, દુનિયાના અન્ધકાર એને આચ્છાદી શકતા નથી. આ આપણાં તેજ ત્ય્હાં અન્ધકાર છે, આ આપણા અન્ધકાર ત્ય્હાં સ્થૂળનાં પડ છે.

સૃષ્ટિમંડળના વિકાસમાં માનવસૃષ્ટિ વચલું પગથિયું છે.

# ૧૫: સાગરની સારસી

સાગરની તે સારસી હતી. સાગરનાં વન એનાં ઉડવાનાં વન હતાં, સાગરતીરની દીવાદાંડી એનો માળો હતો.

આજ હિમના વાયુ વાતા હતા.

કુંજ જેવડું આજ આભ હતું. આભને નિરખી લઈ તે ઉતરી.

દીવાદાંડીને માળેથી એ ઉતરી ને બારણામાં ઉભી. હિમ પડયે પુષ્પપાંખડીઓ કરમાઇ જાય એવી એની મુખ-પાંખડીઓ કરમાયેલી હતી.

હિમના વાયુ વાતા ને એના હિમાંશુને ઝંખવતા.

'બાપૂને તાવ છે. દીવો પ્રગટાવવા દીવાદાંડીએ ચ્હડયા ત્યહાં ટાઢ ચ્હડી. પાંદડા જેવું શરીર કંપે છે. મૂવો પવન બેએક દિવસથી હેમાળાનો વાય છે.'

જગતનો એ છેડો હતો. વાતાવરણમાં વિજનતા હતી. એ વિજનતાની સંગાથે જાણે વાતો કરતી તે યુવતિ દીવાદાંડીની બ્હારીમાંથી બહાર આવી.

બેએક દિવસથી હેમાળો વાતો હતો, ને સાગર ઉછળતો હતો. સાગરના ઉછળાટમાં ને આરે જગતનું જવાહીર કાંઇક શોધતો એ વિજનતામાં, નવા જ્હાજ જેવો નવજોબન, એક સંન્યાસી વિચરતો હતો. સમીપ ઝુંડની

ઝાડી હતી. મંહી દહેરી હતી ને ઉપર ભગવો ધ્વજાગરો ફરફરતો. સાગરને તીરેથી શોધીને સંઘરવા એ દહેરીમાંથી તે આવ્યો હતો.

ત્હેણે સારસીને જોઈ. એ યુવતિને તે નિત્ય જોતો, પણ આજ યુવતિને જોઈને તે ચમક્યો. એના સંન્યાસની સ્વસ્થતા જાણે ડોલી ગઇ. પાંખો જેવો એ સારસીનો પાલવડો ઉડતો, પણ મુખડે વિષાદછાયા ઢળેલી હતી. મુખની કરમાશમાં એણે મૃત્યુ વાંચ્યાં.

નિત્યનિત્યે સારસીને તે જોતો પણ બોલતો નહિ. આજ એના બોલ ઉછળી પડયા. ત્હેણે પૂછયું: કંઇ એકલાં જ આજે ?

એણે કહ્યું: ‘ જગતમાં એકલું કોણ છે ? સંસારમાં એકલા સંન્યાસી યે નથી. હું એકલી નથી. હું ને મ્હારા બાપૂ અંહી રહિયે છીએ. બાપૂ ઉપર માંદા છે. મ્હારી રઢિયાળી સહિયરો યે છે.’

‘ત્હમારી રઢિયાળી સહિયરો ? ને આ વગડામાં ?’

‘આ શિલા મ્હારી સહિયર છે; આ સાગરલહરી મ્હારી ગોઠણ છે.’—યુવતિના એ શબ્દો સાંભળી સંન્યાસીના યે સંન્યાસગર્વ ઉતરી ગયા.

‘આ શિલા મ્હારી સહિયર છે. પેલી હોડી મ્હારી સખી છે. આઘે–પાસેની સાગરલહરીઓ મ્હારી સાહેલીઓ છે. મ્હારી સન્મુખ જળલહરીઓ નાચે છે એવી તો ભલભલી નાચનારીઓ યે નહિ નાચતી હોય. હું અંહી એકલી નથી. પૂજ્ય–વન્દનીય જેવા દીસો છો. બાપૂને તાવ છે,

ઉપર દીવાદાંડીમાં છે. દીવાદાંડી ધ્રૂજે છે એવા એ ધ્રૂજે છે. બાપૂને ધ્રૂજતા કદી દીઠા ન્હોતા.'

'આજે તો ખડકે ડોલી જાય એવા વાયુ વાય છે. બાઈ! હમણાં જ વૈદક ભણવા માંડયું છે.'—એ શબ્દ સાંભળતાં યુવતિની ઉત્સુકતા વધી ને વદને આશાનાં ઝાંખાં કિરણો ઝબકયાં.—'હું વૈદ્યનો અભ્યાસી છું, ને સમુદ્ર-ફીણ શોધવા સાગરકાંઠે આવ્યો છું. બાપૂ ઉપર છે? ચાલો.'

'બાપૂ ઉપર જ રહે છે: આજ બારબાર વર્ષથી. એક વેળા બાપૂ ગામમાં ગયા હતા ને અંહી વહાણ ભાગ્યું. મા ઇંધણાં વીણતી'તી ને જોયું. જોયું ને ઝંપલાવ્યું. ને સાગરમાં ઝંપલાવ્યું તે પૃથ્વીએ પાછી આવી જ નહિ. ત્યહારથી બાપૂ ઉપર રહે છે. કહે છે કે મ્હારી ભૂલની એ સજા.—ઉપર આવશો ? બાપૂને જોશો ?'

દીવાદાંડીની બ્હારી ફરીથી ઉઘડી, ને સારસી ને સંન્યાસી ઉપર ગયા. આ વગડાવાસીઓના સંન્યાસ નિરખીને સંન્યાસીનો સંન્યાસમદ આજ નીતરી જતો હતો.

નિર્જનતાને યે ક્યહારેક ઇશ્વર અજબ વસાવે છે.

૨

પછી તો હેમાળો વકર્યો. હેમાળુ વા વકરી તોફાનના ઝંઝાવાત થયા. જગતના ઝરૂખા ધ્રૂજવા લાગ્યા.

આભમાં આભલાં ઉછળતાં, મહાસાગરે મોજાંઓ ઉછળતાં. મહા મહિનાનું માવઠું ઉલટયું હતું.

દીવાદાંડીની છાયામાં ન્હાનકડી દીવાદાંડી સરિખડી એ ઉભી હતી: એકલી ને અટૂલી; જાણે સાગરતીરની કો દેવદ્હેરી.

'ત્યહારે અમે બે હતાં—હું ને બાપૂ: એકલવાયી તો આજ છું. દુનિયા ત્યહારે ભરી ભરી ભાસતી: વગડો તો ત્હારે અત્યહારે થયો. સંન્યાસીએ કહ્યું ત્રિદોષ છે. બાપૂ બોલતા'તા: 'ઉગારો, ઉગારો: એ જહાજને ઉગારો.' બાપૂ શીત બાપૂને ઉતર્યાંજ નહિ. એ કાળજ્વર હતો. એ દાઢ જમની ફૂતી હતી, ત્યહાંથી તેડવાને આવી'તી'.

હૈયે હાથ મૂકીને એક ઘૂંટડો એ ગળી ગઈ. પછી પાછી દુનિયાને જોઈ રહી.

'હજી તો વધશે તોફાનના વાયુ.'

સંસારનો ને સાગરનો પગથાર સૂની નજરે નિહાળતી ધરતીને છેડે એ ઉભી હતી. પુષ્કરાવર્તકના મેઘ આજ આભમાં ઉભરાતા, તાંડવના મૃદંગ સમું અન્તરિક્ષ ઘોરમતું. દરિયા ઉપર જળનાં વન જામ્યાં હતાં. મહાવાયુમાં વનઝાડીઓ ઝોલાં ખાય એવાં જળઝાડીઓનાં ઝુંડ ઝોલાં ખાતાં.

'સન્યાસી મહારાજે ભાખી'તી એ આજની વિજનતા સાચી. આજ હું એકલી છું. આ સહિયરો નથી નાચતી સાગર ઉપર: એ તો ખપ્પર ઉછાળતી ડાકણીઓ નાચે છે.'

દુનિયાને આરે એ ઉભી હતી. જગતની ભમ્મર જેવી કાળી કાળમીટની ભેખડ નીચે પાંપણ જેવી વેરાયેલી ખડકાવલિ વિખરાતી પડી હતી. એ ભમ્મરમાં ને એ પાંપણોમાં આજ કાળચક્ર ઘૂમતાં હતાં, જગતડૂબવતા ઘોર વમળ ઘૂમરીઓ ખાતા હતા.

આઘે ક્ષિતિજકાંઠે ઉંચી અંગુલિ જેવું કાંઇક એવે દેખાયું ને પછી વાળેલી મુઠ્ઠી દેખાઇ. પછી એ અંગુલિ બીડાઇ ગઇ ને મુઠ્ઠી યે અડધીક જાણે ઢળાઇ ગઇ.

યુવતિએ અનુભવની આંખે ફરીથી જોયું તો આભને સાગર મળતો ત્ય્હાં એક ભાગેલી નૌકાની ઝાંખી થઇ.

મહાકાળ આજ ઘૂમતો હતો. જળમાં જગતમાં ને યુવતિના જીવનમાં, આયુષ્યયાત્રામાં કોક વેળા ગાજે છે એવું, તોફાન ગાજતું. દુનિયાનાં ઘોર દર્શન તે કરતી હતી.

કાળી ભેખડને કાંઠે કાળી શિલાઓની વચ્ચે કાળાં શોકવસ્ત્રો ઓઢેલી એ યુવતિ કાળની શિલા જેવી ભાસતી.

હાથેળીનું વાછટિયું કરીને એ નિરખતી હતી. નિરખતાં–નિરખતાં તે જાગી ગઇ, ને સફાળી ઉઠી.

‘ભાગ્યું–જહાજ ભાગ્યું. ઝાડેથી પંખીઓ ઉડે એવી હોડીઓ વછૂટી. ને આ હોડલી !—ડૂબી હો ! મોજાંઓની ભેખડે ને મોજાંઓની ખીણમાં ઉછળે છે એ.’

પંખિણી જેવી એ ઉડા. સરકતી છાયા સમી કેડીના માર્ગે એ ઉતરી. માર્ગશિલાઓને કૂદતી કૂદતી કૂદકો મારી નિજ હોડકામાં તે ઝીલાતી પડી. સારસીની પાંખો જેવજેવડા બે ન્હાનકડા શઢ એણે છોડી મૂકયા.’

સાગરની સારસીએ તોફાનમાં ઝંપલાવ્યું.

૩

ઝંઝાનીલ વાય ને વડલાની ડાળીઓ વીંઝાય એથી યે કારમાં મોજાં ઉછળતાં. પ્રકૃતિ મહાકાળીનું સ્વરૂપ ધારી નાચતી હતી.

વડલાની વિટપને છેડલે કો એકાકી કળીસંપુટ હિલોળા ખાય એવી એ હોડલી હિલોળા ખાતી. ક્ષણેક મોજાંની પાંખે ચ્હડી ઉડતીઃ જાણે એ ઉગરી ગઇ. ક્ષણેક એ મોજાંઓની જળભેખડો વચ્ચેની ખીણમાં ભૂશકો મારીને પડતી, જાણે ડૂબી ગઇ. જીવનમૃત્યુ વચ્ચે એ હોડી ઝોલાં ખાતી હતી.

'જહાજમાં એકલો એક કૂવાથંભ હોય એવો હોડકામાં એક છે કોક.' શઢ ફરફરાવતી યુવતિ જતી હતી.

હોડીમાં એક જલજોધ હતો. દેખાતો ત્ય્હારે મહારથી સમી એની મુદ્રા ઝંખાતી. સહસ્ર યોદ્ધાઓ વચ્ચે પાર્થ એકલો ઉછળે એવો એ મોજાંઓમાં ઉછળતો. એને મુખમંડળે ભય ન્હોતો, વિષાદે ન્હોતો; વિરત્વ હતું. હાથ પાય ને અંગમાંથી પ્રકૃતિને જીતવાનું યોધરાજનું જોમ ધોધ શું ધમધમતું.

ચગડોળના પારણાની પેઠે એ જલવીરની હોડલી ઉછળી, ને પછી અન્ધકારના ઢગલા જેવી શિલા ઉપર પછડાતી પડી. હોડલીના ચાર કટકા થઇ ચાર દિશાઓને વધાવી, ને શિલા ઝબકોળી ધસતા પાણીપૂરમાં યોધરાજ પડ્યો. સાગરની એક છોળે એને શિલાપાટે ફગોળ્યો.

ઘોડેથી પડેલા વીર જેવો પડતાંજ એ ઉઠ્યો; ને જળઘટાની પાર જઇને દિશાઓ નિહાળતો ઉભોઃ જાણે ખડક માથે દીવાદાંડીનું શિખર! એને વદને સ્મિત ફરકતું. કાળચક્રને યે જાણે તે હસતો હતો.

એકલો, અટૂલો, જળનાં વન નિહાળતો, જલજોધ શો એ ઉભો હતો.

ક્ષણેકમાં કાંઠાની હોડલી ઉડતી આવી. યુવતિએ શણદોર નાંખ્યો. શણદોરનો છેડલો ઝાલી ચોધરાજે જળમાં ઝંપલાવ્યું. દોરનો બીજો છેડો યુવતિને હાથ હતો. ધીરે ધીરે યુવતિએ દોર ખેંચ્યો. પૂરનું વ્હેણ ઉછળ્યે યુવતિ દોર ઢીલો મૂકતી; ઉતરતો ઓસાર વહ્યે જોરથી ખેંચતી. એક ઓસારનાં ભાગ્યાં પાણીમાં ઢસડાઇ જળજોધ હોડીની નાસિકાને જઇને અથડાયો. નાકવેસર સમો હોડીનો મુખદોર ઝાલીને તે હોડીમાં ચ્હડયો.

પ્રકૃતિનેતા એ ચોધરાજ હોડીમાં જઇને મૂર્છામાં પડયો. પણ યુવતિએ એને ઓળખ્યો.

એ તો સાગરકુંડનો સંન્યાસી હતો.

૪

તે સન્ધ્યા હતી. મનના મનોરથો જેવાં સોનેરી આભલાં આભમાં રમતાં. એમની છાંયડીઓ પૃથ્વી ઉપર કૂદડી ફરતી.

વસન્તની તે સન્ધ્યા હતી.

એનો એ જ ખડક હતો. એની એ જ દીવાદાંડી જગત્‌આરે ઉભી હતી. દીવાદાંડીની છાયામાં, એ છાંયડીઓનો એક છાયાસ્થંભ રચતાં, એ બે જગત્‌આરે ઉભાં હતાં.

'જહાજ ભાગ્યું ને મ્હેં ઝંપલાવ્યું. જાણ્યું લાવ, કોઇને ય જઇને ઉગારૂં. ત્ય્હાં તો મ્હારે ઉગરવા વારો આવ્યો ! પણ સારસી ! ત્હેં ઉગાર્યો હો ! સ્ત્રી પુરૂષની તારણહાર છે.'

'હા; સારસીએ સારસને ઉગાર્યો. પાણીમાં ખડકછાટો ઢંકાયેલી હતી, ને ત્ય્હાં હોડકાનાં અંગ ભાગ્યાં. મ્હેં યે

જહાજ ન્હોતું જોયું. વાદળાંના કિલ્લા સમી ઝાંખી ઝંખાતી'તી.'

'ઉગારવા જતાં હું ડૂબતો હતો. જગતમાં એવું યે બહુ જોયું.'

'જગત એટલે અદ્‌ભુતોનો અખાડો. જગતમાં શું નથી બનતું? જોયું ને ઝંપલાવ્યું તો જીત્યા.'

'હા, તોફાનને જીત્યો ને ત્હને યે જીત્યો; ને સંસારે સંન્યાસને જીત્યો.'

'એથી યે મ્હોટું તો ત્હમે સંન્યાસની કામનાને જીત્યા.'

'આ ત્હારો યે સંન્યાસ જ છે ને! પહેલે દિવસે ત્હને જોઈ ત્યહારે મ્હને થયું કે આ તો જગતની સંન્યાસિણી! જગતને છેડે વગડામાં વસે છે; જળની ખીણોમાંથી ડૂબતાંને તારે છે. ત્હારા સંન્યાસે મ્હારા સંન્યાસને જીત્યો.'

'પણ હું તો સંસારિયણ સંન્યાસિણી. બે પાંખે ઉડું છું. પિતા ગયા ને પતિ મળ્યા. ઘડી યે અનાથ નથી રહી. સંસારિયણ સંન્યાસિણી સદાની યે છે સનાથ.'

'પૃથ્વી જેવી: પૃથ્વી સદાયની સનાથ છે.'

બે દીવાના એક પ્રકાશ સમાં દુનિયાને છેડે વિજનતાની વાડીઓમાં એ બેઠાં હતાં. દીવાદાંડીનાં એ રખેવાળ હતાં. બન્નેનું જીવનવ્રત એક હતું: દુનિયાની દીવાદાંડી.

વિરલાં હોય છે ભવસાગરનાં એવા તારા અને તારનારાં.

# ૧૬: સર્વમેધ યજ્ઞ

(૨૦ મી સદીના ગુજરાતની એક ઇતિહાસકથા.)

કઠોપનિષદમાં કથા છે કે પૂર્વે વાજશ્રવ અરુણી ઋષિના પુત્ર ઉદ્દાલક ઋષિએ સર્વમેધ યજ્ઞ આરંભ્યો હતો. ભરી ભરી કથરોટ ઠાલવે એમ ઘર ઠાલવ્યું ને પુત્ર નચિકેતાને યે યમદેવને સમર્પ્યો.

આજના ગુજરાતીઓ અને ગુજરાતણો ! વીસમી સદીમાં ગુજરાતે સર્વમેધ યજ્ઞ ઉજવાયા છે. જાણો છો ? કથા કહું ? સાંભળશો ? વૈરાગ્યની એ રસકથા હોય ભીષ્મવર્ણીઓને કાજ.

હવેલીઓ ઠલવાતી દીઠી કે સાંભળી છે ?

૨

નિર્જન વગડે સરોવરિયું લહેરિયાં લેતું હતું. પાળે પુરાણો પુરાણો વડલો, જોગી જેવો જટાની અલકલટો લહેકાવતો, ઉભો હતોઃ જાણે વનવૃક્ષોનો વનરાજ !

ફરતી ન્હાની પણ ગાઢ ઝાડી હતી. 'ઝાડી'ના સાદા નામથી રણવગડાની એ કુંજને જગત ત્ય્હારે ઓળખતું ને આજે ઓળખે છે.

' આજે દેવશયની એકાદશીઃ આજે ચાતુર્માસ બેઠો.

યાત્રાનાં આદર્યાં પરિયાણે અધૂરાં રહેશે. આ ધરતી બોલાવતી હશે. અંહી જ અડીંગા હવેઃ આ નિર્જનતાની જનતાને ખોળે.'

એ એક ખાખી હતોઃ વૈરાગ્યનાં ને ભસ્મનાં આભૂષણે શોભતો એ એક અવધૂત ખાખી હતો.

જટાધારી વડલાના થડને અઢેળીને જોગીએ ઠાકોરસેવા પધરાવી. સરોવરમાં સ્નાન કરી જળભર્યું કમંડળું ને ખાલી ખપ્પર ઠાકોરજીનાં ચરણોમાં ધર્યાં. અન્તરમાં કોક બોલતું હતું 'એ ભરાશે ને ઉભરાશે.'

'જવું હતું શહેરમાં ને વસાવ્યો વગડો. જેવા અદૃષ્ટના લેખ. આ ચાતુર્માસ તો આ વડલાની છાયામાં જ, આ સરોવરિયાની પાળે જ થશે.'

વનવેર્યાં ઈંધણાં વીણી જોગીએ ધૂણી ધખાવી, ને અગ્નિની શિખાઓ વચ્ચે અગ્નિદંડ સમો ચીપિયાનો વજ્રદંડ રોપ્યો.

એ વગડાને ખોળે જોગીના અડીંગા પડયા.

૩

ગુજરાતની ઝાડીઓ ઢોળાઈ જઇ વગડાનો સાગર પાળે ઉછાળા મારે છે, ને વગડાનાં ઝાંખરાં યે ધરતીમાં ડૂબી જઈ ધૂળઢગલા ને ખારાપાટના રણપગથારનો સમુદ્ર પથરાય છે એવા ગુજરાતને ઉત્તરઆરે એ સરોવરિયું હતું. દ્વીપ ફરતી જળરેખા દોરી હોય એવી સરોવર ફરતી ઝાડી હતી. ઝાડી ન્હાની હતી, પણ ઝુંડ ઘેરાં હતાં. ઝુંડ વચ્ચે

સિંહાસન સમો વડલો હતો. એ વડછાયામાં રમતા રામ સમા જોગી પધાર્યા, પડેલાં ઇન્ધન વીણી ધૂણી ધખાવી, વનચોકમાં ચીપિયાનો વજ્રદંડ રોપ્યો. વગડાની પાળના એ ઝુંડમાં ચાતુર્માસ ગાળવાનો જોગીએ સંકલ્પ કીધો.

જોગીને પગલે વગડામાં હવેલીઓ મંડાશે એનાં જગતને ત્ય્હારે સ્વપ્નાં યે નહોતાં.

ખાલી ઝોળી, વજ્રવર્ણો ચીપિયો, વજ્રકછોટા શો લંગોટ, ખપ્પર ને ઠાકોરજીઃ જોગીની એ રિદ્ધિસિદ્ધિ હતી. પાનાંપુસ્તક એકતારો રાવણહથ્થો માળા કે આરતી–સહુ સાધનસૂનો એ ખાખી હતો. ખાલી હાથ એના કલ્પલતા જેવા હતા, ઉઘાડી આંખો એની ભરી વાદળી જેવી ઘેરાતી. એ સૂનો જોગી જોનારને ભર્યો ભર્યો ભાસતો.

જોગીએ સ્નાન કીધું, ગોપીચન્દનની અર્ચા કીધી, બાહુએ ભાગ્યદેશે વક્ષસ્થળે તિલક કીધાં. ઠાકોરજીનું ધ્યાન ધર્યું, ચીપિયો ખડખડાવ્યો, ને જોગી ઉઠયાઃ જાણે નિશ્ચયની શિલા ઉઠી ! ધૂણાની ધૂણી વડલા નીચે સળગતી મૂકી, ખાલી ઝોળી ખભે ભરાવી, ખાખી વિજનતામાં મહાલવા ચાલ્યા.

તે દિવસે જોગી ત્રણ ગામ ફર્યા. અધૂરી ઝોળીએ જોગી મધ્યાહ્નને પાછા આવ્યા.

આવીને જોયું તો આંખડલીમાં જ્વાળા જલતી એવી ધૂણી ધખધખતી હતી. બેએક વટેમાર્ગુ તાપતા બેઠા હતા, ઇંધણાં લાવી લાવી ધૂણીને સંકોરતા હતા.

વનવગડામાંના અગ્નિના એ અગ્નિહોત્ર હતા.

એ વટેમાર્ગુઓ અજાણ્યા હતા, ને એમની ભાગ્ય-મુદ્રા ઉપર અજાણતાનાં અંબર આચ્છાદાયેલાં હતાં.

પણ જોગીને જાણ્યાં શાં ? ને અજાણ્યાં શાં ?

ત્રિકાળના અણઓળખીતા વર્તમાનની મહેમાનીએ આવ્યા હતા.

જોગીએ એમને આદર દીધા; ઠાકોરજીનાં ચરણામૃત આપ્યાં; વડલાનાં પાનની પત્રાવળ કીધી ને પીરસી; વડ-લાની કુંપળોના દ્રોણ કીધા ને જળ પાયાં. 'મ્હારે તો વ્રતની એકાદશી છે' કહી જોગી એ દિવસે અનશન રહ્યા. તડકા નમ્યે આશીર્વાદ ઉચ્ચરતા વટેમાર્ગુઓ વાટે વળ્યા.

વાટે વાટે જોગીના યશ વેરતા વટેમાર્ગુઓ વિચરતા.

રાજચંપાનો છોડ રોપાય ને ફરતી ફોરમ ફોરી ઉઠે એવી જોગીના જોગની ફોરમ પછી ફરતાં ગામોમાં ભભૂકી ઉઠી.

વર્ષો વીત્યે જોગીએ ચેલાઓ કીધા ત્ય્હારે એ બે વટેમાર્ગુઓ જોગીના પ્રથમ ચેલા હતા.

૪

પછી તો જોગી રોજ સાત-સાત ગામ ફરતા, ને ઝોળી ભરી લાવી વટેમાર્ગુને-સાધુસન્તને જમાડતા. મહિ-નામાં પંદર દહાડા તો ઝોળી એટલી ભરાતી કે જોગીથી એ ઉપડતી નહિ, ને માર્ગે ભીખારીને ને કૂતરાંને ને ઢાંદરાંને રોટલા વેરતા જોગી આવતા.

જોગીનો જોગ વખણાયો, જોગી સિદ્ધિવન્તા ગણાયા, જોગીની માનતાઓ મનાતી થઇ.

પછી તો એકદા વર્ષા વર્ષી, ને જોગી નિત્યને ગામોતરે ગયા હતા ત્યહાં પાછળ મેઘછાંટી ધૂણી હોલવાયા જેવી થઇ રહી. જોગી ભીંજવાઇને આવ્યા, શીત ચ્હડયાં, ચેતન ચેતવતી ધૂણી યે ધૂંધવાતા જેવી હતી. બે દિવસ જોગી માંદા રહ્યા. સાતે ગામના મુખીઓ જોવા આવ્યા. ભવિષ્યનાં ઝાપટાંઓમાંથી જાળવવા જોગીની ધૂણી ઉપર ઝૂંપડી છવાઈ.

માનવજાતે પહેલા મહેલ ન્હોતા બાંધ્યા, પર્ણકુટીરો બાંધી હતી.

પછી જોગીની ઝૂંપડીએ ભજનમંડળી જામવા માંડી.

પછી એકદા શિયાળો હતો ને હેમાળુ વા વાતો હતો. વ્હેલી સ્હવારે ઉઠી, ધૂણી સંકોરી, જોગી સરોવરે ન્હાવાને ગયા. પ્રભાતી પવન જોરથી ફૂંકાતો હતો. ધૂણીના તણખા ઉડયા, ન્હાનકડો દવ લાગ્યો, ઝૂંપડી સળગી ગઇ. જોગીએ આવીને જોયું તો ઝૂંપડીના દેહઅવશેષ સમો ભસ્મનો ઢગલો પડેલો હતો.

જોગીએ મનમાં કહ્યું: 'નવાં આપશે; ક્ય્હાં જશે?'

થોડેક દહાડે જોગીની ધૂણીને કાજે ઝૂંપડીને સ્થાને પાકો ઓરડો બન્ધાયો. ને ઉનાળો બેસતાં ત્ય્હાં પરબ બેઠી ને વિસામો મંડાયો. હવે તો સારો તાલુકો જોગીની પરબનાં પાણી પીતો, જોગીને વિસામે વિસામો ખાતો.

પછી ઓરડાનો બંગલો થયો; ને જોગીએ ગાયું કે

બંગલા ખૂબ બન્યા, મહારાજ !
કે વામે નારાયન બોલે.

ને પછી બંગલાની ચાર માળની જોગીની હવેલી ચણાઈ. ઝરૂખે બેસી જોગી માળા ફેરવતા, અગાસીમાં બેસી જોગી ત્રિભુવન નિરખતા.

છેવટે જોગીની હવેલી ફરતી કોટકાંગરાની રોનકદાર દુર્ગની દિવાલ ચણાઈ.

એમ વનમાં મહેલ મંડાયા.

ત્હો ય જોગીની ખાખને સોનવેલ ચ્હડી ન હતી.

અજ્ઞાન લોકસંઘ એને જોગીનાં જાદુ કહેતો. સ્ત્રીઓ કહેતી કે દાભડીમાંથી દોલત કહાડે છે. બાળકો કહેતા કે સરોવરે ન્હાતાં ન્હાતાં જોગી આસ્માનને ન્હોતરે છે. અધૂરિયાં કહેતાં કે વડના થડમાંથી ભોરીંગનું ભોંયરૂં જડયું છે. અર્ધશ્રદ્ધાળુઓ કહેતા કે પાંદડાંનો રસ પાઇ ત્રાંબાનું સોનું કરવાનો જોગી કીમિયો જાણે છે.

જોગી કને તો હતાં જોગનાં જાદુ ને પરમારથનાં ઇલ્મ.

એ મહેલાત મંડાઇ એને જોગી જીવનનો જય ન્હોતા માનતા. એમને તો જોગનો ઝુંડો ફરકાવવો હતો: એમને તો કળિયુગમાં સત્‌યુગ સ્થાપવાના અભિલાષ હતા.

વ્હેલ્લી સ્હવારે જોગી ઉઠતા, સાત ગામની શેરીઓ જોગી ફરી આવતા, છલોછલ્લ ઝોળી ભરી લાવતા, ને સરોવરપાળે વગડામાં વટેમાર્ગુઓને જમાડતા.

171

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

# પાંખડીઓ

ન્હાનાલાલ દલપતરામ કવિ

Guj. Uni. Library
191925

વિ. સં. ૧૯૮૬ ઈ. સ. ૧૯૩૦

સવા બે
કીંમત [redacted] રૂપીઆ

મ્હરોડનાં એ ચોઘડિયાંની પૂર્વે, ચન્દ્રની ચન્દની અન્ધકારને અજવાળતી હતી ત્ય્હારે, જોગી આજ ઉઠયા હતા. સરોવરજળમાં જોગીએ સ્નાન કીધું, ચન્દ્રની ચન્દનીમાં અંગ અજવાળ્યાં, વડલાની છાયામાં ધ્યાનસિંહાસને વિરાજ્યા. જીવનપન્થની વટાવેલી વર્ષોની વાટ સમાધિમાં નિહાળી ત્ય્હાં આજનો સૂર્ય આંખડીમાં આવીને ઉભો. વળી વળી અન્તર્ચક્ષુઓ સન્મુખ એ દિવસો ખડા થયા, કે જય્હારે માયાનિર્લેપ પોતે ખાખી હતા. હવેલી ન્હોતી, બંગલો ન્હોતો, પર્ણકુટીરે ન્હોતી. ત્ય્હારે ભસ્મ એમની લક્ષ્મી હતી, ગોપીચન્દન એમનું ધન હતું, ઠાકોરસેવા એમની સમૃદ્ધિ હતી, ઝાડીનું ઝુંડ જોગીનો મહેલ હતો. જગત્‌જગાડતાં ચોઘડિયાંના ઘોષથી જોગી જાગી ગયા.. સમાધિમાં દીઠાં હતાં તે ત્હેમનાં નયણાંમાં તરતાં હતાં.

જોગીને પૂર્વાશ્રમનો જોગ સાંભર્યો. લક્ષ્મીના ભાર ન્હોતા, શરીર ફૂલ જેવું હળવું રમતું, આત્મા પાંખ જેવો હળવો ઉડતોઃ એ પૂર્વાશ્રમ સાંભર્યો. જોગીને જોગનાં જોમ ચ્હડયાં.

નિર્ધાર કીધા શો પગ ઠમકારી જોગી ઉઠયા. ‘માયાની ખાલી ચ્હડી છે. આજે મેઘ વરસાવું.’

જોગીના ઉત્સાહ ને આનન્દ આજ ઓર હતા.

જોગીને ડંકે જગત જાગ્યું. ધીરે ધીરે લોકમેદનીની ભરતી ઉભરાઈ. વરસાદનાં ફોરાં જેવાં પહેલાં તો છૂટાંછવાયાં જનફોરાં વરસવા લાગ્યાં. પછી જનતાની નીકો વહી. પછી

સરિતાનાં પૂર જેવી માનવતા ધસતી આવી. પછી તો મનુ-મેદનીનો સાગર હિલોળે ચ્હડયો. ભરતી મધ્યાહ્નના જેવી ડોલતી. સરોવરની ચારે પાળોને ઘેરીને માનવજાતનાં મોજાંઓ ઉછળી રહ્યાં. ચંચુ ચંચુ ભરતાં યે રખેને સરોવરિયાનાં ભર્યાં જળ ખૂટી જાય એટલી લોકમેદની જામી હતી.

મહેલાતમાં મઢી હતી, ને એ મઢીનાં નિત્ય ઉઘાડાં દ્વાર આજ ભીડેલાં હતાં.

સૂર્ય નારાયણે જાણે જોગીનાં દર્શનને કાજ ધીરે ધીરે આભને ઝરૂખે આવી બેઠા.

પ્રથમ પહોરનો ડંકો વાગ્યો. ડંકાનો મધુરો મધુરો ગુંજારવ મધુરપની પાંખોને પીંછે ચ્હડી નભોમંડળમાં ઘૂમતો ઘૂમતો દિશાઓની વનવિટપોમાં આથમી ગયો. જગતભરમાં આજ મધુરપ મહેકતી.

અન્તે મઢીના દુર્ગદ્વારની ભોગળો ખડખડી. કાળ-મીટની ભેખડ સમા દરવાજા સંકેલાયા. પર્વતછાટના પડદાઓ ઉઘડતાં મંહીથી સાક્ષાત્ શંકરનાં દર્શન થાય એવા એ અવધૂત મઢીમાંથી નીકળી મહેલાતના દુર્ગદ્વારમાં આવી ઉભા.

જમણા હાથમાં ચીપિયો હતો; દેહે લંગોટ હતો; માથે ઠાકોરજી હતા. સ્કન્ધે ખપ્પર લટકાવેલું હતું. અંગે ખાખ ચોળેલી હતી. ડાબા હાથમાં કમળ સરિખડું કમંડળું હતું. પૂર્વાશ્રમના બાખી આજ પૂર્વજન્મે ખડા હતા. પડખે બે પાંખો સમા પટશિષ્યો હતા. વર્ષો પૂર્વેના વગડાના સંગાથી જીવનયજ્ઞને અવસરે આજ જોગીના સંગાથીઓ હતા.

મહન્તના પટશિષ્યોએ શંખ વગાડ્યો. જોગીની જમાત સચેત થઇ. સાગરની છોળ જેવી જનમેદની ડોલી ઉઠી.

દુર્ગના દરવાજા વચ્ચે ગજરાજ આવીને ઉભે એવા જોગી હવેલીના દુર્ગદ્વાર વચ્ચે ઉભા હતા. મુખડે એક મન્ત્ર જપતા હતાઃ અહાલેક ! અહાલેક !

કોઇકે વન્દન કીધાં, કોઇકે ગન્ધાક્ષત ચ્હડાવ્યા, કોઇકે પુષ્પોના અભિષેક કીધા. એકે ચરણવન્દના કીધી, જોગીએ સ્હામી ચરણવન્દના લીધી. એકે આવી આરતી ઉતારી ત્ય્હારે જોગીએ ઠાકોરસેવાને સન્મુખ ધરી.

ઠાકોરઆરતી પૂરી થયે પટશિષ્યોએ ફરી શંખ પૂર્યો. ગજરાજ સમી ગર્જના કરી પછી જોગીરાજ ગાજી ઉઠયાઃ

'આવો ને ઉદ્ધારોઃ મ્હને લૂંટો. સન્તજન ! હરિજન ! આવો, જોગીનાં ન્હોતરાં છે. આવો, ને મૂકાવો માયાપાશથી. સહુનું છે ને સહુ લેઇ જાઓ. શું લઇને આવ્યો'તો જગતમાં ? ને શું લઇને જગતમાંથી જશે જીવ ? લૂંટી જાવ, જોગીની સારી યે સાહ્યબી લૂંટી જાવ, ઠાકોરજીની મહેલાત લૂંટી જાવ. જેને જે જોઇએ તે ત્હેનું છે. બ્રહ્માર્પણ ! સર્વ બ્રહ્માર્પણ ! બ્રહ્માંડવાસીઓ ! ત્હમે બ્રહ્મપુત્રો છો. બધું ત્હમારા બાપનું છેઃ બધાનાં ત્હમે વારસ છો. આવો, લૂંટો, ને લ્યો. સર્વસ્વ બ્રહ્મસમર્પણ હો !'

જોગીનો જોગ જનમેદનીમાં ગાજી રહ્યો.

**ब्रह्मार्पणं ब्रह्महवि ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्,**
**ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना.**

ગીતાજીનો શ્લોક ભણતા ભણતા જોગી દુર્ગદ્વારમાંથી નીકળ્યાઃ જાણે જોગીએ સૂર્ય સમીપે પગલાં ભર્યાં! આકાશફેડતી જમાતે ગર્જના કીધીઃ અહાલેક!

પા સદી પૂર્વે વ્રતની એકાદશીને પર્વે એકાકી આવ્યા હતા ને જે વડલાછાયે વિરાજ્યા હતા ત્યહાં સરોવરપાળે જઈને જોગી વિરાજ્યા. વડના થડની સમીપે ઠાકોરસેવા માંડી; વડના ચોકમાં ચીપિયાનો વજ્રદંડ રોપ્યો; ઇંધણાં વીણી લાવી ધૂણી ધખાવી. કમંડળું ભરી લાવી ઠાકોરસેવામાં ધર્યું, ખાલી ખપ્પરમાં ક્ષણેક નિહાળી રહ્યા.

એ એક ક્ષણમાં પચ્ચીસ વર્ષો ભૂંસાઈ ગયાં, એ એક ક્ષણમાં પા સદીનો પૂલ ઓળંગી આત્મા પૂર્વાશ્રમને આરે ઉભો.

ભર્યાભર્યા મેઘના જેવું ગંભીર જોગીને મુખડે હાસ્ય હતું. વરસતા સૂર્યની ધારાઓ જેવાં જોગીને મુખડેથી કિરણો વરસતાં.

ન્હેણે જનતાનું પૂર, ભરતીનાં મોજાંની પેઠે, દુર્ગદ્વારમાં પેઠું. લક્ષ્મીપૂત્રો યે જોગીની મઢી લૂંટવાને આવ્યા હતાઃ કારણ કે યત્કિંચિતે લીધે તે પુણ્યસ્મરણ તરીકે કુલધામે દેવપૂજામાં પધરાવવાનું હતું. વરઘોડામાં વાડી લૂંટાય છે એમ ઘડીકમાં જોગીની મહેલાત લૂંટાઈ ગઈ, સમૃદ્ધિસૂની થઈ રહી.

એમ જોગીના માયાના અંચળ ઉતર્યા.

જોગીઓ જ લૂંટાવે જોગીની મહેલાતોને.

એ જોગીએ ઝાડીની જાયગા લૂંટાવી દીધીઃ જીવનની ત્રણ ઋતુઓની પેઠે ત્રણ ત્રણ વેળા લૂંટાવી દીધી. ને કલિમાં ઉપનિષદ્યુગ પ્રવર્તાવ્યો.

તે દિવસે જોગીએ નિજ જોગનાં પારખાં લીધાં.

તે દિવસે જનતાએ દિગન્ત ગજાવી જાહેર કીધું કે ભારતવર્ષમાં આજે યે ઉપનિષદ્કાળ સજીવન છે.

૬

સર્વમેધ યજ્ઞ એટલે લોકયજ્ઞમાં સર્વસ્વની આહૂતિ.

ખરેખર ! જગત જોગીની ઝાડી જેવું છે. ઘણાખરા લૂંટે છે, વિરલાઓ લૂંટાવે છે.

# પૂરવણી: ગુજરાતણ

( આ શબ્દચિત્ર છે, ને ચિત્રદર્શનોની નવી આવૃત્તિ થશે ત્યહારે ત્હેમાં છપાશે. દરમિયાન જિજ્ઞાસુઓને માટે માસિકનાં પાનાંઓમાંથી લઇને પુસ્તકનાં પાનાંઓમાં મૂકેલ છે. )

⚜ ⚜

ભૂપ ! મ્હેં દીઠી ગર્વઘેલડી;
સખી બે મધ્ય ઉભી અલબેલડી;
કદળીસ્થંભ જુગલ સાહેલડી;
વચ્ચે વૈદર્ભી કનકની વેલડી.

પ્રેમાનન્દ.

૨

આગળ મોરલો દોડતો ને પાછળ હું દોડતો. મોરને મ્હારે પકડવો યે ન્હોતો, ને મોર મ્હારાથી પકડાય એમે ન્હોતો. ત્હો યે મોર દોડતો ત્હેની પાછળ પાછળ હું દોડતો. શા માટે દોડતો તે મ્હને પણ ખબર ન હતી.

કોઇક કોયલને ચ્હીડવે છેઃ શા માટે ? કંઇક અણ- લક્ષ્યા રમતિયાળ ભાવે એમ પજવવાને ખાતર મોરને હું પજવતો હતો.

ઇન્દ્રવેલના ગૂથ્યા પંખા શી પાંખો ફડફડાવતો મોરલો દોડતો. મોરફૂલની ખીલેલી પાંખડીઓ શી એની કલગી વાયુલહરીમાં ફરફરતી. એનો દોડતાં બીડેલો પીંછકલાપ પાછળ ક્ષણેક રંગોનું ઝરણું પાડતો. એ રંગઝરણાંને જાણે લોપવતો લોપવતો હું પાછળ દોડતો.

ન્હાનકડા વિમાન શો, આખરે, મોરલો ઉડી આંબા-ડાળે બેઠો, ને મ્હને ઊંડી કુંજઘટાની વચ્ચે મૂકયો.

ફરતી વનરાજીની અલકલટો ઉડતી.

૩

એ એક આંબાવાડિયું હતું, ને દૃષ્ટિ પહોચે એટલે દૂર પથરાએલું હતું.

અબરખ જેવાં ઘેરાં આભલાંના થર ઉપર થર મંડાય ને એ આભલાંનો સાતપૂડો ક્ષિતિજને કિનારે શિખરબન્ધી ધાર જેવો શોભીતો ઢળી રહે એવી આંબાવાડિયાની નીલ-વર્ણી ધાર આભને પાલવડે ભાત પાડીને પથરાયેલી ગામ-કાંઠેથી દેખાતી.

ગુજરાતમાં હિમાલય નથી કે ગંગા યે નથી; ગુજ-રાતમાં વિસૂવિયસ નથી કે નાયગરા યે નથી: ગુજરાતમાં ઘણું ઘણું નથી. પણ ગુજરાતમાં છે ત્હેનાં મૂલ કેટકેટ-લાંએ મૂલવ્યાં છે? ગુજરાતમાં કદળીનાં વન છે, વડલાની કુંજો છે; વલ્લરીના માંડવા છે, આંબાનાં આંબાવાડિયાં છે. એ કુંજોમાં ને અમરાઈઓમાં હેલિયાં ખાતાં, આભલાં શાં, મીઠાં જલનાં સરોવરો છે.

લીલી ને ભીની ગુજરાતમાં કુંજો ને નિકુંજો છે. સારો ગુજરાત એક વિશાળ આંબાવાડિયું છે.

ન્હાની ડુંગરીઓ શી સાહેલીઓ ટોળે મળી ગરબે રમવા માંડતી હોય એવી એ અમરાઈ ઘેરગંભીર ઉભી હતી.

એની લીલી ઘટાઓ ઘરચોળાંની ભાતે ભાતીગર હતી. નવા મ્હોરના રૂપેરી વેલબુટ્ટા હરિયાળા પોત ઉપર અજબ સોહાગ ખીલવતા.

એવી ઘરચોળાની સાડી ઓઢીને પ્રકૃતિ સુન્દરી ઉભી હતી.

૪

ને એ તો આંબાવાડિયાની અધિદેવતા હતી.

મ્હને એકલવાયો મૂકી મોરલો ઉડી આંબાડાળે બેઠો, કેકારવની કવિતા ગાવા લાગ્યો, ને વનઘટાઓમાં ઘેરી મધુરતાની ધારાઓ ઉછાળવા મંડયો ત્ય્હારે બીડેલા મોરકલાપના રત્નસ્થંભ સરિખડી તે મ્હારી દષ્ટિ ભરીને ઉભી.

ઇન્દ્રધનુષ્યમાંથી કોરેલી સાક્ષાત્ મૂર્તિ ત્હમે જોઇ છે ? કલ્પી શકો તો છો ને ? એ સૌન્દર્યમૂર્તિની આ છબિ હતી.

એ એકલી ન હતી. સહિયરોનો એમનો હિંડોળો હતો. મહાકવિ પ્રેમાનન્દ એ રૂપહિન્ડોળને વર્ણવી ગયા છે.

વનની પલ્લવઓઢણી સમી એની ભાતીગર ઓઢણી એના અંગને આચ્છાદતી ને ઉઘાડતી. ફરતા ફૂલછોડની વચ્ચે કદળી ફરતાં કદળીનાં ઝૂલન્તાં પાન ફૂલડાંઓમાં ઢળી રહે એવો એનો નવરંગ વેલબુટ્ટીની કિનારીનો ચણિયો ઢળતો. એને ભાગ્યદેશે કુંકુમની બિન્દી શશિયરમાં શશાંક સમી શોભતી. અંગોને ઝીલતી કેસરવર્ણી ચોળી, સૂર્યચન્દ્રને ઝીલતી પૂર્ણિમાના સાયંકાળની સોનેરી વાદળી શી, તગતગતી.

રસજગતની તે અધિષ્ઠાત્રી હતી.

સૌન્દર્યનું જાણે તે ફૂલ હતી; ને ફૂલમાંથી પરાગ ઉડે એમ એના અંગમાંથી સૌન્દર્યના પરિમળ ઉડીઉડીને વાતાવરણને મહેકાવી મૂકતા. વિધાત્રીનાં કિરણો સમાં એનાં સૌન્દર્યનાં કિરણો એ આંબાવાડિયાનાં જાણે સૌન્દર્યના પ્રારબ્ધવિધાતા હતા. **પુષ્ણામિ ચૌષધિઃ સર્વાં સોમો ભૂત્વા રસાત્મકઃ;** પ્રભુની રસચન્દ્રિકાનો જાણે એ ચન્દ્રાવતાર હતી, ને ગીતાઋચા પ્રત્યક્ષ કરતી તે રસાત્મિકા સૌન્દર્યમૂર્તિ આંબાવાડિયાની ઓષધિઓને પોષતી.

દુર્ગની દિવાલો ઉલંઘીને રાજવીના રાજમહેલના ગોખ ઝરૂખા ને અટારીઓનાં ઝૂમખાં ઝૂકી રહે એવી એનાં અંબરમાંથી અંગની અટારીઓ ઝઝૂમી રહેતી.

એની સેંથીના જ્યોતિર્માર્ગમાંથી ડાબે ને જમણે પડખે સાળુની સોનવેલ ઢોળાતી. એના બાહુદેશે ચોળીનાં રૂપેરી મ્હોળિયાં અંગરંગમાં ઢળી જતાં. ઝૂલન્તી ઝાડીમાંથી સરોવરજળ દેખાય દેખાય ને ન દેખાય એમ એના ઉડતા પાલવછેડલામાંથી અનંગવર્ણું અંગમંડળ દેખાતું દેખાતું ને ઢંકાતું. ચંપેરી ચોળીમાંનો રેશમભર્યો ધૂપેલિયા મોર ચંપાપાંખડીએ ભ્રમર બેઠાની ઘડીક તો ભ્રાન્તિ જગાડતો.

સોનવેલની કોર બાંધી સૂર્યપ્રકાશ ઢોળાઇ રહે ને તેજછાયાની ભાત મેઘાડંબરે મંડાય એવી ચોરસાના ઓઢણાની મંથાવટી એના કેશપટલ ઉપર પડતી. વાદળીલટકતા શિખર સરિખડો પાછળ અંબરઢાંકયો અંબોડલો ઉપસતો.

ઢોળાતી વાદળછાયાને આરે વીજળીની ઝીણી-ઝીણેરી રેખા પલપલે એવી એના ચરણનાં ચીરની કિનારીના ઢોળાતા પડછાયાઓમાંથી એક આંગળથી યે અડધેરીક પાનીરેખા ચમકતી.

પાંદડાંમાં પાદડાં, ને એ પાંદડાંઓના ગાઢગૂંથ્યાં પડોમાં ઢંકાયેલું શિવમન્દિર તારલિયાનાં ઝૂમખાં જેવું તરવરતું ઉભું હોય એમ એનો સૌન્દર્યમન્દિર દેહ ચરણ ચીર ને ચોળીની પલ્લવઘટાઓમાંથી ઢંકાયેલો તરવરતો.

નીચી આંબાડાળેથી ધરતી પર ઢળતા મયૂરના પર્ણ-કલાપ સમો એના દેહનો રત્નસ્થંભ આંખડલી ભરીને ઉભો.

મ્હારી સન્મુખ સૌન્દર્યનો જાણે ફૂવારો ઉડતો હતો.

૫

એના અંગે ફૂલની સાદાઈ હતી. ફૂલડાંના દેવરંગો એનાં અવયવે ને આભરણે રમતા.

સૌન્દર્ય આભૂષણોમાં નથી, હીરામોતીમાં નથી; પણ, શબ્દોમાંથી નિર્વહતા અર્થની પેઠે, અંગોમાંથી નિર્વહતા અર્થસંદર્ભના ઉછળતા રસફૂવારાઓમાં સૌન્દર્ય છે એ પરમ સત્યની તે ઋચા અને પ્રતીતિ હતી.

ઝીણેરા ગુલાબના ઝીણકા પાંદડીખંડ સમા એના અંગુલિઅગ્ર મોરલાનાં ધણને દાણા નીરી ચારતા હતા.

હાથે સોનાનાં મંગળવલય હતાં. કાને સોનાનાં કર્ણ-ફૂલ હતાં. ફૂલછોડે શોભતા બેચારેક ફૂલડાં સમાં આછાં આભૂષણે એનો દેહછોડ દીપતો.

ફૂલછોડે ફૂલેલાં ફૂલ ફૂલછોડનાં જ પ્રફુલ્લેલાં પ્રાણ-તત્ત્વ છે એમ એનાં આછેરાં આભૂષણ એનાં સૌન્દર્ય-તત્ત્વનાં પ્રફુલ્લેલાં ફૂલડાં સમાં દીસતાં.

ખરૂં પૂછો તો શણગારને તે સુન્દરી શોભાવતી હતી.

૬

લજામણીની પાંદડીઓ સમાં એનાં પોપચાં પડતાં ને ઉપડતાં. પણ એ પાંદડીઓમાંથી કવ્હારેક કટારો ઉછળતી.

પુણ્યના પ્રકાશ એની સારી યે દેહદ્દેહરીમાંથી પ્રગટતા. ચન્દ્રદર્શને ચન્દ્ર કે ચન્દ્રિકા પ્રત્યે કો નરાધમને જ દુર્ભાવના થાય છે તેમ ત્હેના દેહચન્દ્રની કે દેહચન્દ્રિકાની કોક નરાધમને જ દુર્ભાવના થતી. રાવણ સમા કો રાક્ષસને એની દુર્વાસના જન્મતીઃ દેવો તો એને પૂજ્યભાવે વન્દન વન્દતા.

જગદંબાની એ બાલિકા સન્મુખે ઘણાખરાની અન્તરની મલીનતા ઉપટી જતી.

પોયણાં શી આંખડીઓ પ્રફુલ્લતી, પણ એમાંનું કોક કોક કિરણ તો ખડ્ગને ઝબકારે ઝળહળતું.

ગુજરાતની ધ્રુવદિશા ને સૂર્યદિશા રક્ષન્તી સિંહવાહિનીની એ વીર કુમારિકા હતી.

૭

આંખ દર્શનમુગ્ધ હતી, પણ ઉર ઉડતું હતું. મ્હારા અન્તરમાંથી કોક પેલાં કાવ્યચરણો ગુંજી ઉઠયું. કવિતાની એ રસરેખાઓમાં ગુર્જરસુન્દરીની ચિત્રરેખાઓ છે.

ચોળી, ચણિયો, પાટલીનો ઘેર,
સેંથલે સાળુની સોનલ સેર;
છેડલે આચ્છાદી ઉરભાવ,
લલિત લજ્જાનો વદન જમાવ;
અંગ આખે યે નિજ અલબેલ
સાળુમાં ઢાંકતી રૂપની વેલ:
રાણુકતનયા, ભાવશોભના,
સુન્દરતાનો શું છોડ !
આર્યસુન્દરી ! નથી અવનીમાં
તુજ રૂપગુણની જોડ:
ભાલ કુંકુમ, કર કંકણ સાર,
કન્થના સજ્યા સોળ શણગાર.

અણદીઠ પરિમળથી દેવમન્દિર ભરાઇ રહે એમ એના સૌન્દર્યપરિમલથી એ આંબાવાડિયું ઉભરાઇ રહ્યું હતું.

૮

વેદી ઉપરથી ધૂપનાં વાદળ ઉડે એમ એની દેહવેદી ઉપરથી રૂપનાં વાદળ ઉડતાં.

કુંજો વચ્ચે કુંજોની અધિષ્ઠાત્રી સમી તે ઉભી હતી. આંબાઓ વચ્ચે અમરાઇના રસ નિતારી ઘડેલી રસમૂર્તિ સમી તે ઝૂલતી.

ગુર્જરભૂમિની ભાગ્યવિધાત્રી સમી તે ભાસતી.

ફરતી કુંજો ભરીને એની સહિયરો રમતી. આંબાવાડિયાની એકૂકે કુંજ એની સહિયરવિહોણી નહોતી.

આકાશભરમાં ચન્દ્રમા કિરણો ફેંકે છે એમ પલ્લવ-ઘટાઓ ભરીભરીને એ અમૃતકિરણો ફેંકતી. ઉડતી એ કિરણાવલિથી આંબાવાડિયું રસવન્તું ને શોભાવન્તું થતું.

ફૂલમાંથી ફોરમની પેઠે, ચન્દ્રમાંથી ચન્દ્રિકાની પેઠે, એના અંગઅંગમાંથી કંઇ કંઇ રસધ્વનિના ધૂપ વાતાવરણમાં ઉડતા.

જગતના કો અજબ સૌન્દર્યપુષ્પ સમી ગુર્જરી કુંજની એ ગુજરાતણ હતી.

એનું એક્કે યે અંગ ઉઘાડું ન હતું. કવિતા સમી તે સર્વાંગે ઢાંકેલી હતી. પણ આભલાં સરિખડાં એનાં અંગનાં આછેરાં આચ્છાદનો અનુપમ કાવ્યો ઉચ્ચરતાં.

ધ્વનિકાવ્યની તે મૂર્તિ હતી; ને એ સૌન્દર્યમૂર્તિમાંથી કંઇ કંઇ ગહરા રસધ્વનિઓ ઉછળતા.

૯

ગુજરાતણ એટલે સૌન્દર્યનું ધ્વનિકાવ્ય. ગુજરાતણ એટલે આર્યકવિતાની પરમ રસમૂર્તિ.

ગુજરાતણ એટલે ગુર્જર કુંજોની પ્રેરણા.

અંગમાંથી રસનું ઝરણું નિર્ઝરતું હોય એવી એના સાળુની કોર એને માથેથી ઉતરતી, દેહદેશે ઢળાતી, ને પગલાંમાં પડતી.

ગુજરાતણ એટલે મીરાંનો ટહુકારઃ ગિરનારછાયાની પેઠે પૃથ્વી વીંધી પડતો રાણકનો પડછાયોઃ પાંચ હજાર

વર્ષ પૂર્વે સાગરપાળેથી વગાડેલી કૃષ્ણબંસીના બોલનો અધુરો-મધુરો રસબોલ.

હું તો વન્દન વન્દી રહ્યો ને દર્શનમુગ્ધ સૌન્દર્ય-સમાધિમાં પડ્યો.

૧૦

પછી પેલો મોરલો ટહુક્યો ને હું જાગી ગયો.

જાગીને જોયું તો આઘે ને આઘે તે જતી હતી, ઓછી ને ઓછી તે થતી હતી. આંબાવાડિયું ઓસરી જતું ને કુંજો આથમતી ને ધરતીમાં ઢળી જતી ત્ય્હાં તે યે ધીરે ધીરે દૃષ્ટિપથમાંથી આથમતી હતી. પાછળ એના પડછાયા રમતા.

સૃષ્ટિમાં સૌન્દર્ય છે ત્ય્હાં સૂધી ગુજરાતણ છે.

## ભૂલોનું શુદ્ધિપત્રક

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૭ | ૬ | Vireless | Wireless |
| ૫૬ | ૮ | હોય | હોઉં |
| ૬૨ | ૧૮ | ભસાઇ | ભરાઇ |
| ૯૯ | ૧૪ | પૃથ્વી | ચન્દ્ર |
| ૧૦૫ | | ધમધમ | ધમધમ |
| ૧૩૬ | | ચિના | ચિતાને |

Guj. Uni. Library
191925